અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૫ ફેબ્રુઆરી ૨૦૨૫, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦

વિક્રમ સંવત ૨૦૮૧, મહા સુદ ૮ | અંક : ૨૧૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## પાંચ-પાંચ દાયકા સુધી માત્ર ગરીબી હટાવોના નારા સાંભળ્યા, અમે ખોટા નારા નથી આપ્યા : વડાપ્રધાન મોદી

### પોલીસે આ પાછળ રાજકીય ષડયંત્ર હોવાના આક્ષેપો પણ કર્યા હતા મળતી માહિતી મુજબ વિદ્યાર્થીઓ દ્વારા નબન્નાના વિરોધ દરમિયાન બેરિકેડ તોડી નાખ્યા હતો

। (એજન્સી) નવીદિલ્હી, તા.૪ ।

ગૃહમાં આજે બજેટ સત્રનો ચોથો દિવસ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે (૪ ફેબ્રુઆરી, ૨૦૨૫) લોકસભાની કાર્યવાહીમાં સામેલ થયા. આ દરમિયાન ભાજપ અને દ્ગઢછના સાંસદોએ મોદી-મોદીના નારાથી વડાપ્રધાન મોદીનું સ્વાગત કર્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર ચર્ચાનો જવાબ આપી રહ્યા છે. જણાવી દઈએ કે, વડાપ્રધાન મોદી ગુરુવારે રાજ્યસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર જવાબ આપશે. સોમવારે રાષ્ટ્રપતિના અભિભાષણ પર ચર્ચાની શરૂઆત થઈ હતી. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, કેટલાક નેતાઓનું ધ્યાન તેમના ઘરના સ્ટાઈલિશ બાથરૂમ પર છે. અમારું ધ્યાન દરેક ઘરને નળનું પાણી પૂરું પાડવા પર છે. ૧૨ કરોડ લોકોને નળ દ્વારા પાણી પૂરું પાડ્યું. અમારું ધ્યાન ગરીબો માટે ઘરો બનાવવા પર છે. જે લોકો ગરીબોની ઝૂંપડીઓમાં ફોટો સેશન કરાવે છે, તેમને ગરીબોની વાત કંટાળાજનક લાગશે. સમસ્યાને ઓળખીને છૂટી શકતાં નથી, તેને અવગણી શકાતી નથી. સમસ્યાનો ઉકેલ લાવવો પણ જરુરી છે. અમારો પ્રયાસ સમસ્યાનો ઉકેલ લાવવાનો છે અને અમે સમર્પણ સાથે પ્રયાસ કરીએ છીએ. વડાપ્રધાને આગળ વાત કરતાં કહ્યું કે, 'આપણા દેશમાં એક વખત વડાપ્રધાન હતા, તેમને મિસ્ટર ક્લીન કહેવાની ફેશન બની ગઈ હતી. તેમણે એક સમસ્યા ઓળખી કાઢી હતી અને કહ્યું હતું કે, જ્યારે દિલ્હીમાંથી એક રૂપિયો નીકળે છે, ત્યારે ગામડાઓમાં ફક્ત ૧૫ પૈસા જ પહોંચે છે. એ સમયે તો સંસદમાં માત્ર એક જ પક્ષનું રાજ હતું. તેમણે આ વાત જાહેરમાં કહી હતી.

### દેશે અમને તક આપી, અમે સમાધાન શોધવાનો પ્રયાસ કર્યો



જનતાના પૈસા, જનતા માટે. અમે જન ધન, આધારે કામ કર્યું અને DBT દ્વારા આપવાનું શરૂ કર્યું અને અમારા કાર્યકાળ દરમિયાન ૪૦ કરોડ રૂપિયા સીધા જનતાના ખાતામાં જમા કરવામાં આવ્યા. દેશનું દુર્ભાગ્ય જુઓ, સરકાર કેવી રીતે અને કોના માટે ચલાવવામાં આવી હતી. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'આપણે ૨૦૨૫માં છીએ અને ૨૧મી સદીનો એક ચતુર્થાંશ ભાગ વીતી ચૂક્યો છે. સમય નક્કી કરશે કે તેમાં શું થયું, કેવી રીતે થયું. જો આપણે રાષ્ટ્રપતિના સંબોધનને ઊંડાણથી સમજીએ તો એ સ્પષ્ટ નજરે આવે છે કે નવો વિશ્વાસ જગાવનારું અને જનસામાન્યથી પ્રેરિત કરનારું છે.' વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'અમારી સરકારે નારા ન આપ્યા, ગરીબોની સાચી સેવા કરી. પાંચ-પાંચ દાયકા સુધી ખોટા નારા આપવામાં આવ્યા. તેને સમજવા માટે જુસ્સો જોઈએ. મોદીને ખુબ દુઃખ સાથે કહેવું પડે છે કે કેટલાક લોકો પાસે તે છે જ નહીં.'

### આમ આદમી પાર્ટી, ભાજપ અને કોંગ્રેસ વચ્ચે દિલ્હીના સિંહાસન માટે લડાઈ

## દિલ્હીમાં વિધાનસભા ચૂંટણીના પ્રચારના પડઘમ શાંત થયાં : આજે મતદાન

। (એજન્સી) નવીદિલ્હી, તા.૪ ।

૫ ફેબ્રુઆરીના રોજ યોજાનારી દિલ્હી વિધાનસભાની ૭૦ બેઠકોની ચૂંટણી માટે અત્યાર સુધી થઈ રહેલા હાઈ-વોલેટેજ પ્રચારના પડઘમ સોમવારે સાંજે ૫ વાગ્યે શાંત થઈ ગયા હતા. આ ચૂંટણીમાં કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને ભાજપ જેવા ત્રણ મોટા રાજકીય પક્ષો હવે પોતાના મતદારોને રીઝવવા રોડ-શો, બાઈક રેલી, ગ્રુપ મિટિંગ, નાની નાની સભાઓ અને પદયાત્રાઓનો સહારો લેશે. પ્રચારના છેલ્લા દિવસે ભાજપે સમગ્ર દિલ્હીમાં ૨૨ જુદા જુદા સ્થળોએ રોડ-શો અને રેલી યોજવાનું નક્કી કર્યુ હતું, જે પૂરવાર કરે છે કે ભાજપ ૨૫ વર્ષ બાદ દિલ્હીની સત્તા ફરી પાછી મેળવવા એડીચોટીનું જોર લગાવી રહ્યો છે. બીજી બાજુ આમ આદમી પાર્ટીએ દિલ્હીમાં ત્રીજી વાર સત્તાના સૂત્રો સંભાળી લેવાનો દૃઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આમ આદમી પાર્ટીએ પોતાના પ્રચાર દરમ્યાન પોતાના શાસન દરમ્યાન વિના મૂલ્યે શરૂ કરાયેલી વિવિધ લોક કલ્યાણની યોજનાઓનો જોરશોરથી પ્રચાર કર્યો હતો.૨૦૧૩ સુધી સતત ૧૫ વર્ષ શાસન કરનાર કોંગ્રેસ પોતાનો ખોવાઈ ગયેલો જનાધાર પાછો મેળવવા હવાતીયા મારી રહી છે, કેમ કે દિલ્હી વિધાનસભાની છેલ્લી બે ચૂંટણીમાં તેનો એક પણ ઉમેદવાર ધારાસભ્ય તરીકે ચૂંટાયો નહોતો. આ ચૂંટણી પ્રચાર દરમ્યાન મોટા ત્રણ પક્ષોએ એકબીજાની ટીકા કરવા અને દોષારોપણ કરવા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી તૈયાર કરેલાં નકલી મીમ્સ, નકલી વીડિયો, નકલી ભાષણો, એક રાજકીય નેતાને શોભે નહીં એવા ભાષણો અને ઉચ્ચારણો, અને ભારે ચકાચૌંધ વાળા રોડ શોનું આયોજન કરાયું હતું જે પૂરવાર કરે છે કે આ પક્ષોએ દિલ્હીની સત્તા હાંસલ કરવા પોતાની પાસે ઉપલબ્ધ તમામ સંસાધનોનો ભરપુર ઉપયોગ કર્યો હતો.ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલી આચાર સંહિતામાં આદેશ કરાયો હતો કે વિધાનસભાનું મતદાન પૂરું થાય તેના ૪૮ કલાક પહેલાં તમામ પક્ષોએ જાહેરસભાઓ, ચૂંટણી સંબંધિત કાર્યક્રમો અ ચૂંટણીનો પ્રચાર સ્થગિત કરી દેવાનો રહેશે.આ ચૂંટણી પ્રચાર દરમ્યાન આમ આદમી પાર્ટીએ ભાજપને ભારતીય જૂઠ પાર્ટી અને ગાલી ગલોચ પાર્ટી તરીકે નવાજી હતી.

### ન્યૂઝ બ્રિફ

#### CM આતિશી અને ભાજપના નેતાના પુત્ર સામે FIR

। (એજન્સી) નવીદિલ્હી, તા.૪ ।

દિલ્હીમાં વિધાનસભા ચૂંટણીનો પ્રચાર સમાપ્ત થઈ ગયો છે. પરંતુ નેતાઓ અને કાર્યકરો ઘરે બેસવા તૈયાર નથી. આખી રાત દિલ્હીમાં ઘણી જગ્યાએ ધમાલ મચી હતી. મુખ્યમંત્રી આતિશીના બેઠક કાલકાજીમાં સૌથી વધુ હંગામો થયો હતો. પોલીસે ગોવિંદપુરી સ્ટેશન પર મુખ્યમંત્રી આતિશી, તેના સમર્થકો અને રમેશ બિધુરીના પુત્ર વિરુદ્ધ FIR નોંધી છે.

#### ભયાનક ટ્રેન અકસ્માત! સામેથી માલગાડી સાથે ટ્રેન અથડાઈ

। (એજન્સી) લખનૌ, તા.૪ ।

ઉત્તર પ્રદેશના ફતેહપુરમાં આજે એક ભયંકર ટ્રેન અકસ્માત થયો, પરંતુ સદનસીબે આ અકસ્માતમાં કોઈનો જીવ ગયો નથી. રેડ સિગ્નલ પર ઉભેલી માલગાડીને સામેથી બીજી માલગાડીએ ટક્કર મારી. ટક્કર થતાં જ ટ્રેનનું એન્જિન પાટા પરથી ઉતરી ગયું અને ઝાડીઓમાં પડી ગયું. આ અકસ્માતમાં બંને ટ્રેનના લોકો પાયલોટ ગંભીર રીતે ઘાયલ થયા હતા. લોકોની મદદથી તેમને બચાવી લેવામાં આવ્યા હતા.

## ૮ વર્ષ પછી પાકિસ્તાનથી ૪૦૦ હિન્દુઓના અસ્થિ પહોંચ્યા ભારત

### મહાકુંભ યોગ દરમિયાન ભારત સરકારે આ અસ્થીઓને ભારત લાવવા માટે વિઝા આપ્યા હતા

। (એજન્સી) નવીદિલ્હી, તા.૪ ।

પાકિસ્તાનના કરાચીમાં જૂના ગોલીમાર સ્મશાનગૃહમાં ૪૦૦ હિન્દુ મૃતકોની રાખ વર્ષોથી વિસર્જનની રાહ જોઈ રહી હતી. ધાર્મિક માન્યતાઓ અનુસાર, હિન્દુ પરિવારો તેમના પ્રિયજનોની રાખને ગંગામાં વિસર્જન કરવા માંગતા હતા, પરંતુ વિઝાની મુશ્કેલીઓને કારણે તે શક્ય બન્યું ન હતું. સોમવારે (૩ ફેબ્રુઆરી), આ રાખ આખરે પંજાબના અમૃતસરમાં વાઘા-અટારી બોર્ડર દ્વારા ભારત પહોંચી. આ સમગ્ર પ્રક્રિયામાં શ્રી પંચમુખી હનુમાન મંદિર સમિતિ અને સામાજિક કાર્યકરોએ મહત્વની ભૂમિકા ભજવી હતી. મહાકુંભ યોગ દરમિયાન ભારત સરકારે આ અસ્થીઓને ભારત લાવવા માટે વિઝા આપ્યા હતા. આ ધાર્મિક વિધિમાં મોટી સંખ્યામાં ભક્તોએ ભાગ



લીધો હતો અને વિધિવત રીતે અંતિમ વિદાય આપી હતી. આ પહેલીવાર નથી કે જ્યારે પાકિસ્તાનથી હિંદુઓની રાખ ભારતમાં મોકલવામાં આવી હોય, પરંતુ આ વખતે આંકડો સૌથી વધુ છે.પાકિસ્તાનમાં રહેતા લોકો વર્ષોથી આ દિવસની રાહ જોઈ રહ્યા હતા. જો ભારત સરકાર તરફથી પરવાનગી ન મળી હોત તો આ લોકોને સિંધુ નદીમાં ભસ્મ વિસર્જન કરવાની ફરજ પડી હોત, હિંદુ ધર્મમાં ગંગાને મોક્ષદાતા માનવામાં આવે છે, તેથી પાકિસ્તાની હિંદુઓની પ્રાથમિકતા હરિદ્વાર હતી. પાકિસ્તાની હિંદુઓએ મહાકુંભ જેવા પવિત્ર સમયમાં અસ્થિ વિસર્જનની તક મળતાં ખુશી વ્યક્ત કરી છે. શ્રી પંચમુખી હનુમાન મંદિર સમિતિના પ્રમુખ શ્રી રામ નાથ મિશ્રા મહારાજ ૪૦૦ અસ્થિઓ સાથે ભારત પહોંચ્યા. અગાઉ ૨૦૧૧માં ૧૩૫ અને ૨૦૧૬માં ૧૬૦ અસ્થીઓ હરિદ્વાર મોકલવામાં આવી હતી, પરંતુ આ વખતે આ સંખ્યા ઘણી વધારે છે. મિશ્ર મહારાજે મીડિયાને જણાવ્યું કે, રાખને પરંપરાગત માટીના વાસણોની જગ્યાએ સફેદ પ્લાસ્ટિકના બરણીમાં રાખવામાં આવી છે, જેથી તે યાત્રા દરમિયાન સુરક્ષિત રહી શકે. વાઘા બોર્ડર પર હિંદુ સંગઠનો અને પરિવારોએ આ અસ્થિઓનું સ્વાગત કર્યું હતું.

### સંસદના બજેટ સત્રનો આજે ચોથો દિવસ

## રાષ્ટ્રપતિના સંબોધન પર આજે પણ લોકસભા અને રાજ્યસભામાં ચર્ચા થશે

। (એજન્સી) નવીદિલ્હી, તા.૪ ।

સંસદના બજેટ સત્રનો આજે ચોથો દિવસ છે. રાષ્ટ્રપતિના સંબોધન પર આજે પણ લોકસભા અને રાજ્યસભામાં ચર્ચા થશે. આજે પણ પ્રયાગરાજ મહાકુંભમાં થયેલી નાસભાગને લઈને સંસદમાં હંગામો થવાની સંભાવના છે. આ પહેલા સોમવારે વિપક્ષી સાંસદોએ રાજ્યસભામાંથી વોકઆઉટ કર્યું હતું, જ્યારે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન સતત હોબાળો થયો હતો. વિપક્ષના નેતા રાહુલ ગાંધી સહિત ઘણા સાંસદોએ સંબોધન માટે આભાર પ્રસ્તાવ પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. આ દરમિયાન રાહુલ ગાંધીએ મોંઘવારી, બેરોજગારી, ચીન અને વિદેશ નીતિ સહિતના અનેક મુદ્દાઓ પર સરકારને ઘેરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે રાષ્ટ્રપતિના આભાર પ્રસ્તાવ પર પોતાના વિચારો રજૂ કરી શકે છે. વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ લોકસભામાં 'મેક ઈન ઈન્ડિયા'ના વખાણ કર્યા હતા. તેમણે કહ્યું હતુ કે વડાપ્રધાન મોદીનો આ વિચાર સારો છે, પરંતુ તે સંપૂર્ણ પણે નિષ્ફળ ગયો છે. એવું કહી શકાય નહીં કે પીએમએ પ્રયાસ કર્યો ન હતો, પરંતુ તેઓ નિષ્ફળ ગયા. આ સિવાય રાહુલ ગાંધીએ મેન્યુફેક્ચરિંગ સેક્ટરના ઘટી રહેલા વિકાસ દરને લઈને પણ મોદી સરકાર પર નિશાન સાધ્યું હતું. વિદેશ મંત્રીના અમેરિકા પ્રવાસ અંગે વિપક્ષના નેતાએ કહ્યું કે તેઓ પીએમ મોદીના આમંત્રણ પર અમેરિકા ગયા હતા. રાષ્ટ્રપતિના સંબોધન અંગે રાહુલ ગાંધીએ કહ્યું હતું કે તે જૂના જમાનાનું છે, સરકારના કામની માત્ર લોન્ડ્રી લિસ્ટ છે.

## ભૂતાનના રાજા જિગ્મે ખેસરે પ્રયાગરાજના સંગમમાં CM યોગી સાથે લગાવી આસ્થાની ડૂબકી

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૪ ।

ભૂતાનના રાજા જિગ્મે ખેસર નામગ્યાલ વાંગચુક મંગળવારે (૪ ફેબ્રુઆરી) પ્રયાગરાજ મહાકુંભમાં પહોંચ્યા છે. તેઓએ સંગમમાં આસ્થાની ડૂબકી લગાવી. આ દરમિયાન તેમની સાથે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ હતાં. મુખ્યમંત્રી યોગીએ ખુદ ભૂતાન કિંગ સાથે ડૂબકી લગાવતી તસવીર સોશિયલ મીડિયા પર શેર કરી છે. તસવીરોમાં મુખ્યમંત્રી યોગી સાથે ભૂતાન કિંગ પણ સંપૂર્ણ રીતે ભગવા રંગમાં જોવા મળી રહ્યાં છે. યોગી આદિત્યનાથે પ્રયાગરાજને તીર્થસ્થળોનો રાજા જણાવતો એક સંસ્કૃત શ્લોક પણ સાથે



લખ્યો છે. મુખ્યમંત્રી યોગીએ સોશિયલ મીડિયામાં લખ્યું કે, 'મહાકુંભ-૨૦૨૫, પ્રયાગરાજમાં આજે ભૂતાનના મહામહિમ નરેશ જીગ્મે ખેસર નામગ્યાલ વાંગચુકે પવિત્ર ત્રિવેણી સંગમમાં પાવન સ્નાન કરી પુણ્ય પ્રાપ્ત કર્યું'. ભૂતાન કિંગે મા ગંગાની પૂજા-અર્ચના કરી અને અક્ષય વટ અને સૂતા હનુમાનજીના દર્શન અને પૂજન પણ કર્યું. ત્યારબાદ તેઓએ પ્રયાગરાજમાં 'ડિજિટલ મહાકુંભ અનુભૂતિ કેન્દ્ર'નું ભ્રમણ કરી મહાકુંભના દિવ્ય-ભવ્ય અને ડિજિટલ સ્વરૂપનું અવલોકન કર્યું. ભૂતાનના રાજા જિગ્મે ખેસર નામગ્યાલ વાંગચુક સોમવારે ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌ પહોંચ્યા. ચૌધરી ચરણ સિંહ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર યોગી આદિત્યનાથે વાંગચુકનું સ્વાગત કર્યું. અહીં કલાકારોએ ભૂતાન નરેશ માટે સાંસ્કૃતિક પ્રસ્તુતિ પણ કરી.

## પીએમ મોદી ૧૨મીએ યુએસ જશે ટ્રમ્પ ડિનરનું આયોજન કરશે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૪ ।

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૩મી ફેબ્રુઆરીએ વોશિંગ્ટન ડીસીમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરી શકે છે. વડાપ્રધાનની યાત્રા દરમિયાન ટ્રમ્પ દ્વારા મોદી માટે રાત્રિભોજનનું આયોજન કરવામાં આવે તેવી શક્યતા પણ છે. ૧૨ ફેબ્રુઆરીએ સાંજે વોશિંગ્ટન ડીસી પહોંચશે તેવી આશા છે. એ ૧૪મી ફેબ્રુઆરી સુધી અમેરિકાની રાજધાનીમાં રહેશે. આ દરમિયાન એ અમેરિકાના કોર્પોરેટ અગ્રણીઓ અને ભારતીય સમુદાયના લોકો સાથે પણ મુલાકાત કરશે. ગત સોમવારે પદગ્રહણ કર્યા પછી પહેલીવારની વાતચીતમાં ડોનાલ્ડ ટ્રમ્પે પત્રકારોને કહ્યું હતું કે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફેબ્રુઆરીમાં વ્હાઈટ હાઉસ આવે તેવી શક્યતા છે.

## મહાકુંભમાં બીજો એક ભીષણ અકસ્માત, હોટ એર બલૂન ફાટતા ૬ શ્રદ્ધાળુઓ ઘાયલ

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૪ ।

પ્રયાગરાજ મહાકુંભમાં વધુ એક મોટી દુર્ઘટના બની છે. સોમવારે, અહીં હિલીયમ ગેસથી ભરેલો ગરમ હવાનો ફુગ્ગો વિસ્ફોટ થયો, જેમાં તેની ટોપલીમાં સવાર છ શ્રદ્ધાળુઓ ગંભીર રીતે ઘાયલ થયા. આમાંથી એક ભક્તની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. ઘાયલોને તાત્કાલિક મેડિકલ કોલેજ દ્વારા સંચાલિત સ્વરૂપ રાણી નહેરુ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. જ્યાં તેની સારવાર ચાલી રહી છે. આ અકસ્માત મહાકુંભમાં મેળા વિસ્તારના સેક્ટર ૨૦ માં અખાડા માર્ગ પાસે બન્યો હતો, જ્યાં સોમવારે બપોરે વસંત પંચમીના સ્નાન ઉત્સવ દરમિયાન હિલીયમ ગેસથી ભરેલો ગરમ હવાનો ફુગ્ગો ફૂટ્યો હતો. આ અકસ્માત ત્યારે થયો જ્યારે હિલીયમ ગેસ ભર્યા પછી ફુગ્ગો જમીન પરથી ઉડી રહ્યો હતો, ત્યારે ફુગ્ગો જોરદાર ધડાકા સાથે ફૂટ્યો. જેના કારણે ટોપલીમાં સવાર બધા ભક્તો ગંભીર રીતે દાઝી ગયા. સદનસીબે, ગરમ હવાનો ફુગ્ગો ઉડતા પહેલા જ ફાટી ગયો. જો આ અકસ્માત વધુ ઊંચાઈએ થયો હોત, તો ઘટના વધુ મોટી બની શકી હોત. ઘટના પછી તરત જ, બધા ઘાયલોને એમ્બ્યુલન્સ દ્વારા મહાકુંભની સબ-સેન્ટ્રલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં, તેમની ગંભીર હાલત જોઈને, બધાને મેડિકલ કોલેજ દ્વારા સંચાલિત સ્વરૂપ રાણી નહેરુ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. જ્યાં તેની સારવાર ચાલી રહી છે. ઘાયલોમાંથી એકની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. આ અકસ્માતમાં, ૨૭ વર્ષીય પ્રદીપ, ૧૩ વર્ષીય અમન, ૧૬ વર્ષીય નિખિલ, ૫૦ વર્ષીય મયંક, ૩૨ વર્ષીય લલિત અને ૨૫ વર્ષીય શુભમ ઘાયલ થઈ ગઈ. આમાંથી પ્રદીપ અને નિખિલ ઋષિકેશના રહેવાસી છે, જ્યારે અમન હરિદ્વારનો, લલિત મધ્યપ્રદેશના ખરગોનનો, શુભમ ઈન્દોરનો અને મયંક પ્રયાગરાજનો રહેવાસી છે.

## મહાકુંભ મેળા વિશે ભ્રામક માહિતી ફેલાવતા ૮ સામે FIR

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૪ ।

મહા કુંભ મેળા વિશે ભ્રામક માહિતી ફેલાવવા બદલ કોતવાલી મહાકુંભ નગરમાં 'X' એકાઉન્ટ ચલાવતા સાત લોકો અને ઈન્સ્ટાગ્રામ ચલાવતા એક વ્યક્તિ વિરુદ્ધ FIR નોંધવામાં આવી છે. પોલીસે આ માહિતી આપી હતી. એસએસપી (કુંભ) રાજેશ દ્વિવેદીએ જણાવ્યું કે મહા કુંભ મેળા વિશે ભ્રામક માહિતી ફેલાવવા બદલ સાત 'એક્સ' એકાઉન્ટ અને એક ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટના સંચાલકો વિરુદ્ધ કોતવાલી પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, 'X' પર એક પોસ્ટ દ્વારા એવી અફવા ફેલાવવામાં આવી રહી હતી કે મહાકુંભ ૨૦૨૫ એ મૃત્યુનો મહાકુંભ છે જેમાં એક જ પરિવારના ત્રણ લોકોએ નાસભાગમાં જીવ ગુમાવ્યો હતો અને સંબંધીઓ મૃતદેહોને ખભા પર લઈ જઈ રહ્યા હતા. 'પોસ્ટમોર્ટમ હાઉસ'માંથી લઈ રહ્યા છે. આ વીડિયોની ખરાઈ કર્યા બાદ તે નેપાળનો હોવાનું જાણવા મળ્યું હતું. કુંભ મેળા પોલીસ એકાઉન્ટ દ્વારા પણ આ વીડિયોની સામગ્રીનું ખંડન કરવામાં આવ્યું છે. આ ભ્રામક પોસ્ટ પોસ્ટ કરનારા સાત 'X' એકાઉન્ટ સામે એફઆઈઆર નોંધીને જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર, ટાઈગર યાદવના 'આઈડી' પરથી એક વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો હતો, જેમાં એવું બતાવવા માટે નાટક કરવામાં આવી રહ્યું હતું કે કુંભ મેળામાં મૃતકોના મૃતદેહ નદીમાં તરતા મુકવામાં આવી રહ્યા હતા અને જેઓ શ્વાસ લઈ રહ્યા હતા તેમની કિડનીઓ. ઉપરોક્ત વિડિયોમાં એક વ્યક્તિ તેમના મૃતદેહોને બહાર કાઢીને નદીમાં તરતા મુકવાની વાત કરી રહ્યો છે. પોલીસે કહ્યું કે આવો ભ્રામક વીડિયો પોસ્ટ કરીને ઉત્તર પ્રદેશ સરકારની છબી ખરાબ કરવાનો અને સામાન્ય લોકોના મનમાં સરકાર પ્રત્યે નફરત ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

**ન્યૂઝ બ્રિફ**

## ઈસાઈ, શીખ, મુસ્લિમ માટે UCCનો કાયદો અડચણરૂપ થશેઃ ઈસુદાન ગઢવી

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ એક ગંભીર મુદ્દા પર મીડિયા સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, યુનિફોર્મ સિવિલ કોડ પરંપરાગત સંસ્કૃતિ પર તરાપ સમાન કાયદો છે. આદિવાસી સમાજ હોય કે માલધારી સમાજ હોય, આજે પણ અમારા માલધારી સમાજમાં ૮૦ ટકા ઘરેલુ ઝઘડાના વિવાદોને સમાજના આગેવાનો સુલજાવી લે છે. આદિવાસી સમાજમાં બહુપત્નીત્વ છે અને પોતાના રીતે રિવાજો છે, આ બધા નિયમો યુસીસી આવ્યા બાદ ખતમ થઈ જશે. માટે અમારું માનવું છે કે UCC ભાજપનું એક નાટક છે. ઈસાઈ, શીખ, મુસ્લિમ માટે પણ આ કાયદો અડચણરૂપ થવાનો છે. ગુજરાતમાં આદિવાસી સમાજની ૨૭ સીટો છે જો ગુજરાતમાં યુસીસી લાગુ થશે તો ભાજપમાં ૨૭ સીટો પર ઘુસી પણ નહીં શકે. માલધારી સમાજને પણ અસર કરતો આ કાયદો છે. હું આ કમિટીને વિનંતી કરીશ કે દરેક સમાજના એક એક પાસા પર વિચાર કરવામાં આવે. ભાજપને કહેવા માંગીશ કે દરેક વસ્તુને હિંદુ મુસ્લિમ કરીને કે વોટ બેન્કની દ્રષ્ટિએ જોવી યોગ્ય નથી. કામ કરો અને કામના નામે મત માંગો. જ્યારે પણ ચૂંટણી આવે છે ત્યારે આ લોકોને યુનિફોર્મ સિવિલ કોડ દેખાય છે. હવે ફેબ્રુઆરી ૨૦૨૬માં મહાનગર પાલિકા ચૂંટણીના સમયે મુખ્યમંત્રી અને ગૃહમંત્રી આ મુદ્દે એક પ્રેસ કોન્ફરન્સ કરશે અને ઓક્ટોબર કે નવેમ્બર ૨૦૨૭માં ફરીથી વિધાનસભા ચૂંટણી પહેલા આ યુસીસીનો મુદ્દો ઉઠાવવામાં આવશે.

## દ્વારકા મંદિરની ઉપર ડ્રોન દેખાતા ખળભળાટ, પોલીસે યુટ્યુબરની અટકાયત કરી

। (એજન્સી) દ્વારકા, તા.૪ ।

દ્વારકા જગત મંદિરે પ્રતિબંધિત ડ્રોન વિસ્તારની આસપાસ સોમવારે (૩ ફેબ્રુઆરી) શંકાસ્પદ ડ્રોન દેખાતા તંત્ર દોડતું થયું હતું. વહેલી સવારે ડ્રોન દેખાતા તુરંત જ પોલીસ ફોર્સ એક્શનમાં આવી અને સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. તપાસ દરમિયાન ડ્રોન ઉડાડનાર વ્યક્તિને ઝડપી લેવાયો છે. સોમવારે (૩ ફેબ્રુઆરી) વહેલી સવારે દ્વારકાધીશના મંદિરના શિખર પર પ્રતિબંધિત વિસ્તારમાં ડ્રોન ઉડતું દેખાયું હતું. જેની જાણ થતાં તંત્રએ તુરંત કાર્યવાહી હાથ ધરી તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન પોલીસે ડ્રોન ઉડાડનાર મુંબઈના એક શખસની અટકાયત કરી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, આ શખસ મુંબઈનો રહેવાસી છે અને એક યુટ્યુબર છે. તે પોતાની યુટ્યુબ ચેનલ માટે વિવિધ જગ્યાનું ડ્રોનથી શૂટિંગ કરે છે અને વીડિયો બનાવે છે. દ્વારકા પોલીસે મંજૂરી વિના ડ્રોન ઉડાડવાના કારણે શખસ પર કાયદાકીય કાર્યવાહી કરી, વધુ તપાસ હાથ ધરી છે.

# કાંકરેજ તાલુકાના તાણા ગામે ચામુંડા માતાજીની મહા સુદ સાતમની ઉજાણી




। (પ્રતિનિધી) થરા, તા.૪ ।

કાંકરેજ તાલુકાના તાણા ગામે વર્ષોની પરંપરા મુજબ ગામના તળાવે આવેલ ચામુંડા માતાજી ના મંદિરે મહા સુદ સાતમના દિવસે સમસ્ત ગામ સમુહ ઉજાણી કરે છે. ગામમાંથી સુંડલા ટોપલામાં માતાજીનો પ્રસાદ બનાવવાનું કાચું સીધુસામાન લઈને નાત જાતના ભેદભાવ વગર ગાજતે વાજતે મહિલાઓ માથે સુંડલા ટોપલા ઉપાડી મંદિરે આવી માતાજીની રજા લઈ આજુબાજુમાં ચુલા બનાવી લાડુ દાળ ભાત શાક બનાવી માતાજીને એ નૈવેધ ધરાવી સગાસંબંધી મિત્રો સાથે ત્યાં બેસી સમૂહ ભોજન પ્રસાદ લે છે. અહીં મેળો ભરાય



છે.માતાજીની રજા મળે તો જ સાંજે ગામમાં પ્રવેશ કરે છે. રાત્રિ કમાણા ગામના નાયક પરિવાર આજે પણ ભૂંગળ વગાડી માતાજીના ગુણગાન ગાતા ભવાઈ ભજવે છે. સવારે ગામલોકો આ નાયક પરિવારને ભોજન દક્ષિણા આપી વિદાય આપે છે.

# સંજેલી મુકામે માનવીય અત્યાચારનો ભોગ બનેલી મહિલાને આત્મ નિર્ભર બનાવવા માટે ગુજરાત રાજ્યના ગૃહ રાજ્યમંત્રીની અનોખી પહેલ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૪ ।

દાહોદ જિલ્લાના સંજેલી મથકના ઢાળસીમલ ગામની મહિલાને અર્ધનગ્ન હાલતમાં ગામમાં ફેરવી માનવ જાતને શરમાવે તેવું કૃત્ય ૧૫ જેટલા ઈસમો દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઈસમો પર દાહોદ જિલ્લા પોલિસ અધિક્ષક ડૉ.રાજદિપ સિંહ ઝાલા દ્વારા કડક હાથે કાર્યવાહી કરી આ તમામ અપરાધીઓને કાયદાકીય રીતે પગલા લઈ કાર્યવાહી કરી હતી.

ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા આ પીડિત મહિલા નું પુનર્વસન કરવા માટે સૂચન આપેલ હતું. આ પીડિત મહિલા ગરિમા ભેર જીવી આત્મ નિર્ભર બની શકે તેમજ આ પીડિત મહિલા આર્થિક રીતે કોઈ પણ વ્યક્તિ પર નિર્ભર ન રહે તે માટે ગુજરાત પોલિસ ને સૂચન કરેલ હતું તે અનુસંધાને ડી.જી.પી વિકાસ સહાય શર્માના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારના સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અન્વયે પીડિત મહિલાનું જ્યાં પિયર આવેલ છે તે ફતેપુરા ગામે બસ સ્ટેશન પાસે આત્મ ગૌરવ ફ્રુટ એન્ડ વેજીટેબલ ની દુકાન ખોલવામાં આવેલ છે આ દુકાનનું એગ્રીમેન્ટ સ્થાનિક ઝાલોદ ઝોનના ડી.વાય. એસ.પી પટેલ દ્વારા અગ્યાર મહિનાનું ભાડું એડવાન્સ ચૂકવી દુકાનનું ભાડું ચૂકવી મનાવતા દાખવી હતી તે ઉપરાંત મહિલાને એક મહિના સુધી ચાલે તેટલું ફ્રુટ અને વેજીટેબલ ઉપલબ્ધ કરાવવાની જવાબદારી ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવનાર છે તેમજ મહિલાને




કોઈ હેરાન પરેશાન ન કરે તે માટે સી.સીટી.વી કેમેરા પણ મુકવામાં આવેલ છે. આ સી.સી.ટી.વી નુ સંચાલન ફતેપુરા પોલિસ મથક દ્વારા કરવામાં આવનાર છે તેમજ ફતેપુરાના ફ્રુટ અને શાકભાજીના હોલસેલ વ્યાપારીઓદ્વારામહત્તમડિસ્કાઉન્ટઆપીમહિલાનેસહાય આપવાની બાંહેધરી આપવામાં આવી હતી.

આ પીડિત મહિલા માટે આત્મ નિર્ભર શોપ ખોલાવવા માટે દાહોદ જિલ્લા પોલિસ અધિક્ષક ડૉ. રાજદિપ સિંહ ઝાલા વિશેષ ઉપસ્થિત રહી પીડિત મહિલાને હાથે દુકાનનું મુહૂર્ત કરાવ્યું હતું.પોલિસ પીડિત મહિલાને વહારે આવતા આ મહિલાના ચહેરા પર અનોખી ખુશી તેમજ પોલિસ પ્રત્યે અનેરું સન્માન જોવા મળતું હતું. દાહોદ પોલિસ જિલ્લા અધિક્ષકની આ સુંદર પહેલ પ્રત્યે લોકમુખે પોલિસની કામગીરીની ચોતરફ પ્રસંશા કરવામાં આવી રહેલ હતી.

# કેનેડાના વર્ક પરમિટ અપાવવાને બહાને કરી રૂ.૭.૧૫ લાખની ઠગાઈ

## સ્પેનચંદન મોલની અંદર આલાપ અંગ્રેજી એકેડમી ચલાવે છે જેમાં જુલાઈમાં IELTSના ક્લાસ શરૂ થયા હતા

। (એજન્સી) વિસનગર, તા.૪ ।

વિસનગરના ઘરોઈ કોલોની રોડ પર આવેલી ધનશ્યામ નગર સોસાયટીમાં રહેતી એક યુવતીને કેનેડાની વર્ક પરમિટ અપાવવાના નામે અલગ-અલગ તારીખે રૂ.૮,૪૦,૫૦૦ ઉપાડી લઈ છેતરપિંડી આચરી હતી.શર્મા આરતી રાજેશકુમારે રૂ.૧.૨૫ લાખ પરત કરી બાકીના રૂ.૭,૧૫,૫૦૦ પરત ન કરતા વિસનગરના હેમાંગ મહેશભાઈ કંસારા સામે ફરિયાદ નોંધાવતા વિસનગર શહેર પોલીસે છેતરપિંડી અને ઉચાપતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આરતી રાજેશકુમાર શર્મા ૨૦૨૨માં ડોસાભાઈ બાગની સામે, સ્પેનચંદન મોલની અંદર આલાપ અંગ્રેજી એકેડમી ચલાવે છે. જેમાં જુલાઈમાં IELTSના ક્લાસ શરૂ થયા હતા, તે દરમિયાન ક્લાસના માલિક હેમાંગભાઈ કંસારા ક્લાસમાં ભણાવતા હતા અને શું પ્લાન છે તેમ પૂછ્યું હતું. આરતીએ મને કેનેડા જવાનું કહ્યું એટલે મેં કેનેડા જવા માટે અરજી કરી. અલગ-અલગ તારીખે હેમાંગ કંસારાએ રૂ. તેઓએ વિદેશ મોકલવાના બહાને રૂ.૮,૪૦,૫૦૦ની ઉચાપત કરી હતી અને કામ ન થતાં આરતીએ પૈસા પાછા માંગ્યા હતા અને રૂ. ૧.૨૫ હજાર પરત કર્યા હતા. જે બાદ તેણે માંગણી કરી હતી કે તું તેની સાથે ગમે તે કરી લે, પૈસા પાછા નહીં મળે. આથી આરતી શર્માએ વિસનગર સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. એજન્ટનું લાયસન્સ ધરાવતા હેમાંગ મહેશભાઈ કંસારાએ વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૪ દરમિયાન કેનેડા જવાની વર્ક પરમીટ અપાવવાના બહાને રૂ.૭,૧૫,૫૦૦ લીધા હતા અને વર્ક પરમીટ આપી ન હતી. વિસનગર શહેર પોલીસે કંસારા હેમાંગ મહેશભાઈ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# નવા રસ્તાઓ બનાવવા માટે રૂ. ૫૨ કરોડની મંજૂરી

। (એજન્સી) પાલીતાણા, તા.૪ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુપ્રસિદ્ધ જૈન તીર્થ પાલીતાણાને જોડતા ૮૦૦ મીટર લંબાઈના માર્ગોના નવીનીકરણ તથા પૂલોના નવા કામો માટે રૂ.૫૧.૫૭ કરોડ મંજૂર કર્યા છે. મુખ્યમંત્રીએ તાજેતરમાં રાજ્યના ૪૪ પ્રવાસન સ્થળોને જોડતા માર્ગોની સુધારણા અને કનેક્ટિવિટી સુદ્રઢ બનાવવાના વિવિધ કામો માટે કુલ રૂ. ૨૨૬૯ કરોડ ફાળવ્યા છે. આ હેતુસર જૈન તીર્થ ક્ષેત્ર પાલીતાણાને તે રકમમાંથી ૪૦.૫૦ કરોડ રૂપિયા ૨૦.૯૦ કિ.મી લંબાઈના ૬ રસ્તા અને પૂલોના કામો માટે મંજૂર કરવામાં આવેલા છે. હવે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૫૧.૫૭ કરોડ રૂપિયા પાલીતાણાને જોડતા ૮૦૦ મીટરના માર્ગો પર નવા રસ્તા, પુલો માટે મંજૂર કર્યા છે.

### બજાર ભાવ ન મળતા લાખોનું નુકસાન

# ટામેટાની ખેતી કરતા ખેડૂતોને રડવાનો વારો આવ્યો

## અરવલ્લી જિલ્લામાં ટામેટાની ખેતી કરતા ખેડૂતોને ભાવ ન મળતા રાતા પાણીએ રડવાનો વારો આવ્યો છે

। (એજન્સી) અરવલ્લી, તા.૪ ।

એક સમય હતો જ્યારે ટામેટાનો ભાવ ૧૫૦થી ૧૬૦ રૂપિયા પ્રતિ કિલોએ પહોંચી ગયો હતો. જોકે, આજની પરિસ્થિતિ બિલકૂલ અલગ છે. આજે પરિસ્થિતિ એવી છેકે, ટામેટાની ખેતી કરતા ખેડૂતોએ રડવાનો વારો આવ્યો છે.. આપણે વાત અરવલ્લી જિલ્લાની કરીએ તો ૫૦૦થી વધુ હેક્ટરમાં ટામેટાની ખેતી કરવામાં આવી હતી.. ટામેટાની આવક પણ પુષ્કળ થઈ પરંતુ, ભાવ ન મળતાં ખેડૂતો રાતા પાણીએ રડી રહ્યા છે. અરવલ્લી જિલ્લામાં ૫૦૦થી વધુ હેક્ટરમાં ટામેટાની ખેતી કરવામાં આવી છે પરંતુ, બજાર ભાવ ન મળવાના કારણે ખેડૂતોને લાખો રૂપિયાનું નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે.. જેથી ખેડૂતો કોડીના ભાવે ટામેટા વેચવા માટે મજબૂર બન્યા છે. શિયાળામાં સામાન્ય રીતે ટામેટાના ભાવ ઘટે નહીં પરંતુ, આ વખતે ભાવ ઘટવાના કારણ પણ ખેડૂતો જણાવી રહ્યા છે. જો ખેડૂતોને ટામેટાનો પ્રતિ કિલોએ ૨ રૂપિયાનો ભાવ મળતો હોય તો ખેડૂતો આવો ભાવ લેવા કરતાં ટામેટાના છોડ કાઢી નાખવા અથવા તો



ટામેટાનો પાક ઢોરને ખવડાવી દેવાનું યોગ્ય ગણી રહ્યા છે.અરવલ્લી જિલ્લામાં મોડાસા અને ધનસુરા તાલુકામાં ટામેટાંની ખેતી કરતા ખેડૂતોને એક વિઘે ૨૫૦૦૦ થી વધુનો ખર્ચ થાય છે.. પરંતુ ઉત્પાદનના યોગ્ય ભાવ ન મળતાં બજારમાં ટામેટાં વેચવાની જગ્યાએ ગાય અને ભેંસને ચારા રૂપે ટામેટાં ખવડાવવા મજબૂર થયા છે.. હવે ટામેટાના ભાવ માટે સરકાર શું નિર્ણય કરે તે જોવું રહ્યું.

### ગાંધીનગર ખાતે GCASની રીવ્યુ બેઠક યોજી હતી

# ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં GCASની રીવ્યુ બેઠક યોજાઇ

। (એજન્સી) ગાંધીનગર, તા.૪ ।

રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે GCASની રીવ્યુ બેઠક યોજી હતી. જેમાં રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરિયા પણ ઉપસ્થિત રહ્યાં હતા. આ બેઠકમાં ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ સચિવ સુ.શ્રી સુનયના તોમર, ઉચ્ચ શિક્ષણ કમિશનર દિનેશ ગુરવ સહિત ૧૧ સરકારી યુનિવર્સિટીઝના વાઇસ ચાન્સેલર્સ અને તેમના પ્રતિનિધીઓ અને વિદ્યાર્થી સંગઠનના પ્રતિનિધી ઉપસ્થિત રહ્યાં હતા. ગત વર્ષે રાજ્ય સરકાર દ્વારા સરકારી યુનિવર્સિટીઝ થકી કૉલેજમાં એડમિશન માટે GCAS (ગુજરાત કોમન એડમિશન સર્વિસ) પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. આ પોર્ટલમાં કેટલીક ત્રુટિઓમાં સુધારો કરીને શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે વધુ સુગમ અને સરળ બનાવવા અને રાજ્યના એકપણ વિદ્યાર્થીને એડમિશન પ્રક્રિયામાં અગવડ ન પડે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે મંત્રીશ્રી ઋષિકેશ પટેલે સૂચના આપી હતી. જેના પગલે વિભાગ દ્વારા ગત વર્ષ પડેલી કેટલીક અગવડ તેમજ નવીન સુધારા સાથેનું પોર્ટલ કાર્યાન્વિત કરાયું છે. વધુમાં આ નવીન સુધારાઓને પબ્લીક ડોમેનમાં પણ મૂકવામાં આવ્યા હતા. જેમાં મોટાભાગના સુધારાઓને વિદ્યાર્થીઓ અને વાલીઓ તરફથી આવકારવામાં આવ્યા હતા. પબ્લીક તરફથી મળેલ જરૂરી સૂચનોને પણ આ નવીન પોર્ટલમાં સમાવેશ કરવામાં આવ્યા છે. આ વર્ષે વિદ્યાર્થીઓને પ્રવેશપ્રક્રિયા માટે સાયબર કેફે કે અન્ય સ્થળે ફોર્મ ભરવા જવું પડે નહીં તે માટે દરેક યુનિવર્સિટિઝ અને કૉલેજ ખાતે ફ્રી ફોર્મ ફિલિંગ સેન્ટર કાર્યરત કરવામાં આવશે. વધુમાં GCAS દ્વારા યુનિવર્સિટીઝને ૧૫ દિવસનો સમય આપીને પોત-પોતાની જરૂરિયાત મુજબ એડમિશન રાઉન્ડ ચલાવવા માટેની પરવાનગી આપવી અથવા GCAS દ્વારા શિડ્યુલ આપવાની વિચારણા પણ આ બેઠકમાં કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતા રજીસ્ટ્રેશનના વેરિફિકેશન માટે દરેક કૉલેજ અને યુનિવર્સિટીઝ માં અધ્યાપકો કે કર્મચારીઓને માનદેય આપીને સમગ્ર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

### રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી ખેડા જિલ્લાના બિડજ ખાતે એન.ડી.ડી.બી.ની સુપિરિયર એનિમલ જિનેટિક્સ લેબોરેટરીની મુલાકાતે

# ગુજરાતમાં વધુને વધુ પશુપાલકો દેશી ગાયની નસલને વધુ ઉન્નત કરવા પ્રયત્નશીલ રહે: રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી







। ગાંધીનગર ।

ગુજરાતમાં ઉત્તમ નસલની-વધુ દૂધ આપતી દેશી ગાયની સંખ્યા વધે એ માટે સતત ચિંતિત અને પ્રયત્નશીલ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ-એન.ડી.ડી.બી. દ્વારા સંચાલિત સાબરમતી આશ્રમ ગૌશાળામાં સુપિરિયર એનિમલ જિનેટિક્સ લેબોરેટરીની મુલાકાત લઈને સ્વદેશી સેક્સ સોર્ટેડ સિમેન ટેકનોલોજીનો અભ્યાસ કર્યો હતો.

કૃત્રિમ ગર્ભાધાન દરમિયાન સેક્સ સોર્ટીંગ ટેકનીકથી ઉત્પાદન કરેલા વીર્ય ડોજ ના ઉપયોગ થી માદા પશુ જન્મવાની સંભાવના ૯૦% થઈ જાય છે. પરિણામે, દેશી ગાયની સંખ્યા વધે, સાથોસાથ ઉચ્ચ નસલની વધુ દૂધ ઉત્પાદન કરતી બ્રીડ વિકસાવી શકાય એ માટે વધુને વધુ પશુપાલકો-ખેડૂતો સેક્સ સોર્ટેડ સિમેન ટેકનોલોજી સમજે અને અપનાવે એ વર્તમાન સમયની માંગ છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સ્વયં પશુપાલક છે. હરિયાણાના કુરુક્ષેત્રમાં તેમના ગુરુકુળની ગૌશાળામાં તેઓ ઘણા વર્ષોથી પોતાની દેશી ગાયની બ્રિડને વધુને વધુ ઉન્નત કરવા માટે તેઓ આ ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યા છે. ગુજરાતમાં વધુને વધુ પશુપાલકો દેશી ગાયની નસલને વધુ ઉન્નત કરવા પ્રયત્નશીલ રહે એવી તેમણે અપીલ કરી છે.

એન.ડી.ડી.બી.એ ગોસોર્ટ નામથી પ્રભાવક અને ઓછી ખર્ચાળ સેક્સ સોર્ટેડ ટેકનીક વિકસાવી છે. ભારત સરકારના પશુપાલન અને ડેરી વિભાગે રાષ્ટ્રીય ગોકુલ મિશન અંતર્ગત આ ટેકનિકને વ્યવસાયિક રૂપે લાગુ કરવાની મંજૂરી આપતા એન.ડી.ડી. બી.એ સ્વદેશી સેક્સ સોર્ટેડ ટેકનીક-ગૌસોર્ટ રાષ્ટ્રને સમર્પિત કરી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ ઓક્ટોબર ૨૦૨૪ માં તેનો શુભારંભ કરાવ્યો હતો. અહીં એ ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારે ખેડૂતો અને પશુપાલકોને મોટી સબસીડી આપીને માત્ર ૫૦ રૂપિયાની કિંમતે સેક્સ સોર્ટેડ સિમેન ઉપલબ્ધ કરાવીને ક્રાંતિ સર્જી છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે ખેડા જિલ્લાના બિડજમાં આવેલી સાબરમતી આશ્રમ ગૌશાળાની મુલાકાત લઈને સેક્સ સોર્ટેડ ટેકનીક અને લેબોરેટરીનું અવલોકન કર્યું હતું. તેમણે અદ્યતન લેબોરેટરની સુવિધાઓ, સંશોધન કાર્યો અને પ્રયોગો વિશે રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડના ચેરમેન શ્રી મીનેશ શાહ, એન.ડી.એસ.ના મેનેજિંગ ડિરેક્ટર ડૉ.સી.પી. દેવાનંદ તથા સુપિરિયર એનિમલ જીનેટિક્સના જનરલ મેનેજર ડૉ. અમરીશ પટેલ પાસેથી જાણકારી મેળવી હતી.

આ પ્રસંગે જિલ્લા કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવ, પોલીસ અધિક્ષકશ્રી રાજેશ ગઢીયા, રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ- વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# અમે પણ કુંભ જઈ આવ્યા, ઘટનાને અતિશયોક્તિપૂર્ણ રીતે બતાવાય રહી છે

## નાસભાગમાં ૩૦ લોકોના મોત પર મથુરાથી ભાજપ સાંસદ હેમા માલિનીએ વિવાદિત નિવેદન આપ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભ દરમિયાન થયેલી નાસભાગમાં ૩૦ લોકોના મોત પર મથુરાથી ભાજપ સાંસદ હેમા માલિનીએ વિવાદિત નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે ઘટના એટલી મોટી નથી, જેટલી તેને અતિશયોક્તિપૂર્ણ બતાવાય રહી છે.

હેમામાલિનીએ કહ્યું કે 'અમે પણ કુંભ જઈ આવ્યા. અમે સંગમમાં સ્નાન કર્યું. આ દુઃખદ ઘટના થઈ હતી પરંતુ એટલી મોટી ઘટના નહોતી. બધું જ મેનેજ કરી દેવાયું હતું. મને આ વિશે વધુ ખબર નથી પરંતુ ઘટના એટલી મોટી નહોતી. જેટલી અતિશયોક્તિપૂર્ણ બતાવાય રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કાલે પ્રયાગરાજ જઈને પવિત્ર સ્નાન કરશે. જો સ્થિતિ મેનેજ ન થઈ હોત તો શું વડાપ્રધાન જતા? સંસદમાં મહાકુંભમાં થયેલી નાસભાગને લઈને સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ તરફથી સવાલ ઉઠાવ્યાના સવાલ પર હેમામાલિનીએ કહ્યું કે 'અખિલેશનું કામ જ ખોટું બોલવાનું છે. ઘટના ઘટી હતી પરંતુ એટલી મોટી ઘટના નહોતી.' સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે સંસદના બજેટ સત્રના પહેલા દિવસે રાષ્ટ્રપતિના અભિભાષણ પર ધન્યવાદ



પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન મહાકુંભમાં થયેલા મૃત્યુના આંકડાને લઈને સવાલ ઉઠાવ્યા હતા. અખિલેશ યાદવે કહ્યું કે 'ડિજિટલ કુંભ કરાવનાર મૃતકોના આંકડા પણ આપી શકતાં નથી. મૃતદેહો ક્યાં ફેંકવામાં આવ્યા, જણાવવું જોઈએ. મુખ્યમંત્રીએ મૃતકોને શ્રદ્ધાંજલિ પણ આપી નથી. તે ઘટનાને સંતાડવામાં વ્યસ્ત રહ્યાં. પુણ્ય કમાવવા આવેલા લોકો પોતાના લોકોના મૃતદેહો લઈને ગયા. સરકાર મૃતકોના આંકડા આપી શકી નથી. લોકો કેન્દ્રો પર ખોવાયેલા લોકોને શોધી રહ્યાં છે. મહાકુંભમાં લોકોએ પોતાના પ્રિયજનોને ગુમાવ્યા. કુંભનું આયોજન પહેલી વખત થયુ નથી. સમયાંતરે જેની પણ સરકાર રહી છે, તેનું આયોજન કરતી રહી છે.' સપા પ્રમુખે રાષ્ટ્રપતિના અભિભાષણને લઈને કહ્યું કે 'તેમના અભિભાષણમાં તે જ જૂની વાતો હતી. ૮૦ કરોડ લોકોને ફ્રી રાશન, ૨૫ કરોડ લોકોને ગરીબી રેખાથી બહાર લવાયા, ૧૦ કરોડ ગેસ કનેક્શન આપવામાં આવ્યા. આ વસતી ૧૦૫ કરોડ થવા જઈ રહી છે તો સરકાર કઈ વસતી માટે કામ કરી રહી છે. સરકારના બંને એન્જિન ક્યાંક અંદરોઅંદર ટકરાઈ રહ્યાં તો નથી ને. દસ વર્ષ પહેલા જેને ક્યોટો બનાવવાની વાત કહી હતી ત્યાં આજ સુધી મેટ્રો પણ શરૂ થઈ શકી નથી. યુપીમાં જે પણ મેટ્રો ચાલી રહી છે, બધા સમાજવાદીઓની દેન છે.'

## ન્યૂઝ બ્રિફ

### જયા બચ્ચનના નિવેદન પર હંગામો, ધરપકડની માંગ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

સમાજવાદી પાર્ટીના સાંસદ જયા બચ્ચનની ધરપકડની માંગ કરવામાં આવી રહી છે. સોમવારે તેમણે કુંભના પાણીને સૌથી દૂષિત ગણાવ્યું હતું. તેમણે દાવો કર્યો હતો કે નાસભાગમાં જીવ ગુમાવનારા લોકોના મૃતદેહ પાણીમાં ફેંકવામાં આવ્યા હતા. આ પછી હવે VHP એટલે કે વિશ્વ હિન્દુ પરિષદે તેમની ધરપકડની માંગ કરી છે. આ સિવાય ભારતીય જનતા પાર્ટી અને ધાર્મિક સંગઠનોના નેતાઓએ પણ બચ્ચનના નિવેદન સામે વાંધો ઉઠાવ્યો હતો. 'ખોટા અને ખોટા નિવેદનો દ્વારા સનસનાટી ફેલાવવા બદલ જયા બચ્ચનની ધરપકડ થવી જોઈએ.' તેમણે કહ્યું, 'મહા કુંભ શ્રદ્ધા અને ભક્તિનો આધાર છે, જ્યાં ધર્મ, કર્મ અને મોક્ષ મળે છે. આ સાથે કરોડો ભક્તોની લાગણી જોડાયેલી છે. સંસદ સંકુલમાં પત્રકારો સાથે વાત કરતા સપા સાંસદ બચ્ચને કહ્યું, 'અત્યારે સૌથી વધુ દૂષિત પાણી ક્યાં છે? કુંભમાં નાસભાગમાં મૃત્યુ પામેલા લોકોના મૃતદેહ નદીમાં ફેંકવામાં આવ્યા છે, જેના કારણે પાણી દૂષિત થઈ ગયું છે. કોઈ વાસ્તવિક મુદ્દાઓ વિશે વાત કરતું નથી. આ સાથે સપા સાંસદે મહાકુંભમાં આવનારા લોકોની સંખ્યા પર પણ સવાલ ઉઠાવ્યા હતા.

### જે કહ્યું છે તેને સાબિત કરો અન્યથા માફી માગો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજૂએ સોમવારે આરોપ લગાવ્યો કે, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ચીનના પ્રવક્તા કરતા પણ વધારે પાડોશી દેશના વખાણ કર્યા. તેમણે રાષ્ટ્રપતિના અભિભાષણ પર ચર્ચામાં ભાગ લેતા એવું પણ કહ્યું કે, વિપક્ષના નેતા સદનની અંદર જે વાતો કરી છે, તેને સાબિત કરી દેવી જોઈએ. અથવા તો આસાનને તેમના વિરુદ્ધ કાર્યવાહી કરવી જોઈએ. કિરેન રિજિજૂએ આરોપ લગાવ્યો કે રાહુલ ગાંધીએ સદનની અંદર ચીનના પ્રવક્તા કરતા પણ વધારે ચીનના વખાણ કર્યા છે. રિજિજૂએ દાવો કર્યો કે, ભારતની સંસદની અંદર જેવી રીતે ચીનના ગુણગાન કર્યા, આવું મેં ક્યારેય સાંભળ્યું નથી. હકીકતમાં જોઈએ તો, સંસદમાં રાહુલ ગાંધીના હાલના ભાષણથી રાજકીય હોબાળો મચેલો છે. કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ આ મામલામાં સ્પીકર સાથે મુલાકાત કરી. આ દરમ્યાન રિજિજૂએ રાહુલ ગાંધીના દાવાને ચેલેન્જ આપી, પુરાવા માગ્યા અને તેમને ખોટા ગણાવ્યા. તેમણે કહ્યું કે, ૧૯૫૯ અને ૧૯૬૨માં ચીને ભારતની જમીન પર કબજો કર્યો.

### કેનેડા-ચીન પર લગાવેલી ટેરિફમાં પીછેહઠ નહીં

# ટ્રમ્પનો યુ-ટર્નઃ મેક્સિકો પરની ટેરિફ એક મહિનો પાછી ઠેલી

### અમેરિકા દ્વારા કેનેડાના માલ-સામાનની આયાત પર લગાવાયેલી ૨૫ ટકા ટેરિફનો કેનેડિયન નાગરિકોએ ઉગ્ર પ્રતિસાદ આપ્યો છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૪ ।

મેક્સિકો અને કેનેડા ઉપરાંત ચીનમાંથી થતી આયાત પર ટેરિફ ઝીંકવાના આદેશના ૨૪ જ કલાકમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુ-ટર્ન લેતાં મેક્સિકોને ટેરિફમાં એક મહિનો રાહત આપી છે. જોકે કેનેડા અને ચીન પર લગાવાયેલી ટેરિફ યથાવત્ રહેશે. ટ્રમ્પે સોમવારે મેક્સિકોથી આયાત થતાં માલ-સામાન પર ટેરિફ લગાવવાનો નિર્ણય એક મહિનો પાછો ઠેલવાની જાહેરાત કરી છે. મેક્સિકોના પ્રમુખ ક્લોડિયા શીનબૌમ



સાથે ચર્ચા બાદ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર આ અંગેની જાહેરાત કરી હતી. મેક્સિકોના પ્રમુખ ક્લોડિયા શીનબૌમે જણાવ્યું હતું કે, અમેરિકાના રાષ્ટ્રપ્રમુખે મંત્રણા બાદ ટેરિફ લાદવાની યોજના એક મહિનો પાછી ઠેલવા સહમતિ દાખવી હતી. શીનબૌમે જણાવ્યું હતું કે, મેક્સિકોમાંથી અમેરિકામાં ઠલાવતી નશીલી દવાઓને રોકવા મેક્સિકો સરહદ પર ૧૦,૦૦૦થી વધુ સૈનિકો તૈનાત કરશે. અમેરિકા દ્વારા કેનેડાના માલ-સામાનની આયાત પર લગાવાયેલી ૨૫ ટકા ટેરિફનો કેનેડિયન નાગરિકોએ ઉગ્ર પ્રતિસાદ આપ્યો છે. અમેરિકાના પગલાંના વળતો જવાબ આપતાં અનેક કેનેડિયન નાગરિકોએ અમેરિકાનો પ્રવાસ રદ કરવાની સાથે સાથે જ અમેરિકન બનાવટના શરાબ અને અન્ય ઉત્પાદનોનો બહિષ્કાર કરવાનું શરૂ કરી દીધું છે.

### સેવાની આડમાં ગુનાઈત કૃત્યો આચરતી સંસ્થામાં સુધારો અશક્યઃ એલન મસ્ક

# ટ્રમ્પ હવે ૧૦૦ઓથી વધુ દેશમાં કાર્યરત સ્વૈચ્છિક સંસ્થા USAIDને તાળાં મારશે


### વિશ્વના ૧૦૦થી વધુ દેશોમાં વિકાસ અને સખાવતના કાર્યો સાથે સુરક્ષા સહાય પૂરી પાડવા માટે અમેરિકન સરકાર દ્વારા અબજો ડોલરની સહાય આપવામાં આવે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૪ ।

વિશ્વના અનેક દેશોમાં માનવતાવાદી કાર્યો માટે અમેરિકન સરકાર દ્વારા અબજો ડોલરનું ફંડ આપવામાં આવે છે. ૧૦૦થી વધુ દેશમાં સેવા કાર્યો માટે અમેરિકન સરકારના અબજો ડોલરનો વહીવટ કરતી સ્વૈચ્છિક સંસ્થા USAIDને તાળાં મારવાનો નિર્ણય ટ્રમ્પ સરકારે લીધો છે. ટ્રમ્પ સરકારના સલાહકાર એલન મસ્કે જણાવ્યું હતું કે, આ સંસ્થામાં વ્યાપક સડો થયેલો છે અને તેમાં સુધારો લાવવાનું અશક્ય છે. આ બાબતે પ્રમુખ ટ્રમ્પ સાથે ચર્ચા



થઈ હતી અને તેઓ USAIDને બંધ કરવા સંમત થયાં છે. વિશ્વના ૧૦૦થી વધુ દેશોમાં વિકાસ અને સખાવતના કાર્યો સાથે સુરક્ષા સહાય પૂરી પાડવા માટે અમેરિકન સરકાર દ્વારા અબજો ડોલરની સહાય આપવામાં આવે છે. આ સહાયનો વહીવટ યુએસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID) દ્વારા કરવામાં આવતો હતો. સંસ્થા દ્વારા ફંડનો દુરુપયોગ થઈ રહ્યો હોવાની આશંકાના પગલે ટ્રમ્પ તંત્ર દ્વારા તમામ સહાય અટકાવી દેવામાં આવી હતી અને એકાઉન્ટ્સ ફ્રિઝ કરી દેવાયા હતા. આ સંસ્થા પર કટ્ટરવાદીઓએ કબજો જમાવ્યો હોવાનું પ્રમુખ ટ્રમ્પે રવિવારે જણાવ્યું હતું. ટ્રમ્પના આ નિવેદનના બીજા જ દિવસે અમેરિકન સરકારના એડવાઈઝર અને ટેસ્લાના સીઈઓ એલન મસ્કે જણાવ્યું હતું કે, સેવાની આડમાં આ સંસ્થા ગુનાઈત કૃત્યો આચરતી આવી છે.



ભક્તો પ્રયાગરાજમાં શ્રી બડે હનુમાનજી મંદિરમાં દર્શન કરવામાં માટે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

### દુર્ઘટનાનું પુનરાવર્તન ટાળવા ચુસ્ત વ્યવસ્થા ગોઠવાઈ

# વસંત પંચમીના દિવસે ૨.33 કરોડ શ્રદ્ધાળુઓએ અમૃત સ્નાનનો લાભ લીધો

### મહાકુંભમાં પવિત્ર સ્નાન માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાંચમી ફેબ્રુઆરીએ પ્રયાગરાજ જશે, આ માટે પ્રોટોકોલમાં ફેરફાર કરવામાં આવ્યો છે

। (એજન્સી) મહાકુંભનગર, તા.૪ ।

દેશ-વિદેશમાંથી આવેલા કરોડો શ્રદ્ધાળુઓએ વસંત પંચમીના પાવન દિવસે મહાકુંભમાં યોજાયેલાં ત્રીજા 'અમૃત સ્નાન'નો અમૂલ્ય લ્હાવો લીધો હતો. વહેલી સવારે વિવિધ અખાડાઓના રાખ લગાવેલા નાગા સાધુ સહિત સંતો-સાધુઓએ ત્રિવેણી સંગમ તરફ પ્રયાણ શરૂ કર્યું અને સંગમમાં સ્નાન કર્યું હતું. એક અંદાજ પ્રમાણે સાંજે પાંચ વાગ્યા સુધીમાં ૨.૩૩ કરોડથી વધુ લોકોએ ગંગા, યમુના અને સરસ્વતી નદીના ત્રિવેણી સંગમમાં આસ્થાની ડુબકી લગાવી હતી. ગત સપ્તાહે મૌની અમાવસ્યા દરમિયાન યોજાયેલાં 'અમૃત સ્નાન' દરમિયાન થયેલી નાસભાગમાં ૩૦ જેટલાં લોકોના મૃત્યુને પગલે આ વખતે સ્થાનિક પ્રશાસન દ્વારા ભીડના નિયંત્રણ માટે ચુસ્ત વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. સમગ્ર વ્યવસ્થા પર ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી આદિત્યનાથ યોગી સીધી નજર રાખી રહ્યાં હતાં. મહાકુંભમાં વ્યવસ્થાપનની જવાબદારી સંભાળી રહેલાં અધિકારીઓના જણાવ્યાં અનુસાર, મુખ્યમંત્રી યોગીએ લખનૌમાં આવેલાં તેમના સત્તાવાર નિવાસસ્થાનેથી વહેલી સવારે ૩.૩૦ કલાકથી જ સમગ્ર વ્યવસ્થાનું નિરીક્ષણ શરૂ કરી દીધું હતું.મહાકુંભના ડીઆઈજી વૈભવ કૃષ્ણએ જણાવ્યું હતું કે, ગત ૨૯મી જાન્યુઆરીએ સર્જાયેલી અવ્યવસ્થાનું પુનરાવર્તન ના થાય તે માટે ભીડના નિયંત્રણ માટે તમામ મહત્વના સ્થળોએ પોલીસદળના વધારાના જવાનોને તૈનાત કરવામાં આવ્યાં હતાં. એટલું જ નહીં તેમણે સમગ્ર મેળા વિસ્તારમાં પેટ્રોલિંગ પણ કર્યું હતું. ઉત્તરપ્રદેશ સરકારના જણાવ્યાં અનુસાર, સાંજે છ વાગ્યા સુધીમાં આશરે ૨.૩૩ કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ અમૃત સ્નાનનો લાભ લીધો હતો. આ આંકડો પાંચ કરોડે પહોંચવાની સંભાવના છે. મહાકુંભમાં પવિત્ર સ્નાન માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાંચમી ફેબ્રુઆરીએ પ્રયાગરાજ જશે. આ માટે પ્રોટોકોલમાં ફેરફાર કરવામાં આવ્યો છે. વડાપ્રધાન મોદીનો કાર્યક્રમ ખૂબ ટૂંકો કરવામાં આવ્યો છે. આ અંતર્ગત પીએમ મોદી હવે ફક્ત એક કલાક જ પ્રયાગરાજમાં રહેશે. આ દરમિયાન એ સંગમ સ્નાન અને ગંગા પૂજન કરશે. આ સિવાય પહેલાથી નક્કી કરાયેલા કાર્યક્રમો થશે નહીં. વડાપ્રધાનના કાર્યક્રમને જોતા જ તેમની ટુકડીએ સોમવારે રિહર્સલ પણ કર્યું. પીએમ મોદીના આગમન પહેલા મંગળવારે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ પ્રયાગરાજ આવી રહ્યા છે. એ ભૂતાનના રાજાની સાથે સંગમ સ્નાન માટે પહોંચી રહ્યા છે. માનવામાં આવી રહ્યુ છે કે આ દરમિયાન યોગી પીએમ મોદીના કાર્યક્રમની તૈયારીઓની સમીક્ષા કરશે.

### આગ્રામાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો

# હાઈ હીલ્સ પહેરવાનો શોખ છુટાછેડા સુધી લઈ ગયો

। (એજન્સી) આગ્રા, તા.૪ ।

આગ્રામાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પતિ-પત્ની વચ્ચે હાઈ હૂલ્સ માટે ઝઘડો થયો. મામલો એટલો વધી ગયો કે મામલો પોલીસ સુધી પહોંચ્યો. અને હવે વાત છુટાછેડા સુધી પહોંચી ગઈ છે. પોલીસે બંને યુગલોને ફેમિલી કાઉન્સેલિંગ સેન્ટરમાં મોકલી દીધા છે. આ બાબતથી ઘણા લોકોને આઘાત લાગ્યો છે. ખરેખર, આ દંપતીના લગ્ન એક વર્ષ પહેલા આગ્રામાં થયા હતા. આ છોકરીને હાઈ હીલવાળા સેન્ડલ પહેરવાનો શોખ છે. આવી સ્થિતિમાં, લગ્ન પછી, તેણે તેના પતિ પાસેથી હાઈ હીલના સેન્ડલની માંગણી કરી. જ્યારે પતિએ પત્નીની માંગણી ન માની, ત્યારે બંને વચ્ચે ઝઘડો થયો. બંને વચ્ચે ઘણા દિવસો સુધી મતભેદ ચાલુ રહ્યો. પતિએ વિચાર્યું કે થોડા સમય પછી તેની પત્ની હાઈ હીલ્સ પહેરવાનો આગ્રહ છોડી દેશે, પરંતુ મામલો વધુ વકર્યો અને વાત છુટાછેડા સુધી પહોંચી ગઈ. હાઈ હિલ્સનો વિવાદ એટલો વધી ગયો કે પત્નીએ સાસરિયાનું ઘર છોડી દીધું.

### હિન્દુઓમાં આક્રોશ

# સાઉથ આફ્રિકામાં શિક્ષકે વિદ્યાર્થીના હાથમાંથી નાડાછડી કાપી નાખી

। (એજન્સી) સાઉથ આફ્રિકા, તા.૪ ।

સાઉથ આફ્રિકામાં ગયા અઠવાડિયે એક એવી ઘટના બની કે જેના કારણે દેશભરના હિન્દુઓમાં આક્રોશ છે. સાઉથ આફ્રિકામાં એક શિક્ષકે એક હિન્દુ વિદ્યાર્થીએ કાંડા પર પહેરેલી નાડાછડી કાપી નાખી હતી. આ ઘટના ગયા અઠવાડિયે ક્વાઝુલુ-નાતાલ પ્રાંતની ડ્રેકન્સબર્ગ માધ્યમિક શાળામાં બની હતી. આ અંગે સાઉથ આફ્રિકન હિન્દુ મહાસભા એ શિક્ષણ સત્તાવાળાઓ પાસેથી કાર્યવાહીની માંગ કરી છે. શિક્ષકે દાવો કર્યો હતો કે, 'શાળા સાંસ્કૃતિક અથવા ધાર્મિક પ્રતીકો પહેરવાની મંજૂરી આપતી નથી.' આ મામલે હિંદુ સંગઠને નિવેદન આપ્યું હતું કે, 'SAHMS એક હિન્દુ વિદ્યાર્થીએ કાંડા પર પહેરેલી નાડાછડી કાપી નાખવામાં શિક્ષક દ્વારા લેવાયેલા અસંવેદનશીલ અને બેજવાબદારીભર્યા પગલાંની સખત નિંદા કરીએ છે. આ ઘટના ડ્રેકન્સબર્ગ સેકન્ડરી સ્કૂલમાં બની હતી. આ સ્કૂલના શિક્ષકે હિન્દુ વિદ્યાર્થીના કાંડા પર પહેરેલી નાડાછડી કાપી નાખી હતી.'

# યુનિફોર્મ ટોલ પોલિસી પર કામ કરી રહી છે સરકારઃ નીતિન ગડકરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

સરકાર નેશનલ હાઈવે પર મુસાફરોને રાહત આપવાની તૈયારીમાં છે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ પોતે આ અંગે જાણકારી આપી છે. તેમણે કહ્યું કે, 'નેશનલ હાઈવે પર મુસાફરોને રાહત આપવા માટે સરકાર એક યુનિફોર્મ ટોલ પોલિસી પર કામ કરી રહી છે. આ પોલિસીથી મુસાફરોની સમસ્યાઓનું ઉકેલ મળશે.' ગડકરીએ એક મીડિયા એજન્સીને આપેલા ઈન્ટરવ્યુમાં આ અંગે માહિતી આપી છે. તેમણે કહ્યું કે, 'અમે નેશનલ હાઈવે પર મુસાફરોને પડતી હાલાકીનો ઉકલે લાવવા માટે એક યુનિફોર્મ ટોલ



પોલિસી પર કામ કરી રહ્યા છે. આ પોલિસીથી મુસાફરોની સમસ્યાઓનું ઉકેલ મળશે. ભારત હવે હાઈવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે મજબૂત બની રહ્યું છે, ભારતનું હાઈવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર હવે અમેરિકાના ઈન્ફ્રાસ્ટક્ચર જેવું દેખાય છે.' નીતિન ગડકરીએ આ અંગે વધુમાં જણાવ્યું કે, 'માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય સોશિયલ મીડિયા પર મુસાફરો દ્વારા કરાયેલી ફરિયાદોને ખૂબ જ ગંભીરતાથી લઈ રહ્યું છે. અમે મુસાફરોની ફરિયાદોનું ઉકેલ લાવવા પ્રયાસો કરી રહ્યા છે અને ફરિયાદોમાં સામેલ આરોપી ઠેકેદારો વિરૂદ્ધ કડક કાર્યવાહી કરી રહ્યા છે.' આ ઉપરાંત વધુમાં તેમણે કહ્યું કે, 'નેશનલ હાઈવે પર હાલ આશરે ૬૦ ટકા મુસાફરી અંગત કારો દ્વારા થાય છે. જોકે, આ વાહનો પાસેથી મળતી ટોલની આવક કુલ આવકની માંડ ૨૦થી ૨૬ ટકા જ છે. ચાલુ નાણાકીય વર્ષમાં ધોરીમાર્ગ મંત્રાલય દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ૩૭ કિમી પ્રતિ દિનના હાઈવે નિર્માણનો પાછલો રેકોર્ડ તોડી નવો રેકોર્ડ બનાવશે. ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધી આશરે ૭૦૦૦ કિમી ક્ષેત્રમાં નેશનલ હાઈવેનું નિર્માણ કરવામાં આવ્યું છે.' નોંધનીય છે કે, નેશનલ હાઈવે પર ટોલ આવકમાં વૃદ્ધિ થઈ છે, છેલ્લા ૧૦ વર્ષોમાં વધુમાં વધુ ક્ષેત્રો ટોલિંગ સિસ્ટમ અંતર્ગત આવી ગયા છે. આ કારણસર મુસાફરોમાં અસંતોષ પણ વધી ગયું છે. વર્ષ ૨૦૨૩-૨૪માં ભારતમાં કુલ ટોલ કલેક્શન ૬૪,૮૦૯.૮૬ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે. જે ગત વર્ષની સરખામણીમાં ૩૫ ટકા વધુ છે. વર્ષ ૨૦૧૯-૨૦માં ટોલિંગ કલેક્શન ૨૭,૫૦૩ કરોડ રૂપિયા હતું.

## તંત્રી લેખ...

# જો અમેરિકા ભારત પર ટેરિફ લગાવશે તો શું કરશો?

બજેટ ૨૦૨૫માં થયેલી જાહેરાતને લઈને મંથન ચાલી રહ્યું છે. ગ્લોબલ સ્ટોક માર્કેટમાં અમેરિકી ટેરિફની અસર જોવા મળી રહી છે. આ સવાલના જવાબમાં નાણાંમંત્રીએ કહ્યું કે ભારત અને અમેરિકાની વચ્ચે એવો ટ્રેડ નથી કે અમેરિકા ટેરિફ લગાવી શકે છે તેમ છતાં તે ટેરિફ લગાવે છે તો અમારી નજર તેની પર છે જો અમેરિકા ભારત પર ટેરિફને લઈને કોઈ પગલું ઉઠાવે છે તો પછી જોઈશું આપણે શું કરી શકીએ છીએ. અમારી સંપૂર્ણ તૈયારી છે. નાણાંમંત્રીએ કહ્યું કે કસ્ટમ ડ્યુટીને લઈને એ કહેવા ઈચ્છીશ કે અમે આની પર ખૂબ કામ કર્યું છે. જે પ્રોડક્ટ્સના ઈમ્પોર્ટથી ઘરેલુ ઉદ્યોગને નુકસાન થશે, તેની પર ઈમ્પોર્ટ ડ્યુટી ઘટાડી શકતાં નથી કેમ કે દેશનું નુકસાન થવું જોઈએ નહીં પરંતુ જે વસ્તુઓ આપણે ત્યાં નથી એટલે કે જે વસ્તુઓ પર દેશ સંપૂર્ણરીતે ઈમ્પોર્ટ પર નિર્ભર છે. એવી વસ્તુઓ પર ઈમ્પોર્ટ ડ્યુટી ઘટાડવા પર વિચાર કરી શકીએ છીએ. ૨૦૨૭ સુધી વિકસિત ભારતના માર્ગમાં ઘણા પડકાર છે પરંતુ તેનો અર્થ એ નથી કે આપણે પીછેહઠ કરીએ. ખાસ કરીને ઘણા ગ્લોબલ પડકાર છે. તેમ છતાં લક્ષ્યની તરફ આગળ વધી રહ્યા છીએ. ઉલ્લેખનીય છે કે અમેરિકાએ ચીનથી આયાત થનારી તમામ વસ્તુઓ પર ૧૦ ટકા ટેરિફ લગાવ્યું છે. જવાબમાં અમેરિકાએ કોલસો અને ન્દ્રવ પર ૧૫ ટકા ટેરિફ તથા કાચું તેલ, કૃષિ મશીનરી, મોટી કારો અને પિકઅપ ટ્રકો પર ૧૦ ટકા ટેરિફ લગાવ્યો છે. જોકે અમેરિકાએ હજુ કેનેડા પર ટેરિફ લગાવવાના નિર્ણયને રોક્યો છે.

## સુરતથી પ્રયાગરાજ મહાકુંભ મેળાની વિશેષ વોલ્વો બસને પ્રસ્થાન કરાવતા વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવી





ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં આયોજિત પવિત્ર મહાકુંભની યાત્રા સરળ બનાવવા રાજ્ય સરકારે દરરોજ સુરતથી પ્રયાગરાજ એ.સી. વોલ્વો બસ સેવાનો પ્રારંભ કર્યો છે. જે સંદર્ભે વિશેષ વોલ્વો બસને સુરત સેન્ટ્રલ એસ.ટી. બસ સ્ટેશનથી વાહનવ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવીએ ફલેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. તા.૫મીથી સેન્ટ્રલ ડેપોથી દરરોજ બે એ.સી. વોલ્વો બસ વહેલી સવારે ૦૬:૦૦ વાગ્યે ઉપડશે. આ પ્રસંગે વાહનવ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, પ્રયાગરાજ મહાકુંભની યાત્રા અને પવિત્ર સ્નાન માટે સમગ્ર દેશ સહિત ગુજરાતના આસ્થાળુઓમાં ભારે ઉત્સાહ અને ધસારો છે. રાજ્યના નાગરિકોની સરળતા માટે અમદાવાદ બાદ સુરત, વડોદરા અને રાજકોટથી રાજ્ય સરકારે નવીન પાંચ વોલ્વો બસો શરૂ કરી કુંભ યાત્રિકો માટે ઘરઆંગણે સરળ અને સુગમ વ્યવસ્થા કરી છે. ગુજરાત ટૂરિઝમ અને GSRTC વિભાગના સંયુક્ત પ્રયાસથી બસ સેવા શરૂ થતા સુરતથી આસ્થાની પ્રવિત્ર ડૂબકી લગાવવા સુરતીઓ ઉત્તમ માટે બસ પરિવહન સુવિધા મેળવી શકશે. મંત્રીશ્રી સંઘવીએ વધુમાં કહ્યું હતું કે, બસ સેવાના માધ્યમથી પ્રયાગરાજ મહાકુંભમેળામાં યુવાનો, માતાઓ, વડીલો પવિત્ર સ્નાનનો સંકલ્પ પૂર્ણ કરી શકશે. કુંભમાં ભીડના કારણે એકાદ-બે કલાકનું મોડું થાય તો પણ એસટી બસ મુસાફરોની રાહ જોશે. ટ્રાફિકના સંજોગોમાં ધીરજ ધરવા અને સહયોગ આપવા સાથે પ્રશાસન દ્વારા આપવામાં આવેલી તમામ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા અનુરોધ કર્યો હતો તેમણે પ્રવાસીઓ માટે કરવામાં આવેલી રહેઠાણની વ્યવસ્થાઓની વિગતો પણ આપી હતી. મંત્રીશ્રીએ પ્રયાગરાજ જઈ રહેલા શ્રદ્ધાળુઓને કુમકુમ તિલક અને શ્રીફળ અર્પણ કરીને મંગલમય યાત્રાની શુભકામનાઓ આપી હતી. આ પ્રસંગે ધારાસભ્ય સર્વશ્રી પ્રવિણ ઘોઘારી, કાંતિ બલર, મેયર દક્ષેશ માવાણી, ડે.મેયર નરેન્દ્ર પાટિલ, GSRTC-સુરતના વિભાગીય નિયામક પી.વી.ગુર્જર. એસ.ટી.ના અધિકારીઓ સહિત પ્રવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા. સુરતથી પ્રયાગરાજ યાત્રાની વિગતઃ . . . . આજથી તા.૦૪ ફેબ્રુ.થી નવીન પાંચ વોલ્વો બસો (અમદાવાદ-૧, સુરતથી- ૨, વડોદરાથી- ૧ અને રાજકોટથી ૧ બસ) શરૂ કરાઈ છે. સુરત તથા રાજકોટથી ઉપડનાર બસ ની પ્રથમ અને ત્રીજી રાત્રીએ રહેવાની વ્યવસ્થા બારણ (મધ્યપ્રદેશ સરહદ નજીક), જ્યારે અમદાવાદ અને વડોદરાની વોલ્વો બસો માટે પ્રથમ અને ત્રીજી રાત્રીએ શિવપુરી (મધ્યપ્રદેશ) મુકામે કરવામાં આવી છે. સુરતથી પ્રતિ વ્યકિત માત્ર રૂ.૮૩૦૦માં ૩ રાત્રિ/૪ દિવસનું વિશેષ પેકેજ છે. નવી બસોનું ઓનલાઈન બુકિંગ એસ.ટી. નિગમની વેબસાઈટ WWW.GSRTC.IN પરથી તેમજ એડવાન્સ બુકિંગ બસ સ્ટેશન પર થઈ શકશે. સુરતથી પ્રથમ બસમાં યાત્રાળુઓએ ખુશી વ્યક્ત કરતાં કહ્યું કે, અમારા માટે તો ઘરઆંગણેથી જ રાજ્ય સરકારની અદ્યતન સુવિધા સાથેની એસી વોલ્વો બસ સેવા મળી છે. અમારી યાત્રા તો અહીં જ સફળ થઈ ગઈ છે એવું લાગી રહ્યું છે. પ્રયાગરાજ જવા માટે ટ્રેન અને વિમાન સેવામાં ભારે વેઈટિંગ છે, ત્યારે એસી વોલ્વો બસ સેવા શરૂ થવાથી ઘર બેઠા ગંગા જ મળી હોય એવી ખુશી અનુભવીએ છીએ.

### દરેક વખતે દરેક સ્ત્રી શક્તિ સ્વરૂપની સહન શક્તિ સરખી ન્હોય એવું બને! અને કોઈ કોઈ આ વિકટ પરિસ્થિતિનો રસ્તો કાઢવા કોઈ ઉપાય શોધે!

# અનીલા બેનને શું થયું હતું! નવરાત્રીમાં એને સાચે જ અવતાર આવતો હતો?





સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**દરેકને નવરાત્રી શબ્દ આવે એટલે કેટલીય યાદ આવે. યુવાનીમા રાસ ગરબા રમ્યા, અને સાવ નાનાં હતાં ત્યારે તો માથે ગરબો લઈને પણ નીકળતા, સહેલી સાથે કોઈના ઘેર દર્શન માટે જતા.**

શક્તિ ચરિત્રની તો જેટલી વાત કરીએ એટલી ઓછી છે, પુરાણોથી શરૂ કરીને આજ સુધી કેટલાય શક્તિ સ્વરૂપની બહાદૂરી હોશિયારી કે ત્યાગ સમર્પણ બલિદાનને કારણે આ સૃષ્ટિ અડીખમ ઉભી છે! પણ દરેક વખતે દરેક સ્ત્રી શક્તિ સ્વરૂપની સહન શક્તિ સરખી ન્હોય એવું બને! અને કોઈ કોઈ આ વિકટ પરિસ્થિતિનો રસ્તો કાઢવા કોઈ ઉપાય શોધે! અને ત્યારે એ તિરસ્કૃત પાત્રને અંધશ્રદ્ધા ને કારણે સૌ માન સન્માન આપે, અથવા તો પોતાનું ધાર્યું કરાવી લે એવું પણ બને. આપણે કાલના ચિંતનમાં જ વાત કરી કે એક ઘરમાં વસતાં ત્રણ શક્તિ સ્વરૂપની કોઈ ને કોઈ રુપે અવહેલના થઈ છે, ક્યાંક દિકરી અને પુત્રવધૂ વચ્ચે ભેદ ક્યાંક મા મહાન એમ પત્ની તરછોડાય, તો ક્યાંક મા બિચારી વૈતરું કરે! આપણાં સમાજમાં માતાજી આવવા એવું બહું જ સાંભળવા મળે છે સાચું છે કે ખોટું! એમાં જવું નથી, પણ આવો જ એક કિસ્સો આજે બુધવારની બોધકથા માં જોઈએ.

ડોક્ટર વિધાત્રી વૈદ્ય શહેરમાં સારામાં સારા મનોચિકિત્સક હતાં, એટલે એમને ત્યાં કાયમ ગડદી રહેતી. નવરાત્રિ ચાલતા હતાં, અને પોતાના ઘરે પણ માતાજીનું સ્થાપન હતું, એટલે તેને ઘરે જવાની ઉતાવળ હતી. આ તો ગુપ્ત નવરાત્રિ હતાં, પણ દરેકને નવરાત્રી શબ્દ આવે એટલે કેટલીય યાદ આવે. યુવાનીમા રાસ ગરબા રમ્યા, અને સાવ નાનાં હતાં ત્યારે તો માથે ગરબો લઈને પણ નીકળતા, સહેલી સાથે કોઈના ઘેર દર્શન માટે જતા, જ્યાં વાળ છૂટા મૂકેલી કપાળમાં મોટો ચાંદલો કરેલી, ગળામાં ફૂલનો હાર પહેરેલી, એવી નાની કે મોટી ઉંમરની સ્ત્રી ધૂણતી હોય, ત્યારે વિચાર આવતો કે આ શ્રદ્ધા છે કે અંધશ્રદ્ધા? ત્યારે તો કૂતુહલ થતું હતું,પણ હવે તો ખ્યાલ આવી ગયો કે, આ બધું કોઈ એલર્જીને કારણે થાય છે. આજે કોઈ પેશન્ટ છે નહીં એટલે ઘરે જ ચાલી જાઉં! એમ વિચારીને ઉભી થતી હતી, ત્યાં, એક વયસ્ક પુરુષ આવ્યો, અને બોલ્યો બેન મારી પત્નીને બહુ જ માતાજી આવે છે, અને સખત ધૂણે છે, તે હાર્ટ પેશન્ટ છે, એટલે મને ચિંતા થાય છે. તો એને માતાજી ન આવે એવું કંઈક કરો ને!? ડોક્ટરે તેને કહ્યું કે તમારી પત્ની સાથે નથી આવ્યા? એણે કહ્યું ના એને તો માતાજી આવ્યા છે, તેણે ઝાટકો મારી મને પછાડી દીધો. મને સમજાતું નથી કે આટલી શક્તિ ક્યાંથી આવે છે? વિધાત્રી વૈદ્ય તેને તેની પત્ની નોર્મલ હોય ત્યારે આવવાં કહ્યું.

બીજે દિવસે પેલા ભાઈ તેની પત્ની અનીલાને લઈને આવ્યાં, એકદમ શાંત દેખાવડા અને સ્વસ્થ એવા એ બહેને કહ્યું કે ખબર નહીં અમુક પ્રકારના માહોલમાં મારી અંદર કોઈ બદલાવ આવી જાય છે, અને જે મને ધૂણવા માટે મજબૂર કરે છે. આ ઉપરાંત પહેલાં સંયુક્ત કુટુંબમાં રહેતાં એટલે સાસુ, જેઠાણી, નણંદ, કે પછી અન્ય કોઈને તાબે રહેવાનું, હાં જી હાં કરવાનું! એટલે મેં આ તકનો લાભ પણ ઘણીવાર લીધો છે, અને પછી એ બધાં મને પગે લાગે માતાજી માતાજી કરી માન સન્માન આપે વગેરેથી હુ ખુશ થતી. પણ હવે એવું કંઈ નથી છતાં આવું થાય છે એટલે મને પણ એવું લાગે છે કે માતાજી જ આવે છે, મને થયેલા અન્યાયનો બદલો લેવા. ડોકટરે તેની ઘણી પુછપરછ કરી, કે કંઈ ખાવાથી, પહેરવાથી,કે પછી સ્પ્રે વગેરેથી આવું થાય છે? તેણે કહ્યું ના એવું કંઈ નથી. થોડીવારમા ફુલવાળો તાજા ફૂલ આપી ગયો, અને ડોક્ટરે તેને ફૂલદાનીમાં રાખી દીધાં. થોડીવારમાં સામેના મંદિરમાં કોઈ કે ધૂપ કર્યો હશે, તો એની પણ ધીમે ધીમે સુગંધ આવવા લાગી, અને અચાનક નોર્મલ લાગતી પેલી સ્ત્રીનું શરીર ધ્રુજવા લાગ્યું, જેમ જેમ સુગંધ ગાઢ બનતી ગઈ, તેમ તેણે પોતાના મગજ પરનો કાબૂ ગુમાવી દીધો, અને જોર જોરથી ધૂણવા લાગી. ડોક્ટરને તરત જ સમજાઈ ગયું કે,આ એલર્જી છે. માનવીને ઓછામાં ઓછી સાતથી આઠ હજાર પ્રકારની એલર્જી હોઈ શકે છે, એમાની એક હોય શકે. આ બેન અમુક ચોક્કસ પ્રકારના પદાર્થની સુગંધની એલર્જી છે, આ વસ્તુ નાનપણમાં થઈ હોય, ત્યારે તેના ઘરના વડીલોએ તેને માતાજી આવે છે, એવું ઠોકી બેસાડ્યું હોવાથી, હવે તે પોતે પણ એવું માનવા લાગ્યાં હોય. કારણ કે મોટેભાગે નવરાત્રીમાં જ ધૂપ પ્રગટાવવામાં આવે છે, તેમજ અમુક ચોક્કસ પ્રકારના ફુલ આ સીઝન દરમિયાન થાય છે, અને તેની એક ભીની અને મીઠી ખૂશ્બુ, તેમજ ધૂપની સુગંધનાં મિશ્રણથી જે ગંધ ઉત્પન્ન થાય, એ ગંધની એને એલર્જી હોવી જોઈએ, એવું તેણે મનોમન તારણ બાંધ્યું, અને એ મુજબની દવા આપી.

ડોક્ટરે તેમને સમજાવતા કહ્યું કે તમારા પત્નીને એક મોટી એલર્જી છે, એને કારણે તે આવું વર્તન કરે છે. આપણાં નાકમાં ધૂળ ઉડે તો આપણે જેમ છીક આવે,અને વધુ હોય ત્યારે છીંક ઉપર છીંક ખાતા હોઈએ છીએ. એમ વિવિધ પ્રકારના દ્રવ્યની વિવિધ પ્રકારની એલર્જી અને તેનું રીએક્શન પણ જુદું-જુદું હોય. નાના હોય ત્યારે દીવા, કપૂર, અગરબત્તી, ફૂલો, વગેરેની ગંધ ધૂપ સાથે મિશ્રણ થવાથી, આ એલર્જી એકદમ ભડકી ઊઠે, અને તેની તીવ્રતાથી શરીર ધ્રુજવા લાગે, બધા એમ સમજે કે આને માતાજી આવ્યા છે, એટલે કંકુ-ચોખા ઉડાડે કે તાળી પાડીને ગરબા ગાવા લાગે, ક્યાંક કોઈ માતાજીને મા ખમ્મા ખમ્મા કરી અને વધુ ઉશ્કેરે, અને ઘણીવાર આ પ્રોગ્રામ એક કલાક સુધી પણ ચાલી શકે. આ એક પ્રકારનો એલર્જીક આવેગ છે, એમાં એવા સમયે ત્યાં ભક્તિ ભાવ ભર્યું વાતાવરણ હોય, તો આ આવેગ આવેશમાં ફેરવાઈ જાય, અને આવેશ ને તરત જ લોકો અવતાર પણ માની લેતા હોય છે. એટલે કે કંકુ ચોખા ફૂલ તેની પર ઉડાડે અને અમુક પ્રકારનું માન કોને ન ગમે! એટલે ધીરે ધીરે જીવ પણ આ ક્રિયાને અવતાર સમજી લે. અત્યારે મેં પ્રાથમિક તબક્કાની ગોળીઓ તેમને આપી છે. હવે તેની આસપાસ લાખ ધૂપનો ધુમાડો કરો કે, અન્ય ફુલ, દીવા, વગેરેની ગંધ તેમજ કંકુ ચોખા કે ફુલ ઉડાડશો, તો પણ તેને હવે એ પ્રકારનો આવેગ કે આવેશ આવશે નહીં.

મિત્રો નવરાત્રી માં આવું બધું થતું હોય છે, ઘણી જગ્યાએ કોઈ ષડયંત્ર પણ રચાતું હોય, ત્યાં તો હાથનાં જાદુના ખેલનો ઉપયોગ પણ થતો હોય છે,પણ ઘણા બિચારા જાણતા નથી કે આ એક એલર્જી છે, અથવા બુદ્ધિ પૂર્વકનું ચોકઠું ગોઠવ્યું હોય, એટલે બધાં અંધશ્રદ્ધા ને નામે શ્રદ્ધાથી એને જુવે! બાકી ભૂવા ધૂણે કે ડાકલા વગાડે એ તો એક કલા છે, અને જેમ મદારી બીમ વગાડે ને સાપ નાચે એમ ડાકલા વાગે, એટલે એક મસ્તીનો માહોલ પણ થાય. ટૂંકમાં ડરાવે એવા ધર્મથી દૂર રહેવું,અને દંભ કરાવે એ ધર્મથી પણ દૂર રહેવું.

### ભાગવતની કથા શ્રવણ કરવાથી વાસનાની એક-એક ગાંઠ તૂટે છે પ્રભુ પ્રત્યે પ્રેમ વધે એટલે આસક્તિની ગાંઠ છૂટી જાય

# મહેનત કરવાથી ક્યારેય ગરીબી નથી આવતી, ધર્મ કરવાથી પાપ અને મૌન રાખવાથી ક્યારેય ઝગડો વિવાદ નથી થતો



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**એક બ્રાહ્મણરોજ કથા કરવા આવે. એક દિવસ શેઠને બહારગામ જવાનું થયું. કથા સાંભળવાના નિયમનો ભંગ કેમ થાય? તેમણે બ્રાહ્મણને કહ્યું,મારાથી કાલે કથા નહીં સંભળાય. નિયમનું શું થશે? બ્રાહ્મણે કહ્યું,તમારા બદલે તમારો પુત્ર કથા સાંભળશે તો ચાલશે.**

આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો શાસ્ત્રમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર અને અવિદ્યાને સાત ગાંઠ બતાવી છે. આ સાત ગાંઠોમાં જીવ બંધાયેલો છે, તેમાંથી તેને છોડાવવાનો છે. ભાગવતની કથા શ્રવણ કરવાથી વાસનાની એક- એક ગાંઠ તૂટે છે. પ્રભુ પ્રત્યે પ્રેમ વધે એટલે આસક્તિની ગાંઠ છૂટી જાય. માટે ઈશ્વર એકલો જ સાચો છે એમ માની નિત્ય તેનું સ્મરણ કરવું.

એક ગૃહસ્થ બાર વર્ષથી ભાગવતની કથા સાંભળે. એક બ્રાહ્મણરોજ કથા કરવા આવે. એક દિવસ શેઠને બહારગામ જવાનું થયું. કથા સાંભળવાના નિયમનો ભંગ કેમ થાય? તેમણે બ્રાહ્મણને કહ્યું,મારાથી કાલે કથા નહીં સંભળાય. નિયમનું શું થશે? બ્રાહ્મણે કહ્યું,તમારા બદલે તમારો પુત્ર કથા સાંભળશે તો ચાલશે. ગૃહસ્થે કહ્યું, પરંતુ કથા સાંભળી એને ક્યાંક સંસાર ઉપરથી વૈરાગ્ય આવી જાય તો?બ્રાહ્મણે કહ્યું, બાર વર્ષથી તમે કથા સાંભળો છો તમને વૈરાગ્ય ન આવ્યો અને એક દિવસની કથાથી છોકરાને શું વૈરાગ્ય આવી જશે? કેવી વાત કરો છો તમે? યજમાન કહે છે, અમે રોજ કથા સાંભળીએ છીએ પણ મનની ગાંઠ છોડતા નથી તો!

પરમાત્માના ચરણોનો આશ્રય લઈ મહાપાપી ધુંધુકારી દેવ જેવો બન્યો.

ધુંધુકારીને લેવા પાર્ષદો વિમાન લઈને આવ્યા.ગોકર્ણ પાર્ષદોને પૂછે છે કે,એકલા ધુંધુકારી માટે વિમાન લાવ્યા, બીજા કોઈ માટે ન લાવ્યા? ત્યારે પાર્ષદો કહે છે કે, તે એક આસને બેસતો. ઉપવાસ કરતો અને કથાનું રોજ શ્રવણ સાથે મનન કરતો! માટે કથા રોજ ધુંધુકારીની જેમ સાંભળવી જોઈએ. તેણે કથાનું શ્રવણ, મનન એટલે નિદિધ્યાસન કર્યું એટલે મુક્તિ મળી.

દઢતા વગરનું જ્ઞાન નકામું, બેદરકારીથી કરેલું શ્રવણ નકામું, સંદેહ હોય તે મંત્ર નકામો અને વ્યગ્ર ચિત્તે કરેલો જપ પણ નકામો કથામાં બેઠા હોય પણ મન ન હોય તો એ શ્રવણ શું કામનું!કથા સાંભળતી વખતે તન, મન અને ઘરનું ભાન ભૂલાઈ જવું જોઈએ. તન્મયતાથી કથા સાંભળવી જોઈએ. કથા સાંભળી જીવનમાં એક લક્ષ્ય નક્કી કરવું જોઈએ. ભાગવત ભગવાનની કથા પ્રભુના દિવ્ય સદગુણોને જીવનમાં ઉતારો પૂર્વજન્મનો વિચાર ન કરો.જનક રાજાએ પોતાના પૂર્વજન્મો જોવા ઋષિ યાજ્ઞવલ્ક્ય પાસે માગણી કરી.યાજ્ઞવલ્ક્ય તેને તેના પૂર્વ જન્મો બતાવ્યા. જનકરાજાએ જોયું કે, પોતાની પત્ની અગાઉના એક જન્મમાં પોતાની માતા હતી. તેઓને દુઃખ થયું. તેથી એ પૂર્વ જન્મના વિચારો ન કરો. આ જન્મ જ સુધારવા પ્રયત્ન કરો. કથા એ પણ કીર્તન ભક્તિનું સ્વરૂપ છે અને કીર્તન ભક્તિ દ્વારા જે પરમાત્માના દર્શન થાય છે,એ કથાશ્રવણ દ્વારા પણ થઈ શકે છે સંસારનો જીવમાત્ર વ્યાસ નારાયણનો શિષ્ય છે.

ભાગવતએ મૃત્યુ સુધારનારી ઔષધિ છે. મૃત્યુ કોને નથી? મૃત્યુનો ડર કોને નથી? સૌને છે, એટલે સૌને આ ઔષધિની જરૂર છે.પરમાત્મા શ્રીકૃષ્ણનું નામ સ્વરૂપ એ આ ભાગવત છે. પરમાત્માએ જગતમાં પોતાનું સ્વરૂપ છુપાવ્યું છે, પણ નામ છુપાવ્યું નથી, પણ નામ પ્રગટ રાખ્યું છે. માટે પરમાત્માના નામ સાથે પ્રીતિ કરો. નામ સાથે પ્રીતિ થાય ત્યારે જ વાસના છૂટે છે. જ્યાં નામ છે ત્યાં પરમાત્માને પ્રકટ થવું જ પડે છે. ભાગવત એ પરમાત્માનું નામસ્વરૂપ છે.માટે તે દિવ્ય છે.

આચાર્ય ચાણક્ય કહે છેકે "મહેનત કરવાથી ક્યારેય ગરીબી નથી આવતી, ધર્મ કરવાથી પાપ અને મૌન રાખવાથી ક્યારેય ઝગડો વિવાદ નથી થતો."સખત પરિશ્રમ-માત્ર મહેનત કરવી જ પુરતી નથી, પરંતુ યોગ્ય દિશામાં અથવા તે જ દિશામાં સખત મહેનત કરવી પણ ફરજિયાત બની જાય છે. યોગ્ય સમયે અને સાચી દિશામાં કરવામાં આવતી મહેનત હંમેશા જીવનમાં પ્રગતિનું મૂળ છે.

ધર્મ - સત્ય, પ્રેમ અને કરુણા એ ધર્મનું મૂળ છે.જો ધર્મને સર્વગ્રાહી દ્રષ્ટિકોણથી જોવામાં આવે તો પરોપકાર,પરોપકાર,સર્વ જીવોની સેવા, સત્કર્મ, ઉમદા કાર્યો, સારા શાસ્ત્રો કે સત્સંગનો આશ્રય લેવો આ બધા ધર્મના સ્વરૂપો છે. જ્યારે વ્યક્તિ આ દૈવી ગુણોને પોતાના જીવનમાં ગ્રહણ કરે છે, ત્યારે તેની પાપી વૃત્તિઓ આપો આપ નાશ પામવા લાગે છે. મૌન - મૌન તોડવાથી પરિવારમાં કે સમાજમાં મતભેદ થાય છે. વિવાદના ઝેરને કાપવા માટે મૌન એક શક્તિશાળી શસ્ત્ર છે.જો ક્રોધની ક્ષણોમાં મૌનની દવાનું સેવન કરવામાં આવે તો વિવાદનો રોગ શક્ય નથી.

ક્રોધની ક્ષણોમાં મૌન જાળવવું અને ધર્મના માર્ગનો આશરો લેવો અને સંપૂર્ણ એકાગ્રતાથી પરિશ્રમ કરવો એજ સફળ જીવનનું સૂત્ર છે.

"ઈશ્વર"જેણે આખી દુનિયા બનાવી,આપણને જીવન અને સહારો આપ્યો,માયાના પ્રભાવથી તે પણ જીવને પરાયું લાગવા માંડે છે.બધું અહીં છોડવાનું છે એ જાણ્યા પછી પણ લોકો ધન અને મૂર્ખની જેમ મિલકત.વ્યક્તિ પીછો કરીને પોતાનું જીવન બગાડે છે.

જીવને માયા હંમેશા ભ્રમમાં રાખે છે. જે કોઈ વસ્તુ તમારી નથી તેને તમારું માની લેવું એ ભ્રમ કહેવાય છે, માયા અભેદ્ય છે, તે વેબ પછી વેબ વીણતી રહે છે, તેના મોહક ચિત્રોનો કોઈ અંત નથી.

સત્સંગનો આશરો લેવાથી જ જ્ઞાનની આંખો ખુલી શકે છે અને આત્માની ભીતરની આંખો પરથી ભ્રમનો પડદો હટાવી શકાય છે. માયાના અતિશય ચિંતનથી આત્મા દુઃખી થાય છે, માયાનો નહીં માયાપતિનો આશરો લેવો. યાદ રાખો..તફાવતો.શક્ય છે પણ ભેદભાવ નથી...!!!

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે બદલાતા હવામાન વચ્ચે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરી રહ્યા છીએ ત્યારે આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

### કપાસની ઉત્પાદકતા વધારવા માટે બજેટમાં પાંચ વર્ષીય કપાસ મિશનનો સમાવેશ

# બજેટમાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે કાપડ મંત્રાલય માટે ૫૨૭૨ કરોડ રૂપિયાની જાહેરાત કરવામાં આવી છે

કેન્દ્રીય નાણાં મંત્રી દ્વારા ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૬ રજૂ કરવામાં આવ્યું હતું. અંદાજપત્રમાં વર્ષ ૨૦૨૫-૨૬ માટે કાપડ મંત્રાલય માટે રૂ. ૫૨૭૨ કરોડ (અંદાજપત્રીય અંદાજ)ના ખર્ચની જાહેરાત કરવામાં આવી હતી. જે ૨૦૨૪-૨૫ (૪૪૧૭.૦૩ કરોડ રૂપિયા)ના બજેટ અંદાજ કરતા ૧૯ ટકાનો વધારો છે.સ્થિર કપાસની ઉત્પાદકતાના પડકારોને પહોંચી વળવા માટે કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૬માં કપાસની ઉત્પાદકતા વધારવા માટે ખાસ કરીને એક્સ્ટ્રા-લોંગ સ્ટેપલ જાતો, પાંચ વર્ષના કોટન મિશનની જાહેરાત કરવામાં આવી છે. આ મિશન હેઠળ ખેડૂતોને વિજ્ઞાન અને ટેકનોલોજીની સહાયતા પ્રદાન કરવામાં આવશે. આ મિશન ૫ એફના સિદ્ધાંતને અનુરૂપ છે અને તેનાથી ખેડૂતોની આવકમાં વધારો થશે અને ગુણવત્તાયુક્ત કપાસનો સતત પુરવઠો વધશે. સ્થાનિક ઉત્પાદકતામાં વધારો કરીને આ પહેલ કાચા માલની ઉપલબ્ધતાને સ્થિર કરશે, આયાત પરની નિર્ભરતામાં ઘટાડો કરશે અને ભારતના ટેક્સટાઈલ ક્ષેત્રની વૈશ્વિક સ્પર્ધાત્મકતામાં વધારો કરશે, જ્યાં ૮૦ ટકા ક્ષમતા એમએસએમઈ દ્વારા સંચાલિત છે.

એગ્રો-ટેક્સટાઈલ્સ, મેડિકલ ટેક્સટાઈલ્સ અને જીઓ ટેક્સટાઈલ્સ જેવી ટેકનિકલ ટેક્સટાઈલ પ્રોડક્ટ્સના સ્પર્ધાત્મક ભાવે સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે વધુ બે પ્રકારના શટલ-લેસ લૂમ્સ સંપૂર્ણપણે છૂટ મેળવેલા ટેક્સટાઈલ મશીનરીની યાદીમાં ઉમેરવામાં આવ્યા છે. ટેક્સટાઈલ ઉદ્યોગમાં ઉપયોગ માટે શટલ લેસ લૂમ રેપિયર લૂમ્સ (૬૫૦ મીટર પ્રતિ મિનિટથી નીચે) અને શટલ લેસ લૂમ એર જેટ લૂમ્સ (પ્રતિ મિનિટ ૧૦૦૦ મીટરથી નીચે) પરની ડ્યૂટી હાલના ૭.૫ ટકાથી શૂન્ય કરવામાં આવી છે. આ જોગવાઈથી ઉચ્ચ ગુણવત્તાવાળા આયાતી લૂમ્સની કિંમતમાં ઘટાડો થશે, જેથી વણાટ ક્ષેત્રમાં આધુનિકીકરણ અને ક્ષમતા વધારવાની પહેલની સુવિધા મળશે. તેનાથી એગ્રો ટેક્સટાઈલ્સ, મેડિકલ ટેક્સટાઈલ્સ અને જીઓ-ટેક્સટાઈલ્સ જેવા ટેકનિકલ ટેક્સટાઈલ સેક્ટરમાં પણ મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન મળશે. નવ ટેરિફ લાઈન દ્વારા આવરી લેવામાં આવેલા ગૂંથેલા કાપડ પરનો બેઝિક કસ્ટમ ડ્યૂટી દર "૧૦ ટકા અથવા ૨૦ ટકા"થી વધીને "૨૦ ટકા અથવા રૂ. ૧૧૫ પ્રતિ કિલો, બેમાંથી જે વધારે હોય તે" થશે, તેનાથી ભારતીય ગૂંથાયેલા કાપડ ઉત્પાદકોની સ્પર્ધાત્મકતામાં સુધારો થશે અને સસ્તી આયાત પર અંકુશ આવશે. હસ્તકળાની નિકાસને સરળ બનાવવા માટે નિકાસ માટેનો સમયગાળો છ મહિનાથી વધારીને એક વર્ષ કરવામાં આવ્યો છે. જો જરૂર પડે તો વધુ ત્રણ મહિના સુધી લંબાવી શકાશે. જો જરૂર પડશે તો હસ્તકળાની નિકાસને આ જોગવાઈનો લાભ મળશે, જેમાં ચીજવસ્તુઓની યાદી વધારવામાં આવશે અને નિકાસ ઉત્પાદન માટે ડ્યૂટી-ફ્રી કાચા માલની આયાત માટેનાં સમયગાળાને વધારવામાં આવશે.

# બાહુબલી ફેમ પ્રભાસ હવે ‘કન્નપ્પા’માં જોવા મળશે

બાહુબલી ફેમ પ્રભાસ હંમેશાં તેના ચાહકોના દિમાગમાં છવાયેલો રહે છે, જે આગામી ફિલ્મ કન્નપ્પામાં જોવા મળશે. બાહુબલી પછી પ્રભાસને સાઉથ જ નહીં, પરંતુ દુનિયામાં આગવી ઓળખ મળી છે. કલ્કી પછી હવે તેની આગામી ફિલ્મ કન્નપ્પામાં જોવા મળશે.કલ્કી ૨૮૯૮ બાદ પ્રભાસની બહુપ્રતિક્ષિત તેલુગુ પૌરાણિક ફિલ્મ કન્નપ્પાના પ્રભાસના ફર્સ્ટ લૂક પોસ્ટરનું આજે અનાવરણ કરવામાં આવ્યું હતું. પ્રભાસ આ ફિલ્મમાં રુદ્રનાનું પાત્ર ભજવે છે. પ્રભાસે ઈન્સ્ટાગ્રામ પર આ લુકનું અનાવરણ કર્યું અને લખ્યું હતું ‘‘ધ ડિવાઈન ગાર્ડિયન રુદ્ર. રુદ્રના રૂપમાં મારા દેખાવનું અનાવરણ કરી રહ્યો છું. ઈકન્નપ્પામાં અતૂટ રક્ષક તરીકે તાકાત અને શાણપણનું મૂર્ત સ્વરૂપ. ભક્તિ, બલિદાન અને પ્રેમની કાલાતીત યાત્રા. અમારી સાથે જોડાઓ. મહાકાવ્ય, ૨૫ એપ્રિલ, ૨૦૨૫ના રોજ સિનેમાઘરોમાં આવી રહ્યું છે ઈંહરહરમહાદેવ.’’ પોસ્ટરમાં પ્રભાસ એક સંન્યાસી તરીકે જોવા મળે છે, તેના વાળ ખુલ્લા છે. તેણે ગળામાં રુદ્રાક્ષની માળા પહેરી છે. હાથમાં ત્રિશુલ જેવું શસ્ત્ર છે અને પાછળ ભગવાન શિવનું ચિત્ર છે. પોસ્ટરની ઉપર લખ્યું છે, ‘‘તે તોફાન છે! ભૂતકાળ અને ભવિષ્યના સમયનો માર્ગદર્શક. ભગવાન શિવની આજ્ઞાથી શાસન કરે છે!’’ પોસ્ટર પણ લોકોને ખૂબ પસંદ આવી રહ્યું છે.મુકેશ કુમાર સિંહ દ્વારા નિર્દેશિત, કન્નપ્પા ભગવાન શિવના સૌથી શ્રેષ્ઠ અનુયાયી, કન્નપ્પાની વાર્તા પર આધારિત છે. આ ફિલ્મમાં વિષ્ણુ મંચુ મુખ્ય ભૂમિકામાં છે અને તેમાં અભિનેતા અક્ષય કુમાર, મોહનલાલ અને કાજલ અગ્રવાલ પણ કેમિયો કરી રહ્યા છે. કન્નપ્પા ૨૫ એપ્રિલ, ૨૦૨૫ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.

# હું જ્હોની લીવરના વીડિયો જોઇને જોક્સ કહેતા શીખ્યોઃ કોમેડિયન તન્મય ભટ

**કોમેડિયન તન્મય ભટ સ્ટેન્ડ અપ કોમેડી અને એઆઈબી તેમજ કોમિકિસ્તાન જેવા શો માટે ખાસ જાણીતો છે**

કોમેડિયન તન્મય ભટ સ્ટેન્ડ અપ કોમેડી અને એઆઈબી તેમજ કોમિકિસ્તાન જેવા શો માટે ખાસ જાણીતો છે. આ ડિજિટલ ક્રિએટર તાજેતરમાં કૌન બનેગા કરોડપતિમાં અન્ય ડિજિટલ કન્ટેન્ટ ક્રિએટર સમય રૈના, કામિયા જાની અને ભુવન બામ સાથે હોટ સીટ પર આવ્યો હતો. તેણે કેબીસી ગેમ રમવાની સાથે પોતાની યાદો તાજા કરીને પોતાની શરૂઆતના દિવસો વિશે પણ વાત કરી હતી.કરોડપતિ સાથેના પોતાના સંબંધ વિશે વાત કરતા તન્મયે કહ્યું, ‘‘મારે શો પર સ્પર્ધક તરીકે આવવું હતું, પણ પછી હું તેનો ભાગ બની ગયો. હું ઘણા વર્ષ પહેલાં ઓડિયન્સ તરીકે આવ્યો હતો અને મેં ઓડિયન્સ પોલમાં પણ ભાગ લીધો હતો. તેમાં ૯૯ ટકા લોકોએ સાચો જવાબ આપ્યો હતો અને ૧ ટકામાં ખોટો જવાબ આપનારો હું હતો.’’ તેની આ વાતથી અમિતાભ બચ્ચન પણ હસી પડ્યા હતા. અમિતાભ બચ્ચને તન્મયને કન્ટેન્ટ ક્રિએશનની પોતાની સફર વિશે પૂછ્યું તો તન્મયે જણાવ્યું, ‘‘હું સ્કૂલમાં પણ બહુ જાડો હતો, ત્યારે મારા કોઈ મિત્રો નહોતા. તેથી મેં જ્હોની લીવરની કેસેટ જોવાનું શરૂ કર્યું તેમાંથી મને ઘણા જોક્સ શીખવા મળ્યા. પછી મેં જોક્સ કહેવાના શરૂ કર્યા અને મારા મિત્રો બનવા લાગ્યા. ત્યારે મને



સમજાયું કે હું આ ક્ષેત્રમાં કૅરિઅર બનાવી શકું છું અને સાથે મિત્રો પણ બનવા માંડ્યા.’’પછી સમય રૈનાએ પણ મજાક કરી હતી અને તેણે અમિતાભ બચ્ચનની ફિલ્મ સૂર્યવંશમ વારંવાર ટીવી પર આવતી તે અંગે કહ્યું, ‘‘સર, મેં જે તમારી પહેલી ફિલ્મ જોયેલી એ હતી સૂર્યવંશમ, મેં જે તમારી બીજી ફિલ્મ જોઈ એ પણ સૂર્યવંશમ છે. જે ત્રીજી ફિલ્મ જોઈ એ પણ સૂર્યવંશમ હતી’’ તેનાથી અમિતાભ બચ્ચન અને ઓડિયન્સ સહીત બધાં જ હસી પડ્યા હતા. આ મજાકના જવાબમાં અમિતાભ બચ્ચને કહ્યું હતું, ‘‘રિશ્તે મેં તો હમ તુમ્હારે બાપ લગતે હેં, ઔર નામ હે શહેનશાહ.’’

# સલમાનનું પહેલું પોડકાસ્ટ અરહાનના ‘ડમ્બ બિરિયાની’ માટે છે

# સલમાન ખાનનું પહેલું પોડકાસ્ટ, ભત્રીજા અરહાનને ખુશ કર્યો

સલમાન ખાને ભલે લગ્ન કર્યા નથી, પરંતુ ફેમિલી મેન તરીકેની ઈમેજ જાળવી રાખી છે. પોતાના પરિવાર અને મિત્રોની મદદ માટે હંમેશા તત્પર રહેતા સલમાનની દિલદારીના કિસ્સા અનેક છે. સલમાને હવે ભત્રીજા અરહાનને ખુશ કરવા માટે પોડકાસ્ટમાં ડેબ્યુ કર્યું છે. સલમાનનું પહેલું પોડકાસ્ટ અરહાનના ‘ડમ્બ બિરિયાની’ માટે છે. ‘ડમ્બ બિરિયાની’ના ગેસ્ટ તરીકે આગામી એપિસોડ્સમાં સલમાન ખાન જોવા મળશે. સલમાન ખાને ઈન્સ્ટાગ્રામ પર ટીઝર શેર કર્યું હતું, જેમાં તે રિવાર અને મિત્રોની પડખે ઊભા રહેવાનું મહત્ત્વ સમજાવે છે. સલમાને કહ્યું હતું કે, વ્યક્તિ તરીકે હું તમારા બધાની જેમ જ એક સામાન્ય માણસ છું. સલમાને વીડિયોના કેપ્શામાં કહ્યું છે કે, એક વર્ષ પહેલા આ છોકરાઓ સાથે વાત કરી હતી. તેમને મારી સલાહ યાદ છે કે નહીં તેની ખબર નથી. ડમ્બ બિરિયાનીમાં મારું પહેલું પોડકાસ્ટ આવી રહ્યું છે. સલમાને આ પોડકાસ્ટમાં પોતાના સંબંધોની ચર્ચા કરી છે અને પોતાની ટીકા પણ કરી છે. સલમાને દિલ ખોલીને કરેલી વાતો ઘણી મસાલેદાર હોવાનો સંકેત આ ટીઝરમાં જોવા મળે છે. પોડકાસ્ટને છ સિરીઝમાં રિલીઝ કરવામાં આવશે. આ પોડકાસ્ટમાં ખાન પરિવારના સભયો પણ સાથે સાંભળવા મળશે.

## વર્ષ ૨૦૨૧માં અભિનેતા નાગા ચૈતન્ય સાથે છૂટાછેડા લીધા હતા

# સામંથાના જીવનમાં વસંત ખીલી, ફરી પ્રેમમાં પડી

સાઉથ સિનેમાની લોકપ્રિય અભિનેત્રી સામંથા રૂથ પ્રભુ ફરી એકવાર પોતાની લવ લાઈફને લઈને ચર્ચામાં છે.ખરેખર, છેલ્લા કેટલાક દિવસોથી સમાચાર આવી રહ્યા છે કે સામંથા રૂથ પ્રભુના જીવનમાં ફરીથી પ્રેમનો પ્રવેશ થયો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે અભિનેત્રી ‘સિટાડેલઃ હની બની’ના ડિરેક્ટર રાજ નિદિમોરુને ડેટ કરી રહી છે. આ દરમિયાન, સામન્થાએ કેટલીક તસવીરો પણ શેર કરી. જેમાં તે રાજનો હાથ પકડીને જોવા મળી હતી. જે પછી તેમના અફેરના સમાચારોએ વધુ જોર પકડ્યું છે. સમન્થા રૂથ પ્રભુએ તાજેતરમાં એક પિકલેબોલ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો. અભિનેત્રીએ હવે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તેની ઘણી તસવીરો શેર કરી છે.આ તસવીરોમાં, સામંથા રૂથ પ્રભુ સ્ટેડિયમમાં ડિરેક્ટર રાજ નિદિમોરુ સાથે જોવા મળી હતી. અભિનેત્રી પિકબોલ ટીમ, ચેન્નાઈ સુપર ચેમ્પ્સની માલિક છે. આ તસવીરો વાયરલ થવાનું





કારણ રાજ નિદિમોરુ સાથેનું તેમનું બંધન છે. ખરેખર, એક તસવીરમાં, બંને એકબીજાનો હાથ પકડીને કેમેરા માટે પોઝ આપી રહ્યા છે.આવી સ્થિતિમાં, આ તસવીરો સામે આવ્યા પછી, દરેક વ્યક્તિ અનુમાન લગાવી રહ્યા છે કે સામંથાએ રાજ સાથેના તેના સંબંધોની પુષ્ટિ કરી છે.ઉપરાંત, કેટલાક લોકોના મનમાં આ પ્રશ્ન છે કે રાજ નિદિમોરુ કોણ છે? ખરેખર રાજ એક પ્રખ્યાત દિગ્દર્શક છે. જેમણે ‘ધ ફેમિલી મેન’, ‘ફરઝી’, ‘સિટાડેલઃ હની બની’ અને ‘ગન્સ એન્ડ રોઝીસ’ જેવી લોકપ્રિય શ્રેણીઓ બનાવી છે.સામંથા માત્ર રાજની ‘સિટાડેલઃ હની બની’માં જ નહીં પરંતુ ‘ધ ફેમિલી મેન ૨’માં પણ જોવા મળી છે. જેમાં તેમના કામની ખૂબ પ્રશંસા થઈ હતી.એવા અહેવાલો છે કે સામંથા હાલમાં રાજ અને ડીકે સાથે ‘રક્ત યુનિવર્સ’ પર કામ કરી રહી છે. અભિનેત્રીએ વર્ષ ૨૦૨૧ માં દક્ષિણ અભિનેતા નાગા ચૈતન્ય સાથે છૂટાછેડા લીધા હતા.

## એણે ફાલતુમાં પંગો લીધો : અશ્નીર ગ્રોવર

# અશ્નીર ગ્રોવરે ફરી વાર સલમાનને છંછેડ્યો

**શાર્ક ટેન્ટના જજ-ભારત પેના સ્થાપક અશ્નીર ગ્રોવરનો એક વીડિયો વાયરલ થયો હતો**


જાણીતા બિઝનેસમેન અશ્નીર ગ્રોવર અને બોલીવૂડ અભિનેતા સલમાન ખાન વચ્ચેનો અણબનાવ ઓછો થવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. થોડા સમય પહેલા અશ્નીર ગ્રોવરનો એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં તે કહી રહ્યા છે કે ‘મે બ્રાન્ડ શૂટ માટે સલમાનને ૭ કરોડ રૂપિયા આપ્યો હતા, પરંતુ તેમની ટીમે મારી સાથે છેતરપિંડી કરી.’ આ વીડિયો વાયરલ થયો ત્યારબાદ અશ્નીર બિગ બોસ પહોંચ્યા હતા જ્યાં સલમાને તેને ઠપકો આપ્યો હતો. આ દરમિયાન અશ્નીરનું નિવેદન સામે આવ્યું છે, જેમાં તેણે જણાવ્યું હતું કે, ‘સલમાને મારી સાથે ફાલતુમાં પંગો લીધો છે.’અશ્નીર ગ્રોવર તાજેતરમાં દ્વૈં કુરુક્ષેત્ર પહોંચ્યા હતા. આ દરમિયાન વિદ્યાર્થીઓને સંબોધતા તેમણે સલમાન ખાન અંગે જણાવ્યું હતું કે, ‘મે બિનજરૂરી મુશ્કેલી ઊભી કરીને પોતાની સ્પર્ધા ઊભી કરી છે. હું ત્યાં શાંતિથી ગયો, મને બોલાવવામાં આવ્યો. નાટક રચવા માટે, કહો કે હું તમને મળ્યો પણ નથી. તમને તમારું નામ પણ ખબર નથી. અરે, જો મારૂ નામ ખબર નથી તો પછી તમે



મને કેમ બોલાવ્યો?’તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ‘હું તમને એક વાત કહી દઉં, જો તમે મારી કંપનીના બ્રાન્ડ એમ્બેસેડર હોત અને મને મળ્યા વિના તમે બ્રાન્ડ એમ્બેસેડર બન્યા હોત, તો આ શક્ય ન બની શકે.’થોડા સમય પહેલા, શાર્ક ટેન્ટના જજ અને ભારત પેના સ્થાપક અશ્નીર ગ્રોવરનો એક વીડિયો વાયરલ થયો હતો. આમાં તેણે સલમાન વિશે વાત કરી હતી. વીડિયોમાં અશ્નીર કહેતો જોવા મળ્યો હતો કે, ‘સલમાનની ટીમે બ્રાન્ડ એમ્બેસેડર બનવા માટે ૭ કરોડ રૂપિયા માંગ્યા હતા, પરંતુ બાદમાં સલમાન માત્ર ૪.૫ કરોડ રૂપિયામાં જાહેરાત કરવા માટે સંમત થયો. તેમણે શાંત સ્વરમાં અભિનેતાની ટીકા પણ કરી.’

## ગુરુ રંધાવા એક પ્રખ્યાત ગાયક છે

# મહિલા ફેનની કિસ કરવાની ચેષ્ટાથી ગુરુ રંધાવા શરમાયો



**તાજેતરમાં જ ગુરુ રંધાવાનું નામ પંજાબી ગાયિકા-અભિનેત્રી શહેનાઝ ગિલ સાથે જોડાયું હતું**

ગુરુ રંધાવા એક પ્રખ્યાત ગાયક છે. તેમનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં એક મહિલા ચાહક લાઈવ શોમાં સેલ્ફી લીધા પછી તેમને કિસ કરવાનો પ્રયાસ કરી રહી છે. પણ ગુરુ રંધાવા તરત જ શરમથી ત્યાંથી ખસી જાય છે. તેમના ચાહકોને તેમનું આ વર્તન ખૂબ જ પસંદ આવી રહ્યું છે. જેની સાથે ઉદિત નારાયણ ફરી ટીકાનો ભોગ બન્યા છેબોલિવૂડના પ્રખ્યાત ગાયક ઉદિત નારાયણ સમાચારમાં છે. તાજેતરમાં, તેણે તેના લાઈવ શો દરમિયાન એક મહિલા ચાહકના હોઠ પર ચુંબન કર્યું, જેના કારણે સોશિયલ મીડિયા પર ધૂમ મચી ગઈ અને તેની ઘણી ટીકા થઈ રહી છે. તેમણે ‘ચાહકોના પાગલપણાને’ ટાંકીને પોતાના કાર્યોનો બચાવ કર્યો છે, પરંતુ આ દરમિયાન પંજાબી ગાયક-અભિનેતા ગુરુ રંધાવાનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો પણ એક શો અને એક મહિલા ચાહકના ચુંબનનો છે, પરંતુ ગાયકે જે રીતે પ્રતિક્રિયા આપી તેની પ્રશંસા થઈ રહી છે.આ વાયરલ વીડિયોમાં ગુરુ રંધાવા સ્ટેજ પર છે. એક મહિલા ચાહક તેને ભેટ આપે છે. તે તેની સાથે સેલ્ફી લે છે, પણ પછી અચાનક ગાયકને ચુંબન કરે છે. આ જોઈને ગાયક આશ્ચર્યચકિત થઈ જાય છે. તે પછી તે મહિલા ચાહકથી અંતર જાળવી રાખતો જોવા મળે છે. તેમનો આ વીડિયો જોયા પછી ચાહકો તેમના વખાણ કરી રહ્યા છે.તાજેતરમાં જ ગુરુ રંધાવાનું નામ પંજાબી ગાયિકા-અભિનેત્રી શહેનાઝ ગિલ સાથે જોડાયું હતું. ખાસ કરીને જ્યારે તેમનું ગીત રિલીઝ થયું હતું, પરંતુ ગુરુ રંધાવાએ આ સંબંધનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો.

# રકુલ અને ભૂમિ સાથે અર્જુનના પ્રેમની આંટીઘૂંટી એટલે મેરે હસબન્ડ કી બીવી

**આ ફિલ્મમાં પતિને પ્રભાવિત કરવા માટે બંને મહિલાઓ તરફથી થઈ રહેલા પ્રયાસોને દર્શાવાયા છે**

આધુનિક સમયમાં ડિવોર્સ બાદ જીવનની નવેસરથી શરૂઆત કરવાનો ટ્રેન્ડ વધી રહ્યો છે. નવી શરૂઆત બાદ પણ ભૂતકાળને ભૂલવાનું સહેલું નથી અને વ્યક્તિના જીવનમાં પૂર્વ પત્ની અને હાલની પત્ની વચ્ચે સરખામણી થતી રહે છે. રકુલ પ્રીત અને ભૂમિ પેડનેકર સાથે અર્જુન કપૂરના આવા જ પ્રણય ત્રિકોણની આંટી ઘૂંટીને ‘મેર હસબન્ડ કી બીવી’માં રજૂ કરાઈ છે.અર્જુન કપૂરનો લીડ રોલ ધરાવતી આ ફિલ્મનું ટ્રેલર મુંબઈ ખાતે રિલીઝ થયું હતું. વિચિત્ર સંબંધો તથા અનોખી પરિસ્થિતિ વચ્ચે અટવાતા ત્રણ વ્યક્તિના જીવનના ઉતાર-ચડાવની ઝલક તેમાં જોવા મળી હતી. ફિલ્મમાં ભૂમિએ અર્જુનની બોલ્ડ એક્સ-વાઈફ પ્રભલીનનો રોલ કર્યો છે. પ્રભલીન પોતાની યાદશક્તિ ગુમાવી રહી છે અને તેને અર્જુન સાથેના ડિવોર્સની ઘટના જ યાદ નથી. અંકુરનો લીડ રોલ અર્જુને કર્યો છે. અંકુરે ડિવોર્સ બાદ અંતરા (રકુલ) સાથે લગ્ન કર્યા છે. પ્રભલીનના આગમન વચ્ચે તેઓ પોતાના લગ્ન જીવનને ટકાવવા માગે છે પણ બંને પત્નીઓ વચ્ચે અટવાયેલા અર્જુનની હાલત કફોડી છે. ‘એક્સ-પ્યાર’ અને ‘કરંટ દિલદાર’માંથી કોની પસંદગી કરવી તે અંકુરને સમજાતું નથી.આ ફિલ્મમાં પતિને પ્રભાવિત કરવા માટે બંને મહિલાઓ તરફથી થઈ રહેલા પ્રયાસોને દર્શાવાયા છે. બોલિવૂડની અનેક ફિલ્મોમાં જોવા મળેલી ફોર્મ્યુલાને નવી સ્ટોરી સાથે ફરી અજમાવવામાં આવી છે. સામાન્ય રીતે ગંભીર રોલમાં જોવા મળતી ભૂમિ આ વખતે ગ્લેમરસ જણાય છે. પોતાની મરજી મુજબ જીવવા માગતા અને



દરેક ઘટનાનું પ્લાનિંગ કરતા લોકોની હાલતને રમૂજ અને કટાક્ષ સાથે દર્શાવવામાં આવી છે.ફિલ્મના ટ્રેલર લોન્ચમાં ડાયરેક્ટર મુદસ્સર અઝીઝે ઈન્ડસ્ટ્રીમાં કોમેડી ફિલ્મોને યોગ્ય ટ્રીટમેન્ટ ન મળતી હોવાનું કહ્યું હતું. આ ફિલ્મને ફેમિલી એન્ટરટેઈનર ગણાવતાં મુદસ્સરે કહ્યું હતું કે, ભારતીય સિનેમા અને એવોર્ડના ઈતિહાસ તરફ નજર નાખીએ તો સમજાશે કે કોમેડી ફિલ્મોને ખાસ મહત્ત્વ મળ્યું નથી. કોમેડી ફિલ્મો યાદગાર બનતી નથી. આમ છતાં ફેમિલી સાથે આવી ફિલ્મો જોવાનું ગમે છે. પરિવાર સાથે જવાનું હોય તો કોમેડી વધારે પસંદ થાય છે. ફિલ્મ જોઈને ચહેરા પર હાસ્ય આવે એ મોટી વાત છે. ૨૧ ફેબ્રુઆરીએ રિલીઝ થઈ રહેલી આ ફિલ્મમાં સ્ટેન્ડ અપ કોમેડી આર્ટિસ્ટ હર્ષ ગુજરાલ, શક્તિ કપૂર અને ડીનો મોરિયા પણ મહત્ત્વના રોલમાં છે.

# આર્થિક તંગીથી કંટાળીને જાણીતા પ્રોડ્યુસરે કરી આત્મહત્યા

એન્ટરટેઈન્ટમેન્ટ ઈન્ડસ્ટ્રીથી એક ચોંકાવનારા સમાચાર સામે આવી રહ્યા છે. મળી રહેલી માહિતી અનુસાર સાઉથના ફેમસ પ્રોડ્યુસરે આર્થિક તંગીથી કંટાળીને આત્મહત્યા કરી લીધી છે. ગોવા પોલીસે આપેલી પ્રાઈમરી ઈન્ફોર્મેશન અનુસાર કે. પી. ચૌધરી આર્થિક તંગી અને ડ્રગ્સ કેસમાં ધરપકડ બાદ કામ નહીં મળતા ડિપ્રેશનમાં હતા અને તેમણે આત્મહત્યા કરી લીધી હતી. ૨૦૨૩માં તેમને ડગ્સના કેસમાં હૈદરાબાદ પોલીસે અરેસ્ટ કર્યા હતા. અહીંયા તમારી જાણ માટે કે રજનીકાંત સ્ટારર ફિલ્મ કબાલીને પણ કે પી ચૌધરીએ પ્રોડ્યુસ કરી હતી.કેપી ચૌધરી એટલે કે સુંકારા કૃષ્ણપ્રસાદ ચૌધરી ટોલીવૂડના જાણીતા ફિલ્મ નિર્માતાઓમાંથી એક હતા. ૨૦૧૬માં આવેલી રજનીકાંતની સુપરહિટ ફિલમ કબાલીને તેમણે પ્રોડ્યુસર કરી હતી. અહીંયા તમારી જાણ માટે કે ૨૦૨૩માં પણ કેપી ચૌધરીની ડ્રગ્સના કેસમાં સાઈબરાબાદ સ્પેશિયલ ઓપરેશન ટીમે ધરપકડ કરી હતી.કેસની તપાસ દરમિયાન જ જાણવા મળ્યું હતું કે તેમની પાસે



ટોલીવૂડ જ નહીં પણ કોલીવૂડમાંથી પણ ગ્રાહકો હતા. શરૂઆતમાં સામે આવેલા અહેવાલમાં જ જાણવા મળ્યું હતું કે આ કેસ બાદથી જ તેઓ આર્થિક તંગીનો સામનો કરી રહ્યા હતા. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સફળતા ન મળતા તેમણે કથિત રીતે ડ્રગ્સની ખરીદી અને ડિસ્ટ્રીબ્યુશન જેવા કામ કરવાનું શરૂ કરી દીધું હતું.કેપી ચૌધરીએ ગોવામાં ઓએચએમ પબ પણ શરૂ કર્યો હતો અને અહીંથી જ તેઓ જાણીતા સેલિબ્રિટીઓને ડ્રગ્સ વગેરે પૂરું પાડતા હતા એવો દાવો પણ કરાઈ રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૧૬માં કેપી ચૌધરીએ ૨૦૧૬માં રજનીકાંતની સુપરહિટ ફિલ્મ કબાલીને પ્રોડ્યુસ કરી હતી.

## ૪૫ લોકો સાથે છેતરપિંડીનો આરોપ

# બોલિવૂડના બે એક્ટર્સ પર કરોડોની હેરાફેરીનો આરોપ



**આ મામલો ‘માનવ કલ્યાણ ક્રેડિટ કોઓપરેટિવ સોસાયટી’ નામની સહકારી મંડળી સાથે સંબંધિત છે**

બોલિવૂડ અને ટીવીની દુનિયામાં ઘણી ફિલ્મો અને સિરિયલો કરી ચૂકેલા એક્ટર આલોક નાથ અને એક્ટર શ્રેયસ તલપડે અને ક્રેડિટ કોઓપરેટિવ સોસાયટીના પાંચ સભ્યો વિરુદ્ધ FIR દાખલ કરવામાં આવી છે. FIRમાં જણાવાયું છે કે ૭ આરોપીઓએ ૪૫ રોકાણકારો સાથે રૂ. ૯.૧૨ કરોડની છેતરપિંડી કરી છે. આ સાત લોકોમાં બોલિવૂડના બે કલાકારોના નામ પણ સામેલ છે.મળતી માહિતી મુજબ, માત્ર લખનઉમાં જ નહીં પરંતુ હરિયાણાના સોનીપતમાં પણ થોડા દિવસ પહેલા જ બોલિવૂડ એક્ટર વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. શ્રેયસ તલપડે અને આલોક નાથ ઉપરાંત ૧૧ વધુ લોકો મલ્ટી લેવલ માર્કેટિંગ કૌભાંડના આરોપી છે. આ મામલો એક સહકારી મંડળી સાથે સંબંધિત છે, જે લાખો લોકો પાસેથી કરોડો રૂપિયા એકઠા કર્યા બાદ અચાનક ગાયબ થઈ ગઈ હતી. આ મામલો ‘માનવ કલ્યાણ ક્રેડિટ કોઓપરેટિવ સોસાયટી’ નામની સહકારી મંડળી સાથે સંબંધિત છે, જે લાખો લોકો પાસેથી કરોડો રૂપિયા એકઠા કર્યા બાદ અચાનક ગાયબ થઈ ગઈ હતી. આ મંડળી છેલ્લા ૬ વર્ષથી લોકો પાસેથી પૈસા વસૂલતી હતી, પરંતુ જ્યારે લોકોએ તેમના પૈસા પાછા માંગ્યા તો તેનો ડાયરેક્ટર ફરાર થઈ ગયો. મીડિયા અહેવાલો અનુસાર, આ બંને કલાકારોએ આ સોસાયટીની રોકાણ યોજનાઓને પ્રમોટ કરી હતી, જ્યારે સોનુ સૂદે પણ તેના એક કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ભાગ લીધો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બંને કલાકારો પર આલોક નાથ અને શ્રેયસ તલપડે કોઓપરેટિવ સોસાયટીના બ્રાન્ડ એમ્બેસેડર હોવાનો આરોપ છે અને પીડિતોને આવા મોટા લોકોના ચહેરા બતાવીને રોકાણ કરવાની લાલચ આપવામાં આવી હતી.

# જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓના આયોજન માટે જિલ્લા પરીક્ષા સમિતિની બેઠક યોજાઈ



। (માહિતી) ગાંધીનગર, તા.૪ ।

આગામી તા.૨૭મી ફેબ્રુઆરીથી શરૂ થનારી ધો.૧૦ અને ૧૨ (સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહ)ની બોર્ડ પરીક્ષાઓને અનુલક્ષીને જિલ્લા કલેકટર ડૉ. સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા પરીક્ષા સમિતિની બેઠક યોજાઈ હતી.

બોર્ડ પરીક્ષાને ધ્યાને લઈ ટ્રાફિક સંચાલન, યોગ્ય આયોજન, પરીક્ષા કેન્દ્રો પર પીવાના પાણી, પ્રાથમિક આરોગ્યની સુવિધાઓ સહિત તમામ પૂર્વ તૈયારીઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા પરીક્ષા સમિતિના અધ્યક્ષ અને કલેક્ટર ડૉ.સૌરભ પારધીએ વિદ્યાર્થીઓ ભયમુક્ત અને શાંત ચિત્તે પરીક્ષા આપી શકે તેવી વ્યવસ્થા ઉભી કરવા તેમજ શહેર-જિલ્લામાં ટ્રાફિકના સંજોગોમાં બાળકો નિયત સમયે પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચી શકે તે માટે સુચારૂ વ્યવસ્થા ગોઠવવા પોલીસ તંત્રને જણાવ્યુ હતું. જિલ્લા શિક્ષણાધિકારી ડૉ.ભગીરથસિંહ પરમારે પરીક્ષાની પૂર્વતૈયારીના ભાગરૂપે કરાયેલા સુવ્યવસ્થિત આયોજનની વિગતો આપતા જણાવ્યું કે, બોર્ડની પરીક્ષા લેવા માટે તંત્ર દ્વારા ફૂલપ્રૂફ આયોજન છે. ક્યુઆર કોડ સ્કેન કરીને વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્રોનું લોકેશન મેળવી શકશે. તમામ કેન્દ્રોના લોકેશનનો ક્યુઆર કોડ જનરેટ કરી વિદ્યાર્થીઓને આપવામાં આવશે તેમજ તમામ શાળાઓના નોટીસબોર્ડ પર લગાવવામાં આવશે. પરીક્ષાલક્ષી કોઈપણ પ્રકારની પૂછપરછ અને મદદ માટે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે કાર્યરત કંટ્રોલરૂમનો ફોન નં.૦૨૬૧-૨૬૬૨૯૦૨ ઉપર સંપર્ક કરી શકાશે. નોંધનીય છે કે, સુરત શહેર-જિલ્લામાં ધો.૧૦ ના ૯૧,૮૩૦, ધો.૧૨ (સામાન્ય પ્રવાહ)ના ૪૫,૭૨૦ તથા ધો.૧૨ (વિજ્ઞાન પ્રવાહ)ના ૧૫,૭૪૦ મળી કુલ ૧,૫૩,૨૯૦ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપશે. ૧૪ ઝોનમાં ૮૫ પરીક્ષા કેન્દ્રો, ૫૨૪ બિલ્ડીંગો, ૫૩૭૨ બ્લોકમાં પરીક્ષા યોજાશે. તમામ કેન્દ્રો પર CCTV કેમેરાની બાજ નજર રહેશે. SSC પરીક્ષા નો સમય સવારે ૧૦.૩૦ થી ૧.૧૫ અને HSC નો સમય બપોરે ૩.૦૦ થી ૬.૧૫ રહેશે. બેઠકમાં કલેક્ટરશ્રીના હસ્તે 'પરીક્ષાસાથી સાથે પરીક્ષા પે ચર્ચા' બુકલેટનું લોન્ચિંગ કરાયું હતું. બેઠકમાં શિક્ષણ નિરીક્ષક ડૉ.સંગીતાબેન મિસ્ત્રી, વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાપુતારા-માલેગામ ધાટમાર્ગમા ખાનગી લક્ઝરી બસને નડેલા અકસ્માતમા ઘાયલ થયેલા મુસાફરો પ્રત્યે ડાંગ જિલ્લા વહીવટી તંત્રનો સંવેદનશીલ અભિગમ

## બસ અકસ્માતમાં ઘાયલ થયેલ દર્દીઓને પોતાના વતન જવા માટે તંત્ર દ્વારા બસની વ્યવસ્થા કરવામાં આવી

। (માહિતી) ગાંધીનગર, તા.૪ ।



ગિરિમથક સાપુતારાની તળેટીમા આવેલા માલેગામ ધાટમાર્ગમા નાસિકના ત્ર્યંબકેશ્વરથી દ્વારકા ખાતે ધાર્મિક પ્રવાસે જઈ રહેલી એક ખાનગી લક્ઝરી બસને તારીખ ૨ ફેબ્રુઆરીના રોજ સવારે ૫ વાગ્યાના સમય દરમિયાન નડેલા અકસ્માતમા, ઘાયલ થયેલા મુસાફરો પ્રત્યે, ડાંગ જિલ્લા વહીવટી તંત્રે સંવેદનશિલ અભિગમ અપનાવી ત્વરીત કાર્યવાહી હાથ ધરી હતી. જિલ્લા કલેક્ટર શ્રી મહેશ પટેલને આ ઘટના અંગે જાણ થતાં તેઓ વહિવટી તંત્રની સમગ્ર ટીમ સાથે ત્વરિત હોસ્પિટલની મુલાકાતે પહોંચી જઈ ઘાયલ વ્યક્તિઓને તમામ આનુષાંગિક વ્યવસ્થાઓ કરી હતી. શામગહાન સી.એચ.સીમાં નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના તમામ આરોગ્ય કર્મીઓને તૈનાત કરી દર્દીઓની સારવાર કરવામાં આવી હતી. વધુ ઘાયલ વ્યક્તિઓને આહવા તેમજ સુરત સિવિલ હોસ્પિટલ ખાતે વાહન વ્યવસ્થા કરી સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. સામાન્ય ઈજા ધરાવતા દર્દીઓને પ્રાથમિક સારવાર આપ્યાં બાદ તંત્ર દ્વારા તેઓના વતન જવા માટે બસની પણ સગવડતા કરવામાં આવી હતી. જેમાં ડાંગ જિલ્લાના ૩ મેડીકલ સ્ટાફ અને ૧ પોલીસ ઓફિસર સાથે કુલ ૧૯ દર્દીઓને સહિસલામત પોતાના વતન પહોચાડ્યા હતા. એસ.ટી વિભાગના સહયોગથી દર્દીઓને મધ્યપ્રદેશની પીટોલી બોર્ડર સુધી પહોચાડવામાં આવ્યાં હતા. જ્યાં મધ્યપ્રદેશના પ્રશાસન પાસે દર્દીઓને સહિસલામત પહોચાડવામાં આવ્યાં હતાં. સાથે જ ઘટનામા અકસ્માતે મૃત્યુ પામેલ મૃતકોને તેઓના વતન મધ્યપ્રદેશમા મોકલવા માટે તંત્ર દ્વારા વહાનની વ્યવસ્થા કરવામા આવી હતી. જિલ્લામાં બસ અકસ્માતની દુખદ ઘટના બનતાં જિલ્લા વહિવટી તંત્રની સમગ્ર ટીમ દ્વારા કલેક્ટર શ્રી મહેશ પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લાના પોલીસ અધિકારી, પ્રાંત અધિકારી, ડિઝાસ્ટર મામલતદાર, આરોગ્ય અધિકારી સહિત, સાપુતારા નોટીફાઈ એરીયાના મામતદાર, સહિત વહિવટી તંત્રની સમગ્ર ટીમ દ્વારા, સંપુર્ણ નિષ્ઠાપુર્વક રાહત અને બચાવની કામગીરી કરવામાં આવી હતી.

# તાલીમાર્થીઓ બન્યા છે તાલીમદાતાઃ રસ ધરાવતા સાથીઓને આપશે પર્યાવરણ જાળવણી અને પક્ષી નિરીક્ષણની તાલીમ

। (માહિતી) વડોદરા, તા.૪ ।

સંશોધન પત્રો મોટેભાગે અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ કે પ્રખર અભ્યાસુઓ લખતા હોય છે.વડોદરા જિલ્લાના નાનકડા ગામ ભાયલી(હવે વડોદરાનું એક પરું કહી શકાય)ના બાર થી સોળ વર્ષની ઉંમરના વિદ્યાર્થીઓનુ એક જૂથ રિસર્ચ પેપર લખવાની તૈયારી કરી રહ્યું છે.આ લોકોએ છેલ્લા પાંચ વર્ષથી વડોદરા જિલ્લાના તળાવ કાંઠે શિયાળામાં દેશી - વિદેશી પક્ષીઓના આવાગમનનું નિરીક્ષણ કર્યુ છે અને તેની પદ્ધતિસરની નોંધ તૈયાર કરી છે.હવે તેના આધારે તેઓ સંશોધન પત્ર તૈયાર કરી રહ્યા છે.આટલી નાની ઉંમરમાં વિદ્યાર્થી જૂથ દ્વારા રિસર્ચ પેપર લખવાનો કદાચ આ પ્રથમ પ્રયાસ હશે. ભાયલી ગામની નંદની અને પક્ષી મિત્ર મંડળના વિદ્યાર્થી સાથીઓ પાંચ વર્ષથી ડભોઇ તાલુકાના પક્ષી તીર્થ વઢવાણા ખાતે શિયાળામાં વન વિભાગ દ્વારા યોજવામાં આવતા બર્ડ સેન્સસમાં જોડાય છે.તેમને આ કામમાં જોડવામાં આવે છે કારણ કે ભાયલી ગામના નાનકડા ગામ તળાવમાં આવતા પક્ષીઓનું નિરીક્ષણ કરીને તેઓ વિવિધ પક્ષીઓ,તેમના નામો,તેમનું રહેઠાણ અને આદતો અંગે સારું એવું જાણતા થયાં છે.

# વડોદરા કલેક્ટર તરીકે કાર્યભાર સંભાળતા ડો. અનિલ ધામેલિયા





। (માહિતી) વડોદરા, તા.૪ ।

રાજ્ય સરકાર દ્વારા હાલમાં કરવામાં આવેલા બદલીના આદેશોમાં વડોદરા કલેકટર તરીકે નિયુક્તિ પામેલા ડો. અનિલ ધામેલિયાએ આજે વિધિવત રીતે કાર્યભાર સંભાળી લીધો હતો.

બઢતી સાથે વિદાય લઈ રહેલા વરિષ્ઠ સનદી અધિકારી શ્રી બીજલ શાહે તેમને કલેકટર કચેરીમાં આવકારી શુભકામનાઓ પાઠવી હતી.

ચાર્જ સંભાળવાની સાથે નવનિયુક્ત કલેક્ટરશ્રીને જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી મમતા હીરપરા ઉપરાંત નિવાસી અધિક કલેકટર શ્રી બી. એસ. પટેલ સહિત વિવિધ શાખાઓના નાયબ કલેકટર તથા મામલતદાર દ્વારા આવકારવામાં આવ્યા હતા.

# મહિલા અને બાળ અધિકારીની કચેરી આહવા દ્વારા મહાલપાડા ગામમાં "બાલિકા પંચાયતના સરપંચશ્રી અને સભ્યો સાથે નેતૃત્વ અંગે સંવાદ" કાર્યક્રમ યોજાયો



। (માહિતી) ડાંગ, તા.૪ ।

મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી આહવા દ્વારા ડાંગ જિલ્લાના આહવા તાલુકાના મહાલપાડા ખાતે આવેલ પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળા મહાલપાડામાં મહિલા સશક્તિકરણ અંતર્ગત બેટી બચાવો બેટી પઢાવો યોજના અભિયાનને ૨૨ જાન્યુઆરી ૨૦૨૫ ૧૦ વર્ષ પુર્ણ થયા હોય, ભારત સરકારશ્રી દ્વારા તારીખ ૨૨ જાન્યુઆરી ૨૦૨૫ થી ૮ માર્ચ ૨૦૨૫ સુધી જુદી જુદી પ્રવૃતિઓ/કાર્યક્રમોનું આયોજન નક્કી કરવામાં આવેલ છે. જે કાર્યક્રમ અન્વયે તારીખ ૨૮/૦૧/૨૦૨૫ના રોજ મહિલા અને બાળ અધિકારીની કચેરી અને આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ (ભારત) આહવાના સયુંકત ઉપક્રમે મહિલા અને બાળ અધિકારીશ્રી ડૉ. મનિષાબેન એ. મુલતાનીના દિશાદર્શન હેઠળ બાલિકા પંચાયતના સરપંચશ્રી અને સભ્યો સાથે નેતૃત્વ અંગે સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા અને બાળ અધિકારીશ્રી ડૉ. મનિષા એ. મુલતાની દ્વારા "બાલિકા પંચાયતના સરપંચશ્રી અને સભ્યો સાથે નેતૃત્વ અંગે સંવાદ" કાર્યક્રમનો હેતુ સમજાવતાં જણાવ્યું હતું કે, બાલિકા પંચાયતના પહેલથી દીકરીઓમાં જાગૃતિ આવશે અને વિકાસ કાર્યોમાં સહભાગી બનવાની તક ઉભી થશે. સાથે સાથે ભવિષ્યમાં તેઓ પોતાની નેતૃત્વ શક્તિ ખીલવી શકશે. આ પહેલથી બાલિકાઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યું છે.

# સાવલીના પોઇચા કનાડામાં ૧૭૫ ટીબી દર્દીઓને પોષણ કિટનું વિતરણ કરાયું

। (માહિતી) વડોદરા, તા.૪ ।

રાજરોગ તરીકે ઓળખાતા ટીબીના રોગને નિર્મૂલ કરવા માટે સરકાર દ્વારા આરંભવામાં આવેલા અભિયાનમાં સામાજિક અને સેવાભાવી સંસ્થાઓનો પણ સહયોગ મળી રહ્યો છે. સાવલી તાલુકામાં ટ્રસ્ટના સહયોગથી ટીબીના દર્દીઓને પોષણ કિટ આપવામાં આવી હતી. સાવલી તાલુકાના પોઈચા કનોડા ગામે તાલુકાના ધારાસભ્ય શ્રી કેતનભાઈ ઈનામદાર દ્વારા તેમની દીકરી દેવાંગીના જન્મ દિવસે મહેન્દ્રભાઈ જશભાઈ ઈનામદાર ચેરીટેબલ સંસ્થાનાં સહયોગથી અને આરોગ્ય વિભાગ, જિલ્લા પંચાયત વડોદરાનાં સહયોગથી સાવલી તાલુકામાં ટીબીની દવા લઈ રહેલા કુલ ૧૭૫ દર્દીઓને ટીબી રોગમાંથી ઝડપથી સાજા થવા પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ગાયત્રીબા મહીડા, ધારાસભ્ય શ્રી કેતનભાઈ ઈનામદાર, જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી મમતા હિરપરા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. મીનાક્ષીબેન ચૌહાણ, ડો. વિપુલ ત્રિવેદી ડી.ટી.ઓ. શ્રી વડોદરા, તથા સાવલી તાલુકાના અધિકારીશ્રીઓ અને પદાધીકારીશ્રીઓ ઉપસ્થિતિ રહ્યા હતા.

# દિવ્યાંગ ખેલાડીઓ માટે આયોજિત ખેલમહાકુંભના ગ્રાઉન્ડની મંત્રી હર્ષ સંઘવીએ સરપ્રાઇઝ મુલાકાત લીધી

## દિવ્યાંગોમાં રહેલું ખેલ કૌશલ્ય નિખરે, તે માટે રાજ્ય સરકાર દિવ્યાંગ ખેલાડીઓને વિશેષ તાલીમ આપી રહી છેઃ હર્ષ સંઘવી



। (માહિતી) ગાંધીનગર, તા.૪ ।



દિવ્યાંગ ખેલાડીઓ માટે આયોજિત ખેલમહા-કુંભના મેદાનમાં સુરતના રાંદેર ખાતે રમત-ગમત મંત્રી શ્રી હર્ષ સંઘવીએ આજે સરપ્રાઈઝ મુલાકાત લીધી હતી. જ્યાં તેમણે દિવ્યાંગ ખેલાડીઓને આપવામાં આવતી સુવિધાઓ, ભોજન વ્યવસ્થાનું નિરીક્ષણ કરીને રસોડાની પણ મુલાકાત લીધી હતી. તેમણે દિવ્યાંગો સાથે આત્મીય સંવાદ કરી પ્રોત્સાહિત કર્યા હતા. રમત-ગમત મંત્રી શ્રી સંઘવીએ જણાવ્યું હતું કે, ખેલ મહાકુંભ એક એવો ખેલ મહોત્સવ છે, જેણે ગુજરાતના છેવાડાના ખેલાડીઓને તક આપીને એમની ખેલ પ્રતિભાને ઉજાગર કરવાની સાથે મર્યાદિત ક્ષમતાઓ ધરાવતા દિવ્યાંગ ખેલાડીઓને સ્પોર્ટ્સમાં આગળ વધવાની પણ સુવર્ણ તક આપી છે. દિવ્યાંગ ખેલાડીઓને કુદરતે વિશેષ શક્તિઓ આપી છે, ત્યારે એમનું ખેલ કૌશલ્ય નિખરે અને તેમના પુરૂષાર્થ થકી તેઓ પરિવાર અને રાજ્યનું ગૌરવ વધારે તે માટે રાજ્ય સરકાર દિવ્યાંગ ખેલાડીઓને વિશેષ તાલીમ આપી રહી છે એમ તેમણે ઉમેર્યું હતું.

# રૂા. ૬૩ લાખના ખર્ચે નિર્માણ થયેલા જાગીરી પ્રાથમિક શાળાના મકાનનું લોકાર્પણ કરતાં શિક્ષણમંત્રી કુબેરભાઇ ડીંડોર

## વિદ્યાર્થીઓ ટેકનોલોજીથી વંચિત ન રહે એની વ્યવસ્થા સરકારે કરી છેઃ મંત્રી કુબેરભાઇ ડીંડોર

। (માહિતી) ગાંધીનગર, તા.૪ ।





"આદિવાસીઓ આજે શિક્ષિત- દિક્ષિત થઈને તેમનામાં પરિવર્તન લાવી રહ્યા છે" એમ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના જાગીરી પ્રાથમિક શાળાના મકાનના લોકાર્પણ પ્રસંગે રાજયના આદિજાતિ વિકાસ અને પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ વિભાગના શિક્ષણમંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું. આ પ્રસંગે વલસાડ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી મનહરભાઈ પટેલ, ધરમપુર ધારાસભ્ય અરવિંદ પટેલ, ધરમપુર તાલુકા પંચાયતના પ્રમુખશ્રી પિયૂષભાઈ માહલા ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતુ કે, જે આદિવાસી સમાજને કોઇ પૂછતું ન હતું તેમને નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાન બન્યા બાદ આદિવાસી સમાજને ગૌરવાન્વિત કર્યો છે. દેશના રાષ્ટ્રપતિપદે શ્રીમતી દ્રોપદ્રી મૂર્મુએ બનાવીને આદિવાસી સમાજનું ગૌરવ વધાર્યુ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના ગરીબ વર્ગ માટે જનધન યોજના દ્વારા બેંક ખાતાઓ ખોલાવીને ગરીબો માટેની યોજનાઓના લાભાર્થીઓના નાણાં સીધા જ તેમના બેંક એકાઉન્ટમાં જમા કરાવીને વચેટિયાઓને દૂર કર્યા. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેન્દ્રિયકૃત ભરતી પણ વિદ્યાર્થીઓના મેરીટ મુજબ ઓનલાઈન કરી છે. નરેન્દ્રભાઈ મોદીએ મહિલાઓ માટે સરકારી નોકરીમાં ૩૩ ટકા અને રાજકારણમાં ૫૦ ટકા કરી આજે મહિલાઓને સન્માન વધાર્યુ છે. આજરોજ જાગીરી પ્રાથમિક શાળાના રૂા. ૬૩ લાખના ખર્ચે તૈયાર થયેલા મકાનના લોકાર્પણ પ્રસંગે મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રાજય સરકારે વિદ્યાર્થીઓ ટેકનોલોજીથી વંચિત ન રહે તે માટેની વ્યવસ્થા કરી છે જેમાં આજે સ્કૂલોમાં સ્માર્ટ કલાસના માધ્યમથી વિદ્યાર્થીઓને ટેકનોલોજી યુકત શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત ડિજિટલ વિભાજનને દૂર કરવા અને બદલાતી જતી ટેક્નોલોજી વિશે ભાવિ પેઢીમાં જાગૃતિ લાવવાની વધતી જતી જરૂરિયાતને અનુલક્ષીને ICTના સંકલિત ડિલિવરી મિકેનિઝમના વિવિધ પાસાઓમાં ફેરફાર કરવાની માંગ ઉભી થઈ છે. જ્ઞાનકુંજ પ્રોજેક્ટ, SSA-ગુજરાત દ્વારા અમલી કોમ્પ્યુટર એઈડેડ લર્નિંગ (CAL) ની સંકલ્પ નાને ક્લાસરૂમ ઈન્ટરેક્ટિવિટીમાં રૂપાંતરિત કરે છે, જેથી વર્ગખંડોની અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં ઈન્ટરેક્ટિવિટી પ્રાપ્ત થાય અને શાળાના ડિજીટલાઈઝેશન દ્વારા અધ્યયન, અધ્યાપન અને મૂલ્યાંકન સુદ્રઢ બને છે. શિક્ષક-વિદ્યાર્થીઓની અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં વર્ગખંડ ઈન્ટરેક્ટિ-વિટીનો વધારો કરવો, ટેકનોલોજીના માધ્યમથી અધ્યયન, અધ્યાપન અને મૂલ્યાંકન પ્રક્રિયા સુદ્રઢ કરવા માટે અભ્યાસક્રમના દરેક વિષયના દરેક એકમની ટેકનોલોજીના માધ્યમથી સરળ રીતે સમજૂતી વર્ગખંડમાં જ આપવામાં આવે છે. રાજય સરકાર દ્વારા ફ્રી શીપ યોજના અંતર્ગત ઓનલાઈન સીસ્ટમ મુજબ વિદ્યાર્થીઓને તેમના મેરીટ મુજબ એડમિશન આપવામાં આવી રહયા છે. મંત્રીશ્રીએ આ પ્રસંગે ધરમપુર તાલુકાની પ્રાથમિક શાળાને ચાલુ વર્ષમાં ધો. ૯ ની મંજૂરી આપી છે એમ જણાવ્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....



### મેષ (અ,લ,ઇ) :

આજના દિવસે તમારા સ્વાસ્થ્યની ખાસ સંભાળ રાખો. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જઈ રહ્યા હો તો પૈસા બરાબર વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. પરિવાર સાથેની સામાજિક પ્રવૃત્તિઓ ખૂબ જ આનંદપ્રદ હશે. રૉમેન્ટિક યાદો તમારા દિવસ પર કબજો જમાવશે. તમારી આસાપાસ શું થાય છે તેની તકેદારી રાખો.



### વૃષભ (બ,વ,ઉ) :

આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો.



### મિથુન (ક,છ,ઘ) :

આજથી નિયમિત રીતે જીવનમાં ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે. જો તમે દરેકની માગનું ધ્યાન રાખવા જસો તો તમે આજે અનેક વિવધ દિશાઓમાં વહેંચાયેલા રહેશો. તમારા પ્રેમને કોઈ અલગ નહીં કરી શકે.



### કર્ક (ડ,હ) :

આજે મિત્ર સાથે તમારી ગેરસમજ કેટલાક અપ્રિય પ્રત્યાઘાતોને આમંત્રણ આપશે-કોઈ પણ નિર્ણય જોહેર કરતા પહેલા સંતુલિત મંતવ્ય મેળવો. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો. ભૂતકાળની ખુશખુશાલ યાદો તમને વ્યસ્ત રાખશે.



### સિંહ (મ,ટ) :

આજના દિવસે કરવામાં આવેલ ઘરની બહારની પ્રવૃત્તિઓ તમને લાભ કરાવશે. કિલ્લા જેવી જીવનશૈલી તથા હંમેશાં સુરક્ષાની ચિંતા કરવી એ બાબત તમારી માનસિક તથા શારીરિક વિકાસ પર અસર કરશે. આ બાબત તમને નર્વસ કરી મુકશે. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો.



### કન્યા (પ,ઠ,ણ) :

આજે કામકાજ કરતાં સમયે કોઈ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે.



### તુલા (ર,ત) :

આજે તમારો માયાળુ સ્વભાવ અનેક ખુશીભરી ક્ષણો લાવી શકે છે. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. તમારા પ્રિયપાત્ર સાથે સમજદારી.



### વૃશ્ચિક (ન,ય) :

આજે કોઈ મિત્ર અથવા તો ઓળખીતી વ્યક્તિની મદદથી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમારા માતા-પિતાનું સ્વાસ્થ્ય વધુ ધ્યાન તથા દરકાર માગશે. પ્રેમમાં તમે નિરાશ થયા હશો પણ નાસીપાસ થશે નહીં કેમ કે પ્રેમીઓ ખૂબ જ અધીરા હોય છે. કામના સ્થળે આજે કોઈક વ્યક્તિ તમારી સાથે કંઈક સારૂં વર્તન કરશે.



### ધન (ભ,ધ,ફ) :

આજના દિવસે વધુ પડતો ઉત્સાહ તથા ધમાકેદાર જુસ્સો તમારા ચેતાતંત્રને અસર કરી શકે છે, આ બાબત ટાળવા માટે તમારી લાગણીઓ પર અંકુશ મુકો. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. ઉપયોગી થવાની તમારી શક્તિને હકારાત્મક વિચારો સાથે વિકસાવો અને લોકો તરફથી મળતા સૂચનોને તમારા પરિવારના ફાયદા માટે અપનાવો.



### મકર (ખ,જ) :

આજના દિવસે તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ.



### કુંભ (ગ,શ,સ) :

મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. સમજદારીપૂર્વક રોકાણ કરો. તમે જ્યારે જૂથમાં હો ત્યારે તમે શું હોલો છો તેના પર ધ્યાન આપો-તમારી આવેશપૂર્ણ ટિપ્પણી માટે તમારી ભારે ટીકા થઈ શકે છે. તમારા સમર્પિત તથા અડગ પ્રેમમાં જાદુઈ રચનાત્મક શક્તિઓ છે.



### મીન (દ,ચ,ઝ,થ) :

આજે તમે કોઈ બાબતે ચુકાદો આપતા હો ત્યારે સામેની વ્યક્તિની લાગણીઓની ખાસ દરકાર લો. તમારા દ્વારા લેવામાં આવેલો કોઈ ખોટો નિર્ણય નમાત્ર તેમના પર અવળી અસર કરશે બલ્કે તમને પણ માનસિક તાણ આપશે. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે? પરિવારમાં કોઈ મહિલા સભ્યની તબિયત ચિંતાનું કારણ બનશે.

## મારી US યાત્રા અંગે રાહુલ ગાંધી ઇરાદાપૂર્વક ખોટું બોલ્યાં : જયશંકર

### આ સાથે જયશંકરે એમ પણ કહ્યું હતું કે, મારા પ્રવાસ દરમિયાન, આગામી એનએસએ એ મારી સાથે મુલાકાત કરી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

સંસદમાં રાષ્ટ્રપતિના સંબોધન પરની ચર્ચા દરમિયાન લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સોમવારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના શપથગ્રહણ સમારોહનો ઉલ્લેખ કરીને એવું નિવેદન આપ્યું, જેના પર રાજકીય વિવાદ પેદા થઈ ગયો છે. રાહુલ ગાંધીએ લોકસભામાં દાવો કર્યો કે વિદેશ મંત્રી પોતાની વિદેશની યાત્રામાં ત્યાંની સરકાર સમક્ષ પીએમ મોદીને 'બોલાવવાની વિનંતી' કરે છે. કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીના આ નિવેદન પર ખુદ વિદેશ મંત્રી એસ.જયશંકરે જવાબ આપતાં કહ્યું કે, એ(રાહુલ) મારી અમેરિકાની યાત્રા લઈને ખોટું બોલી રહ્યા છે. સાથે જ તેના(નિવેદન)થી વિદેશમાં ભારતને નુકસાન પહોંચી રહ્યું છે. વિદેશ મંત્રી એસ.જયશંકરે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર ડોનાલ્ડ ટ્રમ્પના શપથગ્રહણના આમંત્રણને લઈને લગાવવામાં આવેલા આક્ષેપો પર પલટવાર કરતા લખ્યું કે વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ડિસેમ્બર ૨૦૨૪માં મારી અમેરિકા યાત્રા અંગે ઈરાદાપૂર્વક ખોટું બોલ્યું છે. હું બાઈડન સરકારના વિદેશમંત્રી અને એનએસએને મળવા ગયો હતો. આ ઉપરાંત આપણા કોન્સલ જનરલોની સાથે એક બેઠક યોજી હતી. આ સાથે જયશંકરે એમ પણ કહ્યું કે, મારા પ્રવાસ દરમિયાન, આગામી એનએસએ એ મારી સાથે મુલાકાત કરી. કોઈ પણ સ્તર પર વડાપ્રધાનને આમંત્રિત કરવાના સંબંધમાં ચર્ચા કરી નથી. સૌ કોઈ જાણે છે કે આપણા વડાપ્રધાન આવા કાર્યક્રમોમાં ભાગ લેતા નથી. હકીકતમાં, ભારતનું પ્રતનિધિત્વ સામાન્ય રીતે વિશેષ દૂતો દ્વારા કરવામાં આવે છે. રાહુલ ગાંધીના જૂઠનો ઉદેશ્ય રાજકીય હોઈ શકે છે, પરંતુ એ વિદેશમાં દેશને નુકસાન પહોંચાડી રહ્યા છે.

### સુપ્રીમે સત્તાવાળાઓ, ભરતી એજન્સીઓને માર્ગદર્શિકાનું પાલન કરવા કહ્યું

## દિવ્યાંગો પરીક્ષામાં પેપર લખવા રાઈટરનો ઉપયોગ કરી શકશે: SC

### સુપ્રીમ કોર્ટનો આ નિર્દેશ ગુલશન કુમાર નામના ઉમેદવાર દ્વારા દાખલ કરાયેલી પીઆઈએલ પર આવ્યો છે

। (માહિતી) નવી દિલ્હી, તા.૪ ।

ભારતની સર્વોચ્ચ અદાલતે એક જાહેર હિતની અરજી પર ચુકાદો આપતા જણાવ્યું હતું કે, તમામ વિકલાંગ ઉમેદવારો અગાઉ નિર્ધારિત માનક વિકલાંગતા માપદંડોને પૂર્ણ કર્યા વિના પરીક્ષા લખવા માટે સ્ક્રાઈબ (લેખક)ની સુવિધાનો ઉપયોગ કરી શકે છે. આ નિર્ણયથી લેખકની સુવિધા કોઈપણ વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓને જ નહીં, પરંતુ એવા લોકો માટે પણ લાગુ પડે છે જેઓ અગાઉ નિર્ધારિત ૪૦ ટકા વિકલાંગ કે તેથી વધુ છે.સુપ્રીમ કોર્ટનો આ નિર્દેશ ગુલશન કુમાર નામના ઉમેદવાર દ્વારા દાખલ કરાયેલી પીઆઈએલ પર આવ્યો છે, જેમાં બેંક પરીક્ષાઓ માટે તેમની અપંગતાની સ્થિતિને ધ્યાનમાં રાખીને લેખક સુવિધા, વળતર સમય અને અન્ય તમામ સુવિધાઓની માંગ કરવામાં આવી હતી.ન્યાયાધીશ જે બી પારડીવાલા અને આર મહાદેવનની બેન્ચે જણાવ્યું હતું કે, આનું "યોગ્ય અને ન્યાયી" પાલન સુનિશ્ચિત કરવાની જવાબદારી કેન્દ્રની છે. સર્વોચ્ચ અદાલતના નિર્દેશોને અનુસરીને કેન્દ્ર દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકાનો અમલ બેન્ચમાર્ક દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો માટેના લાભો તમામ દિવ્યાંગ ઉમેદવારોને તેમની પરીક્ષાઓ લખવામાં કોઈપણ અવરોધ વિના લાગુ કરીને કરવો જોઈએ, સુપ્રીમ કોર્ટનો આ નિર્દેશ ગુલશન કુમાર નામના ઉમેદવાર દ્વારા દાખલ કરાયેલી પીઆઈએલ પર આવ્યો છે એમ સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું. સર્વોચ્ચ અદાલતે તમામ સત્તાવાળાઓ, ભરતી એજન્સીઓ અને તપાસ સંસ્થાઓને કેન્દ્ર દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકાનું એકસરખી રીતે પાલન કરવા અને સમયાંતરે સર્વેક્ષણો અથવા ચકાસણી દ્વારા કડક પાલન સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો હતો.આ ઉપરાંત સુપ્રીમે ઓફિસ મેમોરેન્ડમના અસરકારક અમલીકરણ માટે પરીક્ષાનું સંચાલન કરતી સંસ્થાઓમાં જાગૃતિ લાવવા માટે શૈક્ષણિક સંસ્થાઓમાં સમયાંતરે સંવેદનશીલતા અભિયાન ચલાવવા પણ જણાવ્યું હતું. એટલું જ નહીં, કેન્દ્રનેફરિયાદોનોંધવામાટેફરિયાદનિવારણ પોર્ટલ સ્થાપિત કરવાનો પણ નિર્દશ અપાયો છે.સુપ્રીમ કોર્ટે નિર્દેશોનું પાલન કરવા માટે બે મહિનાનો સમય આપ્યો છે. આ સાથે જ કેન્દ્રને સ્ક્રાઈબ સર્ટિફિકેટની માન્યતા વધારવા જણાવ્યું હતું, જે હાલમાં ફક્ત ૬ મહિના માટે માન્ય છે, જેથી અરજી કર્યા પછી લાંબા સમય સુધી રાહ જોવી ન પડે.

### લશ્કરી વિમાન ભારત માટે રવાના થયું

## અમેરિકાએ ગેરકાયદેસર રહેતા ભારતીય ઇમિગ્રન્ટ્સને દેશનિકાલ કરવાનું શરૂ કર્યું

### રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેમના ઇમિગ્રેશન એજન્ડાને અમલમાં મૂકવા માટે સૈન્યનો ઉપયોગ કરી રહ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

અમેરિકાનું એક લશ્કરી વિમાન સ્થળાંતર કરનારાઓને ભારત મોકલી રહ્યું છે. રોઈટર્સના અહેવાલ મુજબ, આ માહિતી એક અમેરિકન અધિકારીએ આપી છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેમના ઈમિગ્રેશન એજન્ડાને અમલમાં મૂકવા માટે સૈન્યનો ઉપયોગ કરી રહ્યા છે, જેમાં યુએસ-મેક્સિકો સરહદ પર વધારાના સૈનિકો મોકલવા, સ્થળાંતર કરનારાઓને દેશમાંથી બહાર કાઢવા માટે લશ્કરી વિમાનોનો ઉપયોગ કરવો અને તેમને રહેવા માટે લશ્કરી થાણા ખોલવાનો સમાવેશ થાય છે.ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના ઈતિહાસમાં સૌથી મોટા દેશનિકાલનું વચન આપ્યું છે અને યુએસ ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટએ દેશનિકાલ માટે ચિહ્નિત કરાયેલા ૧૫ લાખ લોકોમાંથી લગભગ ૧૮,૦૦૦ બિનદસ્તાવેજીકૃત ભારતીય નાગરિકોની પ્રારંભિક યાદી તૈયાર કરી છે.પેન્ટાગોને ટેક્સાસના એલ પાસો અને કેલિફોર્નિયાના સાન ડિએગોમાં યુએસ અધિકારીઓ દ્વારા પકડાયેલા ૫,૦૦૦ થી વધુ ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ કરવા માટે ફ્લાઈટ્સ પણ શરૂ કરી દીધી છે. લશ્કરી વિમાનોએ સ્થળાંતર કરનારાઓને ગ્વાટેમાલા, પેરુ અને હોન્ડુરાસ પહોંચાડ્યા છે. લશ્કરી ફ્લાઈટ્સ સ્થળાંતર કરનારાઓને પરિવહન કરવા માટે એક ખર્ચાળ રીત છે. રોઈટર્સના અહેવાલ મુજબ, ગયા અઠવાડિયે ગ્વાટેમાલા જવા માટે લશ્કરી ડિપોર્ટિંગ ફ્લાઈટનો ખર્ચ પ્રતિ સ્થળાંતર કરનાર ઓછામાં ઓછો $4,675 હતો.

### આ નોટિસ ભારતની જૂની ટેક્સ નીતિની વિરુદ્ધઃ જર્મન કંપની

## ભારતે ફોક્સવેગનને રૂ.૧૧,૬૦૦ કરોડના દંડની નોટિસ ફટકારી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

જર્મનીની વિશ્વવિખ્યાત કાર કંપની ફોક્સવેગનને ભારત સરકારે રૂપિયા ૧૧,૬૦૦ કરોડના ટેક્સની નોટિસ ફટકારી છે. બીજી તરફ, જર્મનીની આ કંપનીએ ભારત સરકાર પર વળતો કેસ પણ કર્યો છે. જર્મનીની કાર ઉત્પાદક કંપની ફોક્સવેગને ભારતીય અધિકારીઓ વિરુદ્ધ બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને ૧.૪ અબજ ડોલર એટલે કે રૂપિયા ૧૧,૬૦૦ કરોડના ટેક્સની નોટિસને પડકારી છે. ફોક્સવેગન કંપનીનું કહેવુ છે કે આ માંગ 'અશક્ય' છે અને ભારતમાં આયાત કરના નિયમોની વિરુદ્ધ છે. સપ્ટેમ્બરમાં ૨૦૨૪માં ભારતીય કસ્ટમ વિભાગે ફોક્સવેગન ઈન્ડિયા પર આક્ષેપ લગાવ્યો હતો કે તેમણે ફોક્સવેગન, સ્કોડા અને ઓડી કારોના જુદા-જુદા પાર્ટોના રૂપમાં આયાત કરીને ટેક્સમાં હેરાફેરી કરી છે. જર્મનીની કાર ઉત્પાદક કંપની ફોક્સવેગને ભારતીય અધિકારીઓ વિરુદ્ધ બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને ૧.૪ અબજ ડોલર એટલે કે રૂપિયા ૧૧,૬૦૦ કરોડના ટેક્સની નોટિસને પડકારી છે સંપૂર્ણ તૈયાર કારો પર ૩૦-૩૫ ટકા આયાત ટેક્સ લાગે છે, પરંતુ જુદા-જુદા પાર્ટ્સ લાવવા પર ફક્ત ૫-૧૫ ટકા ટેક્સ ચુકવવો પડે છે. ભારતીય અધિકારીઓનો આક્ષેપ છે કે ફોક્સવેગન કંપનીએ 'લગભગ સંપૂર્ણ કાર' જુદા-જુદા ભાગોમાં આયાત કરીને ટેક્સ બચાવવાનો પ્રયાસ કર્યો છે. ફોક્સવેગન ઈન્ડિયાએ કોર્ટમાં દાવો કર્યો છે કે તેમણે ભારત સરકારને ૨૦૧૧માં પોતાની 'પાર્ટ-બાય-પાર્ટ' આયાત નીતિની જાણકારી આપી હતી અને સરકાર પાસેથી આ બાબતને લઈને સ્પષ્ટતા પણ લીધી હતી. આ સાથે ફોક્સવેગનનું કહેવું છે કે, આ ટેક્સ નોટિસ સરકારની જૂની નીતિની વિરુદ્ધ જાય છે અને વિદેશી રોકાણકારોના ભરોસાને કમજોર કરે છે ? સરકાર શું કહી રહી છે? જોકે, આ બાબતને લઈને ભારતના નાણાં મંત્રાલય કે કસ્ટમ વિભાગના અધિકારીઓ દ્વારા કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી.

### પ્રદર્શનકારીઓએ લોસ એન્જલસનો મુખ્ય ફ્રીવે બ્લોક કર્યો

## ડોનાલ્ડ ટ્રમ્પના ગેરકાયદે ઈમિગ્રન્ટ્સના 'દેશનિકાલ અભિયાન'નો ઉગ્ર વિરોધ

।(એજન્સી) લોસએન્જેલસ, તા.૪।

રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વિશેષ અભિયાન 'સામૂહિક દેશનિકાલ'નો અમેરિકામાં ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે. હજારો પ્રદર્શનકારીઓએ દક્ષિણ કેલિફોર્નિયામાં કૂચ કરી હતી જેમાં ડાઉનટાઉન લોસ એન્જલસનો પણ સમાવેશ થાય છે જ્યાં પ્રદર્શનકારીઓએ કેટલાક કલાકો સુધી મુખ્ય ફ્રીવેને અવરોધિત કર્યો હતો. તેમણે ઈમિગ્રેશન સુધારાની હાકલ કરતા "કોઈ પણ ગેરકાયદેસર નથી" જેવા નારા લખેલા બેનરો હાથમાં રાખીને વિરોધ નોંધાવ્યો હતો.બપોર સુધીમાં વિરોધીઓએ US101ની બધી લેન બ્લોક કરી દીધી હતી, જેના કારણે બંને તરફના રસ્તાઓ પર ભારે ટ્રાફિકજામ સર્જાયો હતો. એટલું જ નહીં, પ્રદર્શનકારીઓ લેનમાં બેસી ગયા હતા. એક સ્થાનિક અધિકારીએ જણાવ્યું કે, ફ્રીવેને સંપૂર્ણપણે ફરીથી ખોલવામાં પાંચ કલાકથી વધુ સમય લાગ્યો હતો. જો કે, વિરોધમાં કોઈની ધરપકડ કરવામાં આવી હોવાના અહેવાલ નથી.પૂર્વમાં રિવરસાઈડ શહેરમાં સેંકડો લોકોએ વિરોધ પ્રદર્શન કર્યું. રિપોર્ટ અનુસાર પસાર થતા વાહનચાલકોએ ધ્વજ લહેરાવતા પ્રદર્શનકારીઓના સમર્થનમાં હોર્ન વગાડ્યા અને બૂમો પાડી હતી. સાન ડિએગોમાંના કન્વેન્શન સેન્ટર પાસે પણ સેંકડો લોકોએ રેલી કાઢીને વિરોધ કર્યો હતો.

### L&Tના વડાના સપ્તાહના ૯૦ કલાક કામ કરવાના સૂચનોથી વિવાદ થયો હતો

## કામના કલાકો વધારીને ૭૦ કે ૯૦ કરવાની કોઈ દરખાસ્ત નથી : સરકાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

અઠવાડિયામાં ૭૦ કલાક કામ કરવું કે ૯૦ કલાક કામ કરવું તે અંગે નિષ્ણાતો દ્વારા આપવામાં આવેલી સલાહ લાંબા સમય સુધી ચર્ચાનો વિષય રહી, પરંતુ આજે સ્પષ્ટ થઈ ગયું કે, આવા સૂચનોને લઈને સરકાર પોતે શું વિચારે છે? સરકારે સંસદમાં આ ચર્ચા પર પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતા જણાવ્યું કે, તે અઠવાડિયામાં મહત્તમ કામકાજના કલાકો ૭૦ કે ૯૦ કલાક સુધી વધારવાના કોઈ પ્રસ્તાવ પર વિચાર કરી રહી નથી. તાજેતરમાં કેટલાક કોર્પોરેટ નેતાઓએ અઠવાડિયામાં મહત્તમ કામકાજના કલાકો ૭૦ અને ૯૦ કલાક સુધી વધારવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. ઉલ્લેખનીય છે કે, ઈન્ફોસિસના નારાયણમૂર્તિ ઉપરાંત એલએન્ડટીના ચેરમેન સુબ્રમણિયને તાજેતરમાં જ કર્મચારીઓને સપ્તાહમાં ૭૦થી વધુ કલાક કામ કરવાનું સૂચન કરતાં દેશભરમાં વિવાદ છેડાયો હતો. શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી શોભા કરંદલાજેએ લોકસભામાં એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, અઠવાડિયામાં મહત્તમ કામના કલાકો ૭૦ કે ૯૦ કલાક સુધી વધારવાનો કોઈ પ્રસ્તાવ સરકારના વિચારણા હેઠળ નથી. શ્રમ કાયદાઓનો અમલ રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકાર દ્વારા તેમના સંબંધિત અધિકારક્ષેત્રોમાં કરવામાં આવે છે. ભારતમાં હાલના શ્રમ કાયદાઓ જણાવે છે કે, કામ કરવાની પરિસ્થિતિઓ, કામના કલાકો અને ઓવરટાઈમ ફેક્ટરી એક્ટ, ૧૯૪૮ અને અનેક રાજ્ય સરકારોના દુકાનો અને સ્થાપના કાયદા દ્વારા નક્કી કરવામાં આવે છે. મોટાભાગની કોર્પોરેટ સેક્ટર અને ખાનગી કંપનીઓ આ કાયદા હેઠળ આવે છે. ૭૦-૯૦ કલાકના કાર્ય સપ્તાહ અંગેના ડિસ્ક્લોઝર વિશે શુક્રવારે પ્રી-બજેટ આર્થિક સર્વેમાં અભ્યાસોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

## ડીજીટલ વેલ બીઇંગ ઇન્ડેક્ષમાં ભારત ટોચના ક્રમે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

આગામી ૧૧ ફબ્રઆરીના રોજ આવી રહેલાં 'સેફર ઈન્ટરનેટ ડે' પહેલાં સ્નેપચેટ દ્વારા ડીજીટલ વેલ બીઈંગ ઈન્ડેક્ષ જાહેર કરાયો હતો જેમાં ભારત સહિત વિશ્વના છે દેશોના ઝેન-ઝેડ (આધુનિક યુવાન પેઢી)ના ઉભરી રહેલાં ઓનલાઈન અનુભવ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઈન્ડેક્ષના સર્વે બાદ વ્યક્ત કરાયેલાં તારણમાં એવો સંકેત કરાયો હતો કે ભારતના યુવાનોએ ખુબ મજબૂત રીતે ડીજીટલ વેલ બીઈંગને જાળવી રાખ્યું છે. તેમ છતાં દેશમાં હજુ પણ ઓનલાઈન જોખમના પડકારો યથાવત રહેવા પામ્યા છે.ભારત, ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ, જર્મની, યુકે અને યુએસ જેવા છ દેશોના ૯૦૦૦ જેટલા લોકોના કરાયેલા સર્વેમાં ૧૩ થી ૧૭ વર્ષની વયના ટીનએજર, ૧૮ થી ૨૪ વર્ષના યુવાનો, ૧૩ થી ૧૯ વર્ષની વયના ટીનએજરના માતા-પિતા સહિત ઝેન ઝેડની કેટેગરીમાં આવતા યુવાનોના ડીજીટલ વેલ બીઈંગની સમીક્ષા કરવામાં આવી હતી.

### ડિપ્રેશનને કારણે ગળાફાંસો ખાઇને આપઘાત કર્યો: પોલીસ

## કોલકાતાની આરજી કર કોલેજમાં જૂનિયર મહિલા તબીબનું મોત

### મૃતક વિદ્યાર્થિનીની માતા ઈએસઆઈ ડોક્ટર છે, એવામાં એ પોતાની માતાની સાથે રહેતી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજની એક ૨૦ વર્ષીય એમબીબીએસની વિદ્યાર્થિનીનો મૃતદેહ પોતાના રૂમમાંથી મળી આવ્યો છે. મૃતક વિદ્યાર્થિનીની માતા ઈએસઆઈ ડોક્ટર છે. એવામાં એ પોતાની માતાની સાથે રહેતી હતી. ઘટનાસ્થળ પર સૌથી પહેલી વિદ્યાર્થિનીની માતા પહોંચી હતી. ત્યાર પછી તેમણે મદદ માટે પડોશીઓને બોલાવ્યા હતા. પોલીસ સૂત્રોના કહેવા મુજબ ડિપ્રેશનમાં હોવાથી યુવતીએ આપઘાત કર્યો હોઈ શકે છે. પરંતુ આપઘાતનું સાચું કારણ તપાસ પછી જ બહાર આવશે. મીડિયા રિપોર્ટ પ્રમાણે, ઘટનાની રાત્રે વિદ્યાર્થિની પોતાના રૂમમાં હતી. માતાએ પુત્રીને બોલાવવા માટે કેટલીયે વાર દરવાજો ખટખટાવ્યો પરંતુ અંદરથી કોઈ જવાબ સાંપડ્યો નહીં. એવામાં માતાએ ધક્કો મારીને દરવાજો ખોલ્યો તો પોતાની પુત્રી અંદર ગળાફાંસો ખાઈને લટકી રહી હતી. માતાએ પડોશીઓને મદદ માટે બૂમ પાડી, પછી પડોશીઓ આવ્યા અને પુત્રીને નીચે ઉતારીને નજીકની ઈએસઆઈ હોસ્પિટલમાં લઈ ગયા, જ્યાં તબીબીઓ એમબીબીએસની વિદ્યાર્થિનીને મૃત જાહેર કરી હતી.

## વિશેષ

### ઇન્ડો-અમેરિકન વર્કશોપ ફોર સ્પાઇન સર્જરી ઇન સરકારી સ્પાઇન હોસ્પિટલ !!!

## સિવિલ મેડિસીટીની સરકારી સ્પાઇન ઇન્સ્ટીટ્યુટ દ્વારા અમેરિકી તબીબોના સહયોગથી બે દિવસીય વર્કશોપનું આયોજન કરાયું







। (માહિતી) અમદાવાદ ।

અમદાવાદ સિવિલ મેડિસીટીમાં આવેલી સરકારી સ્પાઈન ઈન્સિટ્યુટ દ્વારા સ્પાઈનની અત્યંત જટીલ સર્જરી માટે અમેરિકી તબીબોના સહયોગથી બે દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતુ.

ગત્ મહિને તા.૯ અને ૧૦ જાન્યુઆરીએ યોજાયેલ આ વર્કશોપમાં સ્પાઇન ડીફોર્મીટી કરેક્શન એટલે કે કરોડરજ્જુમાં ઉદ્ભવેલ ખામીને દૂર કરવા માટે આ વર્કશોપ હતું.

જેમાં અમેરિકાની સિનસિનાટી ચિલ્ડ્રન હોસ્પિટલના નિષ્ણાંત પીડિયાટ્રિક સ્પાઈન સર્જન ડૉ.વિરલ જૈન, ડૉ. હર્ષ પટેલ અને તેમની તજજ્ઞોની ટીમ તેમજ સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર અને નિષ્ણાંત સ્પાઈન સર્જન ડૉ.પિયુષ મિત્તલ,ડૉ પ્રેરક યાદવ,ડૉ.રીમા વણસોલા અને તેમની ટીમ દ્વારા સર્જરી હાથ ધરાઈ હતી.

મધ્યપ્રદેશ અને ગુજરાતના બે દર્દીઓમાં રહેલી **Scoliosis** (ખૂંધ) ડિફોર્મિટીની કરેક્શન કરવા માટે પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય સહયોગ કરી સફળ સર્જીકલ કેમ્પનું આયોજન કરાયું હતુ.

અત્યંત જટીલ કહી શકાય તેવી આ સર્જરી કરીને બંને બાળાઓને પીડામુક્ત કરવામાં આવી છે. આ સર્જરીમાં અત્યંત આધુનિક ગણાતા સાધનો જેવા કે ન્યુરોટ્રંસ્મિટર મોનિટર અને **Scoliosis** ના ખુબજ કિંમતી એવા ઈમ્પ્લાંટસ પણ અમેરિકાની ટીમ દ્વારા સંપૂર્ણપણે વિનામૂલ્યે ઉપયોગમાં લેવામાં આવ્યા હતા. આ પ્રકારની સર્જરી ની કિંમત ખાનગી હોસ્પિટલ મા ૬ થી ૮ લાખ રૂપિયા થાય છે. જે સરકારી સ્પાઈન ઈન્સ્ટિટ્યુટમાં સંપૂર્ણપણે વિનામૂલ્યે કરાઇ.

આ સફળ ઉપક્રમથી પ્રેરાઈને હવેથી દર વર્ષે આ પ્રકારનું જોડાણ ચાલુ રાખવાના કરાર પણ કરવામાં આવેલ છે. આમ સરકારી સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટએ પ્રકારના જોડાણ થકી રાજ્યમાં મેડિકલ ટુરીઝમને પણ પ્રોત્સાહન મળશે અને આવા પ્રકારના દર્દિઓને વિના મુલ્યે સારવાર મળી રહેશે. અત્રે નોંધનીય છે કે, સરકારી સ્પાઈન ઈન્સિટ્યુટ દ્વારા સ્કોલિયોશીશ જેવી અત્યંત જટીલ કહી શકાય એવી કુલ ૧૫ જેટલી સર્જરી છેલ્લા એક વર્ષમાં સફળતાપૂર્વક પૂર્ણ કરાઇ છે.

**આ સર્જરી જટીલ કેમ ?**

સ્કોલિયોસીશ સર્જરી દરમિયાન કરોડરજ્જુ અને નર્વસ સિસ્ટમને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તેની સાવચેતી રાખીને આ પ્રકારની ખુંધ સાજી કરવાની સર્જરી કરવામાં આવતી હોય છે. જેમાં ન્યુરોમોનીટરીંગની પણ સતત જરૂર પડે છે.

સ્કોલિયોસીશની એક સર્જરી પૂર્ણ થતા અંદાજીત ૫ થી ૬ કલાકનો સમય લાગે છે. આ સર્જરી દરમિયાન અન્ય નસોને પણ નુકશાન થવાનું રીસ્ક રહેલું હોય છે. માટે આ તમામ પરિબળોને ધ્યાનમાં રાખીને આ પ્રકારની સ્કોલિયોસીશ સર્જરી કરવામાં આવે છે જે ખુબ જ જટીલ અને પડકારજનક છે.

### SCના નિવૃત્ત જજની અધ્યક્ષતામાં કમિટીની જાહેરાત

# ગુજરાતમાં UCC લાગુ થતા જ બદલી જશે લગ્નના નિયમો

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા એટલે કે યુનિફોર્મ સિવિલ કોડ (UCC)ને લઈને રાજ્ય સરકાર દ્વારા મહત્ત્વની જાહેરાત કરાઈ છે. આજે (ચોથી ફેબ્રુઆરી) પત્રકાર પરિષદને સંબોધિત કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું, કે 'ભારતીયતા આપણો ધર્મ છે અને ભારતનું બંધારણ નાગરિક ધર્મ નિભાવવા માટે સૌથીનું પથદર્શન કરતું આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સૌને સમાન હક મળે તે માટે યુનિફોર્મ સિવિલ કોડનો નિર્ણય લીધો. ગુજરાત સરકાર રાજ્યમાં વસતા તમામ નાગરિકોને સમાન હક મળે તે માટે આગળ વધી રહી છે. ત્યારે યુનિફોર્મ સિવિલ કોડ અંગે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જસ્ટિસ રંજના દેસાઈની અધ્યક્ષતામાં એક કમિટીની રચના કરવાનો નિર્ણય કર્યો છે. 'મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વધુમાં જણાવ્યું કે, 'ગુજરાતમાં સમાન નાગરિક સંહિતાની જરૂરિયાત સ્વીકારવા માટે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જસ્ટિસ રંજના દેસાઈની આગેવાનીમાં હેઠળ પાંચ સભ્યની કમિટીની રચના કરી છે. આ કમિટીમાં વરિષ્ઠ નિવૃત IAS અધિકારી સી.એલ. મીણા, એડવોકેટ આર.સી. કોડેકર, પૂર્વ વાઈસ ચાન્સેલર દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર ગીતાબેન શ્રોફ પણ સભ્ય છે. આ કમિટી ૪૫ દિવસમાં એક રિપોર્ટ રજૂ કરશે, તેની સમીક્ષા કર્યા પછી રાજ્ય સરકાર આગળ નિર્ણય કરશે.'

પત્રકાર પરિષદમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, '૪૫ દિવસમાં કમિટી દ્વારા જે રિપોર્ટ આવશે, તેનો રિવ્યૂ કરાશે. આ રિવ્યૂ બાદ સરકાર યોગ્ય નિર્ણય લેશે. કોઈ જ્ઞાતિ-જાતિને નુકસાન ન થાય તેનું ખાસ ધ્યાન રખાશે. ખાસ કરીને આદિવાસી સમાજને કોઈ નુકસાન ન થાય તેનું પણ ખાસ ધ્યાન રખાશે. આ કાયદો કોઈ એક સમાજ માટે નથી લાવવામાં આવી રહ્યો, તમામ નાગરિકો માટે સમાન કાયદા રહે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.'

કેન્દ્ર સરકાર દ્વારા યુનિફોર્મ સિવિલ કોડ દેશભરમાં લાગુ કરવાની પહેલ કરાઈ છે. આ કાયદામાં દેશના તમામ ધર્મો અને સમુદાયો માટે સમાન અને એક સરખા કાયદા બનાવવાની હિમાયત કરાઈ છે. વિવિધ ધર્મના આધારે હાલના વિવિધ કાયદા એક રીતે બિનઅસરકારક બની જાય છે. જો સરળ ભાષામાં કહેવામાં આવે તો આ કાયદાનો અર્થ એ છે કે દેશમાં તમામ ધર્મો અને સમુદાયો માટે કાયદો સમાન હશે, જે સંસદ દ્વારા નક્કી કરાશે. બંધારણની કલમ ૪૪ હેઠળ યુનિફોર્મ સિવિલ કોડ આવે છે.

# ગુજરાત પોલીસના એન્કાઉન્ટર સ્પેશ્યાલિસ્ટ IPS અભય ચુડાસમાએ આપ્યું રાજીનામું

### અગાઉ જુનાગઢના એસપી હર્ષદ મહેતાએ પણ સ્વેચ્છાએ રાજીનામું આપ્યું હતું, જેને સરકારે સ્વીકાર્યું હતું

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

ગુજરાત પોલીસમાં પોતાની અલગ છાપ ધરાવતા ૧૯૯૮ની બેચના IPS અધિકારી અભય ચુડાસમાએ સ્વેચ્છાએ રાજીનામું આપી દીધું છે. જોકે, રાજ્ય સરકારે હજુ સુધી રાજીનામું સ્વીકાર્યું નથી.

અહેવાલ અનુસાર તેમણે ૩ જાન્યુઆરીના રોજ સવારે ૧૦ વાગ્યે રાજ્ય પોલીસ વડાને પોતાનું રાજીનામું સુપરત કર્યું હતું. તેઓ હાલમાં ગુજરાત પોલીસમાં એડિશનલ ડીજીપી તરીકે કાર્યરત છે. નિવૃત્તિના થોડા મહિના પહેલા જ તેમણે રાજીનામું કેમ આપ્યું અને શા માટે તેમણે આવું કર્યું તેની ઘણી ચર્ચા થઈ રહી છે. અભય ચુડાસમા એક્રાઉન્ટર સ્પેશિયાલિસ્ટ તરીકે પણ જાણીતા છે. તેઓ ગુજરાત પોલીસના ઘણા મહત્વપૂર્ણ કેસ સાથે સંકળાયેલા હતા. અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસ હોય કે અન્ય મહત્વપૂર્ણ કેસ, તેમણે તેને ઉકેલવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. મહત્વનું છે કે અભય ચુડાસમા ઓક્ટોબરમાં જ નિવૃત્ત થવાના હતા પરંતુ, કોઈ કારણોસર તેમણે નિવૃત્તિના સાત મહિના પહેલા



સ્વેચ્છાએ રાજીનામું ધરી દેતા અનેક અટકળો પર પૂર્ણવિરામ મૂકી દેવાયું છે. અગાઉ જુનાગઢના એસપી હર્ષદ મહેતાએ પણ સ્વેચ્છાએ રાજીનામું આપ્યું હતું, જેને સરકારે સ્વીકાર્યું હતું.

## ઝાલોદ નગરપાલિકાની ચૂંટણીમાં ૨૧ ફોર્મ ખેંચાતા ૧૦૮ ઉમેદવારો ચૂંટણી લડશે

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૪ ।

ઝાલોદ નગરપાલિકાની ચૂંટણી ૧૬ ફેબ્રુઆરીએ યોજાનાર છે તે માટે સાત વોર્ડ માટે ૨૮ બેઠક માટે ૧૬૨ ઉમેદવારો દ્વારા ફોર્મ ભરવામાં આવ્યું હતું. ફોર્મ ચકાસણીમા ૩૩ ઉમેદવારોના ફોર્મ ચૂંટણી અધિકારી એ.કે.ભાટીયા દ્વારા અમાન્ય કરવામાં આવ્યા હતા જેથી ૧૨૯ ઉમેદવારો રહેતા આજે ૦૪-૦૨-૩૦૨૫ મંગળવારના રોજ ફોર્મ ખેંચવાની છેલ્લી તારીખ હોવાથી ૨૧ ઉમેદવારો એ ફોર્મ પરત ખેંચ્યું હતું જેથી હવે કુલ સાત વોર્ડ માટે ૧૦૮ ઉમેદવારો ચૂંટણી જંગ લડનાર છે. વોર્ડ નંબર ૧ માંથી ૨૫ ઉમેદવારો પૈકી ૭ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચતા ૧૮, વોર્ડ ૨ માં ૨૩ માંથી ૬ ખેંચતા ૧૭, વોર્ડ ૩ માં ૧૭ માંથી ૩ ખેંચતા ૧૪, વોર્ડ ૪ માં ૧૬ માંથી ૧ પરત ખેંચતા ૧૫, વોર્ડ ૫ માં ૧૫, વોર્ડ ૬ માં ૨૭ માંથી ૪ ખેંચાતા ૨૩ તેમજ વોર્ડ ૭ માં ૬ ઉમેદવારો ચૂંટણી જંગ લડવાના છે. ચૂંટણી અધિકારી દ્વારા અપક્ષ ઉમેદવારોને વોર્ડ પ્રમાણે અલગ અલગ બોલાવી ચૂંટણીનું પ્રતિક ફાળવણી કરવામાં આવનાર છે.

### ગુજરાતના તરવૈયાએ ઈતિહાસ રચી દીધો

# નેશનલ ગેમ્સમાં ૭ મેડલ જીતી આખા દેશમાં વટ પાડી દીધો

### ગુજરાતમાંથી આવું કરનારો આ પહેલો યુવાન છે જેણે આ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

ગુજરાતના ઉભરતા સ્વિમર આર્યન નેહરાએ સમગ્ર દેશમાં ગુજરાતનો ડંકો વગાડી દીધો છે. નેશનલ ગેમ્સમાં આર્યન નેહરાએ ઈતિહાસ રચી દીધો છે. ગુજરાતના આ તરવૈયાએ નેશનલ ગેમમાં એક સાથે ૭ મેડલ જીતીને ઈતિહાસ રચી દીધો છે. ગુજરાતમાંથી આવું કરનારો આ પહેલો યુવાન છે. જેણે આ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય.

ગુજરાત માટે શાનદાર પ્રદર્શન કરનારા આર્યન નેહરા ગુજરાતના સિનિયર આઈએએસ અધિકારી વિજય નેહરાના પુત્ર છે. અહીં ઉલ્લેખનિય છે કે વિજય નેહરા ૨૦૦૧ બેચના આઈએએસ અધિકારી છે. નેહરા મૂળ રાજસ્થાનના વતની છે.

ગુજરાતના બાહોશ અધિકારી વિજય નહેરાનું નામ હંમેશા તેમની કામગીરીના કારણે મોખરે રહ્યું છે. વિજય નહેરાની ઓળખ તેમની કામગીરી કરવાની પોતાની આગવી ઢબ અને શૈલીના



કારણે અન્ય અધિકારીઓ કરતા હંમેશા અલગ તરી આવી છે. ત્યારે, તેમના પુત્ર આર્યન નહેરા પણ પિતાના પગલે ચાલી પ્રગતિ કરી રહ્યો છે. પિતાની જેમ આર્યન નહેરાએ સ્વિમિંગ કોમ્પિટિશનમાં ન માત્ર પોતાનું પણ ગુજરાત અને સમગ્ર દેશનું નામ રોશન કર્યું છે.

## વડોદરાથી વોલ્વો બસ પ્રયાગરાજ માટે આજથી શરૂ

### એસટી વિભાગની વોલ્વો બસમાં ૩૯ મુસાફરો આજે વહેલી સવારે પ્રસ્થાન થયા છે આ તમામ ભાવિક ભક્તો ચોથા દિવસે વડોદરા પરત આવશે

। (એજન્સી) વડોદરા, તા.૪ ।

પ્રયાગરાજ ખાતે ૧૪૪ વર્ષ બાદ આવેલા મહાકુંભનો લાભ લેવા વડોદરાથી એસટી વિભાગની વોલ્વો બસમાં ૩૯ મુસાફરો આજે વહેલી સવારે પ્રસ્થાન થયા છે. આ તમામ ભાવિક ભક્તો ચોથા દિવસે વડોદરા પરત આવશે. જોકે રાજ્યમાંથી તમામ ભાવિક ભક્તોને પ્રયાગરાજના કુંભમેળાનો લાભ મળે એ અંગે મુખ્યમંત્રી ભુપેન્દ્રપટેલે સતત પ્રયત્નો કર્યા હતા. સૌ પ્રથમ અમદાવાદ, સુરત બાદ વડોદરા ખાતે પણ પ્રયાગરાજ જવાની ભક્તો માટે વ્યવસ્થા કરી છે. આજે વહેલી સવારે એસટીની વોલ્વો બસ દ્વારા ૩૯ ભક્તજનો રવાના થયા હતા. એસટી વિભાગની વોલ્વો બસ રોજ સવારે છ વાગ્યે વડોદરાના સેન્ટ્રલ એસટી ડેપો એથી ઉપડશે. પ્રયાગરાજ પહોંચતા સુધીમાં એક રાત શિવપુરી ખાતે રોકાણ કરાશે અને ત્યાંથી પ્રયાગરાજ કુંભ સ્નાન બાદ ચોથા દિવસે વોલ્વો બસ ભક્તજનોને લઈને પરત વડોદરા આવશે. આ અંગેની રહેવા ખાવા પીવા જમવાની તમામ સગવડ એસ.ટી વિભાગ દ્વારા પૂરી પાડવામાં આવશે. રાજ્યની ધર્મપ્રેમી જનતાને કુંભ સ્નાનનો લાભ મળે એ અંગે એસટી વિભાગ દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે. 'હર હર મહાદેવ'ના નાદ સાથે આજે વહેલી સવારે વોલ્વો બસ ૩૯ ભક્તજનો સાથે પ્રયાગરાજ જવા પ્રસ્થાન થઈ હતી.

### ખુશીનો માહોલ માતમમાં ફેરવાયો

# ચેકડેમમાં મૂર્તિ વિસર્જન દરમિયાન બે યુવાન ડૂબ્યા

### ગુંદાસરામાં સુપ્રીમ કાસ્ટ નામની ફેક્ટરીમાં વસંત પંચમીની નિમિત્તે મૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી

। (એજન્સી) ગોંડલ, તા.૪૪ ।

ગોંડલ તાલુકાના ગુંદાસરા ગામે વસંત પંચમીની ઉજવણી માતમમાં ફેરવાઈ ગઈ હતી. ગોંડલ તાલુકાના ગુંદાસરા ગામે સરસ્વતી માતાની મુર્તિના વિસર્જન દરમિયાન ચેકડેમમાં બે પરપ્રાંતિય શ્રમિકો ડુબી ગયાં હતા જેનાં લીધે તેમનું મૃત્યુ થતાં ખુશીનો માહોલ હતો તે આ ઘટના બાદ માતમમાં ફેરવાઈ ગયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોંડલના ગુંદાસરામાં સુપ્રીમ કાસ્ટ નામની ફેક્ટરીમાં વસંત પંચમીની નિમિત્તે મૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી. ત્યારબાદ સોમવારે વસંત પંચમીના કરવાનું હોવાથી ૧૦ થી ૧૫ લોકો ઢોલના તાલે નાચતાં ગાતાં મૂર્તિના વિસર્જન માટે નજીકના ચેકડેમમાં પહોંચ્યા હતા. આ દરમિયાન અમનકુમાર ગૌતમ રાય તથા કુમાર ગૌરવ સુભાષ માલાહર પાણીમાં આગળ જતાં ડૂબવા લાગ્યા હતા. તેમને ડૂબતાં જોઈને લોકોએ તેમને બચાવવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ નિષ્ફળ ગયાં હતા બન્નેનો બચાવ થાય તે પહેલા ઉંડા પાણીમાં તેઓ ગરકાવ થઈ જતા બન્નેના મોત નિપજ્યા હતા.

ઘટનાથી વિસર્જન માટે આવેલા લોકો અવાચક થઈ ગયા હતા. બનાવની જાણ થતા ફેકટરીના માલીક અને ગામલોકો ઘટનાસ્થળે દોડી ગયા હતા અને તે પછી તેમણે ગોંડલ ફાયર બ્રિગેડ તથા પોલીસને જાણ કરી હતી. ત્યારબાદ ગુંદાસરા પહોંચેલી ફાયર ટીમે ચેકડેમમાંથી બન્ને યુવાનોના મૃતદેહ બહાર કાઢી હોસ્પિટલ ખસેડ્યા હતા. મૃતક યુવાનો પૈકી અમન કુમાર અપરણીત હતો. જ્યારે કુમાર ગૌરવ પરણિત હતો.સંતાનમાં ૬ માસનો દિકરો હોવાનું જાણવા મળેલ છે. બનાવ અંગે તાલુકા PSI સોલંકીએ તપાસ હાથ ધરી છે.

### મુખ્યમંત્રીએ પાઠવી શ્રદ્ધાંજલિ

# કડીના ધારાસભ્ય કરશનભાઈ સોલંકીનું લાંબી બીમારી બાદ નિધન

। (એજન્સી) કડી, તા.૪ ।

મહેસાણાના કડીના ભારતીય જનતા પાર્ટીના MLA કરશનભાઈ સોલંકીનું લાંબી બીમારી બાદ અવસાન થયું છે અને આજે સવારે ૧૧ વાગ્યે તેમના નિવાસ સ્થાને તેઓની અંતિમ યાત્રા નીકળશે. સવારે ૧૦.૩૦ વાગ્યા સુધી તેમના અંતિમ દર્શન કરી શકાશે. અમદાવાદ ખાતે સિવિલમાં તેમની બ્લડ કેન્સરની સારવાર ચાલી રહી હતી. દરમિયાન મોડી રાત્રે અઢી વાગ્યે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. તેઓ વર્ષ ૨૦૧૭ અને ૨૦૨૨માં ભાજપની ટિકિટ પર ચૂંટણી જીત્યા હતા.

મહત્વનું છે કે, કરશનભાઈ પોતાના સરળ અને સૌમ્ય સ્વભાવના કારણે સમગ્ર વિસ્તારમાં જાણીતા હતા. તેઓ ઘણીવાર સરકારી બસમાં મુસાફરી કરતાં તો લોકોમાં ચર્ચાનો વિષય બની જતો હતો. ઘણી વખત તેમને મોંઘીદાટ ગાડીઓની ઑફર પણ આવી હતી જે તેમણે સ્વીકારી નહીં. તેમના સાદગીભર્યા જીવનના કારણે તેમને લોકચાહના મળી હતી. MLA કરસનભાઈ સોલંકી એક પ્રામાણિક નેતા હતા અને સરળ વ્યક્તિત્વ ધરાવતા હતા. કરશનભાઈ સોલંકી BJPમાંથી વર્ષ ૨૦૧૭ અને વર્ષ ૨૦૨૨માં ચૂંટણીમાં જીત મેળવી હતી. કરશનભાઈ સોલંકી તેમના સરળ સ્વભાવના કારણે પરિવાર અને પક્ષમાં લોકપ્રિય હતા. ભાજપમાંથી ચૂંટણી જીત્યા છતાં પણ કોઈપણ પ્રકારની વિશેષ સુવિધા ના મેળવતા તેઓ ધારાસભ્ય હોવા છતાં પણ કરશનભાઈ સોલંકી ST બસનો ઉપયોગ કરતા હતા. આજે કેન્સર દિવસ છે ત્યારે વધુ એક દર્દી આ ગંભીર બીમારીના ભોગ બન્યા હતા. કરસનભાઈ સોલંકી પણ કેન્સર બીમારીથી પીડિત હતા. અમદાવાદ સિવિલમાં બ્લડ કેન્સરની બીમારીની સારવાર ચાલતી હતી દરમ્યાન ગઈકાલે રાત્રે સારવાર દરમ્યાન કરશનભાઈ સોલંકીનું અવસાન થયું. MLA કરશનભાઈ સોલંકીનું ગંભીર બીમારીને પગલે નિધન થતાં પરિવારમાં શોકનો માહોલ છવાયો હતા.

## દેવગઢ બારીઆ નગર પાલિકા ચૂંટણીમા ભાજપા પાયાના કાર્યકરની ટીકીટ કપાતા રોષ

### ગુજરાત ભાજપાનું સંગઠન મોટું કે મંત્રી બચુભાઈ ખાબડ

(પ્રતિનિધી)

। દેવગઢ બારીઆ, તા.૪ ।

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ ભાજપામાં વર્ષોથી કાર્યકર તરીકે કામ કરતા અને શહેર જીલ્લાના વિવિધ સંગઠનમાં જવાબદારી નિભાવી ચૂકેલા નિમેષભાઈ જોશીનું ભાજપા પ્રદેશ કમિટી દ્વારા નગર પાલિકાની ચૂંટણીમાં ઉમેદવારી કરવા માટે નામ જાહેર કરવામાં આવેલ જેમાં રાજ્યના મંત્રી બચુભાઈ ખાબડ દ્વારા વિરોધ છે મારો આનો એમ પ્રદેશ જીલ્લામાં દબાણ કરી નિમેષભાઈ જોશીની ટીકીટ કપાવી પોતાના ધંધાકીય સબંધો ધરાવતા અને ભાજપાના પરિવાર વાદની પ્રણાલીને નેવે મૂકી જિલ્લા અને પ્રદેશ સંગઠન ઉપર દબાણ લાવી નિમેષ ભાઈ જોશીની ટિકિટ કપાવી તેમની જગ્યા પર પોતા ધંધાકીય ભાગીદારના પુત્ર વિશાલ બાલવાણીને ટીકીટ અપાવી તથા વોર્ડ નંબર ચારમાં વિશાલ બાલવાણી તો લડે છે સાથે વોર્ડ નંબર પાંચમાં પણ વિશાલ બાલવાણી ના કાકી તારાબેન મહેશભાઈ બાલ વાણીને પણ ટીકીટ આપવામાં આવી છે તેનાથી સ્પષ્ટ થાય છે કે માત્ર પોતા ના મળતીયાઓ ને જ એક પરિવાર મા બે ટીકીટ આપી ને પોતાની મનમાની કરી એક હત્તું શાસન ચલાવી શકે બાકી કાર્યકર હોય કે કોઈ પણ હોય તેનાથી મંત્રીને કોઈ મતલબ નથી માત્ર ભ્રષ્ટાચાર કરી સરકારની તિજોરી ખાલી કરી ભાજપના સંગઠનના કાર્યકરો કોઈ પણ પ્રકારે આગળ ના આવે તેવી કૂ નીતિ અને ખરાબ વિચારધારા ધરાવતા મંત્રીને મંત્રી પદ પરથી દુર કરવા જોઈએ તેવા આક્ષેપો સાથે મીડિયામાં નીમેષભાઈ જોશીએ રોષ ઠાલવ્યો.

### PM મોદીનું વિઝન છે કે તમામ લોકોને સમાન હક મળે

# UCC મુદ્દે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કમિટીની કરી રચના

। (એજન્સી) ગાંધીનગર, તા.૪ ।

ગુજરાતના મુખ્યમંત્રી અને ગૃહ રાજ્યમંત્રી આજે મોટી જાહેરાત કરી છે. PM મોદીનું વિઝન છે કે તમામ લોકોને સમાન હક મળે, તેને સાકાર કરવાનો છે. સુપ્રિમ કોર્ટના નિવૃત ન્યાયાધીશ રંજના દેસાઈની અધ્યક્ષતામાં કમિટીની રચના કરાશે. ૫ સભ્યોની કમિટીની રચના કરાશે. કમિટી આ રિપોર્ટ ૪૫ દિવસમાં રાજ્ય સરકારને સુપરત કરશે. સમાન નાગરિક સંહિતા લાગૂ કરનાર ઉત્તરાખંડ બાદ ગુજરાત બીજું રાજ્ય બનશે. સરકારે કહ્યું કે આ કોઈ એક સમાજ માટે કાયદો નથી.

આ કમિટીમાં સામાજીક કાર્યકર ગીતા શ્રોફ, નિવૃત આઈએએસ સી.એલ. મીના, પૂર્વ વાઈસ ચાન્સેલર દક્ષેશ ઠાકર, એડવોકેટ આર સી કોડેકરનો કમિટીમાં સમાવેશ કરાયો છે. આજ બપોરે પત્રકાર પરિષદમાં મુખ્યમંત્રી અને ગૃહમંત્રીએ UCC મુદ્દે મોટી જાહેરાત કરે તેવી શક્યતા છે. યુનિફોર્મ સિવિલ કોડ મુદ્દે કમિટીની જાહેરાતની શક્યતા વર્તાઈ રહી છે. નાગરિકોના સૂચન મેળવવા કમિટીની જાહેરાતની સંભાવના છે. ૨૦૨૨માં કમિટી બનાવવાની જાહેરાત કરાઈ હતી. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે ભાજપ જે વચન આપે છે તે પૂર્ણ પણ કરે છે. કોઈ જ્ઞાતિ-જાતિને નુકસાન ન થાય તેનું ધ્યાન રખાશે. તેમણે જણાવ્યું કે અનુકૂળ સમયે વિધાનસભામાં બિલ લાવવામાં આવશે.

ઉત્તરાખંડમાં વિધાનસભામાં સમાન નાગરિક સંહિતા લાગુ થયા બાદ રાજસ્થાનમાં પણ તેને લાવવાની ચર્ચા થઈ રહી છે. રાજસ્થાન સરકારે ઉત્તરાખંડ સરકારને UCC લાગૂ કર્યાના અભિનંદન પણ પાઠવ્યા હતા. શક્યતા છે કે ગુજરાત સરકાર પણ સમાન નાગરિક સંહિતા લાગૂ કરે. સરકાર પૂર્વ ન્યાયધીશની અધ્યક્ષતામાં કમિટીની રચના કરશે તેવી શક્યતા છે.

